
કુમાર

તંત્રી · બચુભાઈ રાવત
માહે મે · ઇસ્વી સન ૧૯૬૨ · અંક પાંચમો

સંસ્થાપક · રવિશંકર રાવળ



રૂસણું
ફોટો · શરદ વ્યાસ

સળંગ ૪૬૧ મો અંક

જ્ઞાન સંસ્કાર ને ચારિત્ર્ય ઘડતરનું ગુજરાતનું અનન્ય માસિક

કુમાર

મે ૧૯૬૨ · અંક ૪૬૧

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૧૦; પરદેશમાં રૂ. ૧૪ અથવા શિ૦ ૨૧; છૂટક નકલ : રૂ. ૧·૨૫

વાચકો લખે છે

★તત્ત્વજ્ઞાન કહેવાય એવું સાહિત્ય આપણી ભાષામાં છે? જેને ખરેખર ફિલોસોફી, મેટાફિઝિક્સ કહેવાય એવું કશું ય મૌલિક કે અનુવાદિત સાહિત્ય ગુજરાતી ભાષામાં ગ્રંથસ્થ થયું હોય તો એમાં મને રસ છે.

એક મિત્ર સાથે આ વિષયમાં અવારનવાર ચર્ચા થતી રહે છે, પણ અંગ્રેજીમાં. તેમાં પારિભાષિક શબ્દોનો છૂટથી ઉપયોગ થતો રહે, પરિણામે મારા જેવા નવાસવાને ઘણી વાર ગૂંચવાવું પડે. અંગ્રેજી ભાષાજ્ઞાનની ઓછપ પણ નડયા કરે. મિત્રનું કહેવું છે કે અંગ્રેજી અથવા બીજી કોઈ મહાન વિશ્વભાષા (ફ્રેન્ચ કે જર્મન) જાણ્યા વગર 'ફિલોસોફીકલ સિસ્ટમ્સ'થી પરિચિત થવું અતિશય મુશ્કેલ છે.

આપણી ભાષામાં આ વિષયને લગતા સ્પષ્ટ રીતે અર્થો સૂચવી શકે એવા શબ્દોનું સર્જન હજુ ય પ્રયોગ દશામાં છે કે કંઈ પ્રગતિ થઈ છે? સાર્થ જોડણીકોશ સિવાય સહાયરૂપ થાય એવું શબ્દ-સાહિત્ય ધ્યાનમાં હોય તો ચીંધજો.

(કરાચી) —અકબરઅલી હાસમભાઇ મરચંટ

માર્ચ'૬૨ના 'કુમાર'માં સવિતાબેન પટેલે બતાવેલો આંજણીનો ઉપચાર જરા જોખમકારક છે. સિંદૂર આંજણી પર લગાડયા પછી ભૂલેચૂકે એ આંખની અંદર જાય તો નુકસાન થવા સંભવ છે. એનાં કરતાં તુવરની દાળમાં આવતા તુવેરના લીલા દાણા લઈને પથ્થર પર પાણી સાથે ઘસીને દરરોજ રાતના સૂતાં પહેલાં આંજણી પર લેપ કરવો. બીજા ઉપચાર તરીકે ગાંધી-કણિયાને ત્યાં મળતો હીરાબોળ પાણી સાથે ઘસીને સારો એવો લેપ કરવો. આમ ચાર-પાંચ દિવસ કરતાં આંજણી ફૂટવાની હશે તો ફૂટી જશે અથવા બેસી જશે. તે બોળ ઘસતાં આંજણી પાકે તો પણ દરરોજ રાતના સૂતી વખતે એનો લેપ ચાલુ રાખવો. એ વડે જ રુઝ પણ આવી જશે. હીરાબોળ ખાઇ પણ શકાય છે તેમજ વાગેલા પર–સોજા પર એને ઘસીને ચોપડતાં તદ્દન આરામ થાય છે. આ અનુભવેલો ઉપચાર છે.

(અમદાવાદ) —ગ્રા. નં. ૪૨૪૯-૧૨

Dear Mr. Rawat,

Your charming and most courteous letter of March 28th, and the copy of your magazine KUMAR that you are good enough to present to me, came yesterday, and I hasten to thank you. It is very good of you to write such a kindly note to me.

I know no Gujarati, only what I can decipher and guess from my knowledge of Sanskrit and Prakrit, plus my knowledge of Hindi. I had your article in translation, and it is very charming indeed.

I find your magazine splendid. Little as I am able to read the actual articles, the printing of the Plates, the rich illustration material, the variety of topics, from Picasso and Gauguin to Chess and Kathakali, and on Verrier Elvin, Scandinavia and cooking recipes, embroidery and literature, impress me greatly. I wish I could read it.

With the expression of my most sincere thanks, I am

Very Sincerely yours,
Charles Fabri
Ph.D., D.Lit. & C.

મારો દીકરો જે અત્યારે ૭ વર્ષનો છે તેના જન્મથીજ બંને કાન વહે છે. ઘણા દેશી અને ડૉકટરોના ઉપચાર મેં કર્યા છે. કેટલાકનાકહેવા પ્રમાણે,ચાલવાથી દોડવાથી કે ઉમરના વધવા સાથે આ રોગ થાય છે; પણ આ કેસમાં એવું બન્યું નથી. અત્યારે તો હું તેલમાં લસણ ઉકાળીને તેનાં ટીપાં મૂકું છું. મહિનામાં અમુક દિવસોમાં વધુ અને અમુક દિવસોમાં ઓછા, તેમજ પ્રસંગોચિત વધતા-ઓછા કાન વહે છે. છોકરો બિલકુલ સ્પષ્ટ સાંભળે છે, પણ વ્રણને રુઝ આવે એવું કંઇ અત્યાર સુધી બન્યું નથી.

(મોટા વરાછા) —ભગુભાઇ લાડ

[* બોરિક ઍસિડની ભૂકી ને ગ્લિસરીનનું મિશ્રણ નિયમિત કાનમાં નાખતા રહેવાથી મટવાનું અમને બાળપણનું સ્મરણ છે.]

સ્મૃતિચિત્રોની હારમાળા આગળ વધતે ખૂબ ખીલી ઊઠશે અને મને તેમાંથી ઘણું જૂનુંનવું જાણવા મળશે એ વિચારથી એ માળા વાંચવાને હું તત્પર બની રહ્યો છું. જાઇલ્સ સાહેબને તો મેં જાતે દીઠેલા. મુંબાઈ ઈલાકાના ડાયરેકટર ઑવ ઈન્સ્ટ્રકશન હોઈ, તેઓ અમારી હાઈસ્કૂલમાં ઈન્સ્પેક્શન સારુ આવેલા. હું ત્યારે અંગ્રેજી ચોથા ધોરણમાં. ત્યારે ન ધારેલી એક રમૂજી ઘટના ત્યાં બનવા પામી.

અમારા વર્ગમાં ફરામરોઝ નામે છોકરો ભણતો. બહુ અડપલો. અમે એને 'ફરામ વાંદરો' કહી બોલાવતા. જાઇલ્સ સાહેબ અમને પ્રશ્નો પૂછવા માંડયા. સવાલો પૂછતેપૂછતે ફરામની વારી આવી. જાઈલ્સ સાહેબે એને કહ્યું 'Now you translate this para into Gujarati.' ફરામે મોં આડે ચોપડી ધરી બોલવા માંડયું: 'તારો બાપ મરે! તું સું ગુજરાતી જાણતો'તો, જે નકામો ડાહ્યો થઇ મરેચ. મૂગો મૂગો મરી રહેની' વગેરે વગેરે. ફરામ તો કાંઈ ને કાંઈ એવુંતેવું બકતો જ જાય અને જાઈલ્સ સાહેબ વચવચમાં 'yes-yes-yes'નો ટહૂકો પૂરતા જ રહે. અમારા હેડ માસ્તર પાલનજી આદરજી મિસ્ત્રી, વર્ગશિક્ષક વલ્લભરામ તો મોં વકાસીને ગભરાટમાં જોઈ જ રહ્યા. છોકરાઓ પણ મનથી ખુશ થાય કે ફરામ વાંદરાએ જાઈલ્સની ઠેકડી ખરી કરી.

થોડી વારે જાઈલ્સ સાહેબે હાથના ઈશારા વડે ફરામને આ 'તરજુમો' કરતાં થોભાવ્યો. પણ જેવો તે બેન્ચ ઉપર બેસવા જાય છે કે જાઈલ્સ સાહેબ મોટેથી ગુજરાતીમાં બોલી ઊઠયા: 'તમે બહુ સારો તરજુમો કર્યો!' બાપડો ફરામ વાંદરો! એના માથા પર જાણે વીજળી પડી! એના ગભરાટનું તો પૂછવું જ શું? બાઘા જેવો એ ફિક્કોફચ્ચ મારી ગયો. જાઈલ્સ ઠપકો દેતા અવાજમાં બોલ્યા: 'તમારે આવું કરતાં શરમાવું જોઈતું હતું. તમે શું એમ સમજ્યા કે મને ગુજરાતી નથી આવડતું?' અહીં જ ઇન્સ્પેક્શન ખતમ થઇ ગયું.

હેડમાસ્તર જાઈલ્સને વળાવી અમારા વર્ગમાં જાડી સોટી લઇને ગુસ્સાભેર આવ્યા ને ફરામને ઝપેટી કાઢયો: 'આજે તેં તારી ક્લાસને, મને ને આખી સ્કૂલને બટ્ટો લગાડયો.' કહી પોતાનો રોષ ફરામ ઉપર ઠાલવ્યો.


જાઈલ્સને તે સાલનાં સર્વ ગુજરાતી પ્રકાશનનું અવલોકન કરવાનું સોંપાએલું તે વાતની મને ખબર હોઈ, હું તો જાણતો જ હતો કે તે ગુજરાતી ભાષાથી સુપરિચિત હતા.

(કરાચી) —ફિરોઝશાહ રુ. મહેતા

પાછળના પૂર્ણરંગી ચિત્રના બ્લૉકો:
ગુજરાત સરકારના સૌજન્યથી



પનિહારી
ચિત્રકાર: હકુ શાહ
(જુઓ આ અંકની કલાવાર્તા)



એક રસપ્રદ સ્પર્ધા

'કુમાર'ના સંવેદનશીલ પાઠકોએ આજસુધી અનેક ચિત્રોનો પરિચય મેળવી પોતાની રાસસ્વાદન શક્તિનો વિકાસ સાધ્યો હશે એમ માનીને આ સ્પર્ધા રજૂ કરીએ છીએ. આ ઉપર ભાવવાહી રેખા સામર્થ્યવાળું શ્રી રવિશંકર રાવળનું એક નમૂનેદાર આલેખન આપ્યું છે. તે પર વાચકો પોતાને થએલા પ્રતિભાવ અને ધ્વનિત ભાવનાઓનું વિશ્લેષણપૂર્વક રસાસ્વાદન નિરૂપતો એક ટૂંકો પત્ર–માત્ર એક પોસ્ટકાર્ડની એક જ બાજુ પર અમને લખી મોકલે. પ્રસ્તુત ચિત્રને કોઈ ઈરાદાપૂર્વક આપવામાં આવ્યું નથી. ચિત્રના અંતરંગ ગુણો, ભાવો અને દર્શનને વ્યંજિત કરતું નામકરણ પણ વાચકે જ કરી મોકલવાનું છે. આવેલા રસાસ્વાદો પૈકી શ્રેષ્ઠ ત્રણને પારિતોષિકો અપાશે, ને યોગ્ય લાગશે તો પરિણામો સાથે તે 'કુમાર'માં પ્રકટ થશે.



સમુદ્રતીરે રેતીના ઢૂવા જેવા શુષ્ક ગણાતા દૃશ્યમાં પણ ગોપિત રહેલું સૌન્દર્ય શોધીને અહીં ઉતારનાર કલાકાર **શાન્તિલાલ શાહ** ઝડપી રંગાવટ વડે પીંછીના થોડાક લસરકાથી કોઈ પણ દૃશ્યની હવા પકડી લેવામાં કેટલા કુશળ છે તેની પ્રતીતિ આ ચિત્ર કરાવે છે. માત્ર થોડા જ રંગવિન્યાસથી સમુદ્ર-ક્ષિતિજની વિશાળતાને દર્શાવીને ભૂખર-પીળા ભૂમિ ઉપર જૂજ જૂજ છંટાયેલી વનસ્પતિની ભાતથી રચાતું વેરાનતાનું રંગકાવ્ય એમણે અહીં નિરૂપ્યું છે.

કુમાર · આવતી કાલનાં નાગરિકોનું માસિક · વર્ષ ૩૯ · અંક ૫ · મે ૧૯૬૨ · સળંગ અંક ૪૬૧

પગલીની કંઇ રેખા

· ગાન ·

તીરની રેતીમાંહિ પડેલી પગલીની કંઇ રેખા
વાયરે હરી જાય, તે નિશિસોણલે દેતી દેખા……

ધવલ પાંખે નાવ સરી જાય નભને નીલિમ નીરે,
ભીતર એનું આવતાંજતાં લોકથી ભરાય ભીડે,
કોઇની લોચનપાંદડી રે તહીં ઝરતી ઝાકળ ધીરે;
એઉ બાજુની કુંજથી વિહગકંઠની આવે કેકા……

તિમિર કેરે આવરણે ઉર નિજ દલેદલ ખોલે,
હોઠથી હરફ નીકળે ના પણ મન મહીં મન બોલે,
ઘેનમાં ઘડી જાગરણે જીવ આમથી તે આમ દોલે;
ઝૂરતાં રે બે જણ મીંચેલી આંખમાં મળે ભેગાં……

રાજેન્દ્ર શાહ

ઝંખા

મત રે મૂંઝાણી વા'લા! સૂઝે નૈં કાંઇ
કયોને વીનવીએ અવ તો કિયા વેણથી?
હો વા'લા! કયોને વીનવીએ અવ તો કિયા વેણથી?

કોટિ ઉપાયે તમીં તો કેમે રિયા ન ઝાલ્યા,
જાણ્યા જે દિ'ના જીવણ! ટળવળતાં મેલી હાલ્યા,
અપલક બેઠી છે આંખ્યું, હાયે! ઈ વેરણ વસમી રેણથી!–હો૦

ઓ'ચિતો અધવચ આમ જ છોડી દેવો'તો છેડો,
(તો) ભોળાં આ જીવસું એવો શીદને લગાડયો નેડો?
અરી ઈંને આધારે કુળથી તોડેલો નાતો કેવી દેનથી!–હો૦

ક્યારે કીધ પંડે આવી ચંદર શું મુખડું દાખો?
ચરણો થકી યે અમને ચાહો તો છેટાં રાખો,
(પણ) એવાં શું દીધ વીસારી, ટળિયાં કે લગરીક મીઠાં કે'ણથી?
હો વા'લા! કયોને વીનવીએ અવ તો કિયા વેણથી?

પ્રદ્યુમ્ન તન્ના

યાત્રાસાફલ્ય

· શાર્દૂલવિક્રીડિત ·

નિઃસંતાન અમે ઘણાં વ્રત કર્યાં, અન્તે અવસ્થા થયે
યાત્રાર્થે ચહુ ધામની નીકળતાં તાળાં દઇ ડેલીએ;
દોડયો બાળ પડોશીનોઅમ સહેજાવા,રડયો,થાબડી
હેવાયા શિશુને પટાવી, દઇ કૈં ચાલ્યાં પરાયો ગણી.
'બંધાવ્યું નહિ પારણું' કહી અમે રોયાં જગન્નાથમાં;
ગંગાને તટ શેષ જીવન ચહ્યું નાહી હરદ્વારમાં;
માયા શી ઘરની? બધું જ સરખું; છેલ્લી વ્યવસ્થા ચહી
પાછાં ઘેર વળ્યાં, હશે ઘર દશા શી, કલ્પના એ લઇ.
ગ્રીષ્મે એ બળતે બપોર સઘળું આગે હતું હાંફતું,
સૂનાં પાદર સીમ ગામ, પશુ યે શેરી વિષે ના હતું;
જ્યાંઆવ્યાં ઘર પાસત્યાંજનીરખ્યો,તાળાંદીધાંદ્વારને
ધક્કા દૈ હીબકાં ભરી કકળતો 'મા, મા, ઉઘાડો મને.'
લીધો ઊંચકી, બારને ખુલવતો ગોપાલ ઘેલો હસ્યો,
યાત્રાન્તે વહતો કરી અમ ગૃહે ગંગોઘ વાત્સલ્યનો.

મુકુન્દરાય વિ. પારાશર્ય

પિતાની પ્રથમ મૃત્યુતિથિએ

· શિખરિણી ·

તમે મારાથી કાં દૂર દૂર થતા જાવ? તમને
ધકેલે ધીમેથી સમય…
સવારે ઊઠયામાંસ્મરણ થઇ આવે પ્રથમ, તો
વિના કોઇ બ્હાને અવશ ઉર મોંફાટ રડતાં,
કડી સંબંધોની સહજ પણ ઢીલી થઇ ન'તી,
ઘરે વાતેચીતે વિષય પણ એ એજ; મળતાં
પથે સ્નેહીઓ તો સ્મરણ સઘળાં યાદ કરતાં
તમારી સાથેનાં.

હવે વીત્યે થોડો સમય, નથી હું યાદ કરતો
પહેલાંની પેઠે; કદીક લઉં ચહા બે કપ યદિ
તમારી પેઠે તો સ્મરણ ઉરમાં જાય છલકી;
વરે ધીમેધીમે મુજ ઉરદશાને ઘર બધું.
તમારાથી હું યે દૂરદૂર થતો જાઉં; હળવે
મને યે દે ધક્કો સમય…

ચિનુભાઈ મોદી

વૈશાખે

· શિખરિણી ·

ફરી તાતા તાપે
તપી સજડ કો લોહ પતરું
જડાયું હો એવું
ગગન ધીકતી આગ ઝરતું;
રૂંધાએલાં વૃક્ષો
પથ સકલ એવાં દિસી રહ્યાં
પડી જાણે આખે
શરીર ભીંસતી પથ્થરશિલા.

અજંપો આંજેલાં
નયન, ચરણો સાવ રખડુ
ઉવેખી વેગીલી
ધસત ઊડતી વહ્નિ-લપટો
ઘૂમે; સંગે મારું
સ્વરૂપ પડછાયાનું ફરતું,
વસ્યું એવું શું તે
વળીવળી જુએ શૂન્ય ક્ષિતિજે?
(રહસ્યોની સૃષ્ટિ
નજરપથની પાર વસતી?)

ધખ્યા વૈશાખે જે
પ્રથમ નિરખી કુન્દધવલા
ગમેલી કન્યાની
ઘર સમીપ દ્વારે ઢળી ઊભી
છબી આલેખાઇ
ક્ષિતિજ પર શી સૌમ્ય સહસા.
અહો એકીસાથે
સ્મરણજલના મુગ્ધ મનમાં
ગુલાબી રૂપાળાં
કમલફૂલ ખીલ્યાં મધુરવાં.

નલિન રાવળ

વિરલ જેવું લાગ્યું!

· ગઝલ ·

તમારા જ સ્મિતની નકલ જેવું લાગ્યું!
ફૂલોનું આ હસવું ય છલ જેવું લાગ્યું!

પીધું અંધશ્રદ્ધાની સત્તા હઠાવી
તો જલ જાહ્નવીનું ગરલ જેવું લાગ્યું!

સ્મિતોની છે ચાદર આ કબ્રે દરદ પર
જીવન એથી તો પુષ્પ-દલ જેવું લાગ્યું!

સ્મશાને ભલું આજ તો એ સદનથી
પ્રથમ જે હતું તીર્થસ્થલ જેવું લાગ્યું!

નજરથી નજરબંધી એવી કીધી કે
એ કાતિલ વદન પણ કમલ જેવું લાગ્યું!

પ્રણયમાં જ આવું બને છે, બન્યું છે,
ભ્રમણ એક પલનું મજલ જેવું લાગ્યું!

વ્યથામાં ગળાબૂડ છું એથી સાચ્ચે
મને મારું જીવન વિરલ જેવું લાગ્યું!

હવે શો નશો શોધવો આ જગતમાં?
જહીં જીવવું ખુદ અમલ જેવું લાગ્યું!

હેમન્ત દેસાઈ

પાર મનની પ્રેરણાઓ તથા ભવ્ય અને



'જ્યારે પ્રભાતના તારકો એક સૂરે ગાય છે'*

'Tiger tiger, burning bright'

(વાઘ! શું, ઝળહળ બળતા વાઘ!)

થી શરૂ થઇને

'Did he who made lamb make thee?

(ઘડત લવારું કૂણે ગાત
તને ય ઘડનારા એ હાથ?)

થી પૂરા થતા પેલા અતિજાણીતા કાવ્ય 'ધ ટાઈગર'થી અંગ્રેજી સાહિત્યનો પ્રત્યેક પાઠક પરિચિત છે. એ કાવ્ય છે વિલિયમ બ્લેઈકનું, જેની પ્રભાવમૂલકતા, ઓજ, પ્રવાહિતા, અને યાદશ માધુર્યથી મંડિત કવિતા આજે અંગ્રેજી સાહિત્યનો ચલણી સિક્કો બની ગઈ છે. સહાનુભૂતિ અને સમભાવનો તો એ ફિરસ્તો છે.

'Mercy has a human heart'
Pity a human face.'

(કારુણ્ય એ તો વર માનવી ઉર,
દયાર્દ્રતા એ વર માનવી મુખ.)

અને એ જ સમ-ભાવથી તે ગાય છે:

A robin-redbreast in a cage,
Puts all heaven in rage.'

(ના પૂર એ સુંદર કીર પિંજરે,
મા વ્હોર તું ખોફ સમગ્ર સ્વર્ગનો.)

સહાનુભૂતિને આત્માનુભૂતિની પરિપાટી સુધી લઇ જનાર, એ આર્ષદ્રષ્ટા વિલિયમ બ્લેઈકની બસોમી જયંતી પાંચ વર્ષ પહેલાં જગત ભરમાં ઊજવાઈ ગઇ.

આજે તો કવિતા અને કલાનો કોઈ એવો અભ્યાસી કે અધ્યેતા નહિ હોય, જેને વિલિયમ બ્લેઈકનું એ શાખાઓમાંનું પ્રદાન અને દર્શન સ્પર્શી ગયું ન હોય. વસ્તુતયા એક સામાન્ય કલાકાર ને કવિ કરતાં બ્લેઈક અતિવિશેષ—માનવસંવિત્‌ની અગાધ સરહદોના, ઇતિહાસમાં ગણાવાઈ ગએલા રડયાખડયા તલાવગાહકો પૈકીનો એક હતો. તેનું સૌથી વિશિષ્ટ વ્યક્તિ-લક્ષણ છે તેનું દર્શન-(vision).

હા, એક વાર—આજથી સો વર્ષ પહેલાં—તેની પ્રતિભાને યથાર્થ પણે લગભગ કોઈ નહોતું ઓળખતું. અરે, તેનું નામ પણ ઘણા નહોતા જાણતા, અને જે તેનું નામ જાણતા એ તેની પ્રતિભાની કદર તો ન કરી શકતા, ઊલટું તેને ગાંડો ગણી કાઢતા. છતાં, આંગળીને વેઢે ગણી શકાય એટલા જે કંઇ જૂજ તેના પ્રશંસકો હતા એમાંના એક ગિલ્ક્રાઈસ્ટે બ્લેઈકના મિત્રો શિલ્પી ફ્લૅક્સમન અને ફુઝેલીના અભિપ્રાયો ટાંકતાં કહ્યું હતું: 'એવો સમય આવશે, જ્યારે બ્લેઈકનાં આલેખનોમાંથી સુંદરતમની ખોજ થશે અને અણમોલ ખજાનાની પેઠે તે સંઘરાશે, જેવાં કે અત્યારે માઇકેલૅન્જેલોનાં સંઘરાય છે.' અને

વ

* પોતાના 'બુક ઑવ જૉબ' માટે બ્લેઇકે કરેલું આ ચિત્ર (એન્ગ્રેવિંગ) મૂળ માંડણીનો એક ભાગ છે. મથાળે દેવદૂત તારકો અને પરમ પિતા ઈશ્વરની બંને બાજુ સૂર્ય ને ચન્દ્રના ભરચક છતાં સમતોલ આલેખનવાળું આ ચિત્ર બ્લેઇકની એક શ્રેષ્ઠ કૃતિ છે.

આ સદીના પૂર્વાર્ધ દરમિયાન બ્લેઈકની કવિ અને ચિત્રકાર તરીકેની પ્રતિષ્ઠા એટલી તો વધી ગઈ કે ઈ.સ. ૧૯૪૯માં ડેવનશાયરના એક ગ્રામ્ય ઘરના કાટમાળમાંથી થએલી બ્લેઈકના એક નવા ચિત્રકામની શોધ વખતે જે વધુ આનંદની લાગણી પ્રસરી રહી તેવી માઇકેલૅન્જેલોના કોઈ નવા આલેખનની શોધે પ્રસરાવી હોત કે કેમ તે શંકાસ્પદ છે.

બ્લેઈકનું દર્શન મહાકવિ અને મહાકલાકાર સમું છે. અંગ્રેજ મહાકવિઓમાં ચૅાસર કે મિલ્ટન સાથે તેનું સ્થાન છે. તેની પ્રતિભાની પિછાણ જગતને બહુ મોડી થઈ એનું કારણ પણ એ જ કે તેની પ્રતિભાને સમજવા માટે જગત ત્યારે શક્તિમાન નહોતું. આજે માનવ-અનુભૂતિનાં નાનાવિધ શાસ્ત્રો વાસ્તવિક કક્ષાએ ખેડાઈ રહ્યાં છે ત્યારે બ્લેઇકનાં દર્શન-રહસ્યોનો સ્ફોટ થતો જાય છે.

ઈંગ્લંડે જગતને ધરેલી પ્રતિભાઓમાં વિલિયમ બ્લેઈકની પ્રતિભા સૌથી વધુ નોંધપાત્ર ને સ્થાયી છે. કોઈ એટલે સુધી પણ કહી શકે કે આધુનિક જગતના મૌલિક પ્રતિભા ધરાવતા છએક મહત્તમ પુરુષો પૈકીનો તે એક હતો. પરંતુ તેની એકાદી એકવડી કૃતિ એટલી હદે મ-

ગૂઢ આંતરદર્શનોને નક્કર રેખાઓમાં ઉતારનાર આર્ષદ્રષ્ટા કવિ-ચિત્રકાર



વિલિયમ બ્લેઈક

લેખક
રતિલાલ યોગી

હાન જણાતી નથી. વસ્તુતઃ તેની પ્રતિભા એ છે તેનું સમગ્ર વ્યક્તિત્વ, એ આર્ષપ્રકૃતિના માનવનાં કાવ્યો એન્ગ્રેવિંગો અને ચિત્રો એ સર્વના એકમની પાછળનું અફાટ વિસ્તાર ધરાવતું દર્શન, જે કોઈ ને કોઈ પ્રકારે સમસ્ત કાલ્પનિક વિશ્વનું અર્થવહન કરે છે—જેનાં પરિણામો લગભગ નિઃસીમ જણાય છે.

તેણે અજમાવેલા કલા-પ્રકારો એ તેના સમગ્ર વ્યક્તિત્વના અંશ-રૂપ છે; આથી તે તે કલા-ખંડને એકાંગી દૃષ્ટિએ જોતાં તેનો આદર્શ સમજી શકાય તેમ નથી. તેનાં આલેખનો, એચિંગો, ચિત્રો, કાવ્યો, આ બધાં એકીસાથે મળીને જ તેની સમગ્ર અભિવ્યક્તિ બની રહે છે. તેનાં આલેખનો અને કાવ્યો અલગઅલગ નથી, પરંતુ એકમેકના–એક અખંડ અનુભવના–અંશરૂપ છે. બ્લેઈક કવિ-ચિત્રકાર એન્ગ્રેવર-મુદ્રક-પ્રકાશક, આ સર્વ એકીસાથે હતો. પુસ્તકનિર્માણના ઇતિહાસમાં આ દૃષ્ટિએ તે એકલવીર ને અગ્રયાયી છે.

ઈ. ૧૭૫૭ની ૨૮મી નવેમ્બરે લંડનમાં સોહો ખાતે તેનો જન્મ. સ્થિતિ-સંપન્ન હોઝિયર પિતા જેઈમ્સનાં પાંચ સંતાનો (ચાર પુત્રો અને એક પુત્રી)માં વિલિયમ બીજો. એ યુગ જ હતો કારણવાદનો, શંકાવાદનો, તર્ક-વાસ્તવનો. તર્કબુદ્ધિથી પર કોઇ અનુભૂતિની સૃષ્ટિ વસેલી છે એ શ્રદ્ધાનો એકડો એ જમાનામાં ભૂંસાતો જતો હતો. અશ્રદ્ધાના આવા યુગપ્રભાવને કારણે અતિસંવિત્‌નો અનુભવ ઝીલતી બ્લેઇકની કવિતા તથા કલા બંનેને વસમાં અવમાન ને ઉપેક્ષા ખમવાં પડચાં હતાં, અને એ પણ માત્ર તેના સમકાલ પૂરતાં નહિ પરંતુ ત્યાર પછીના દશકાઓના યે દશકાઓ સુધી.

અણસમજુ હતો ત્યારથી જ એને જાતજાતનાં, માની ન શકાય એવાં ભવ્ય દશ્યો પ્રતીત થતાં. બગીચાની હરિયાળી ભોંય પર નાચતી-કૂદતી પરીઓ તેને નરી આંખે દેખાતી. પોતાની પથારીને ઉશીકે ભરાતી દેવદૂતોની સભાનો તે મૂંગો સાક્ષી હતો. પરિણામે તેણે જીવન-ભર પોતાનાં ચિત્રો અને કાવ્યોમાં કેવળ પાર મનની પ્રેરણાઓને ઝીલી. જોકે તેની શબ્દરેખા-કલાને એ કાળના કવિ વર્ડ્‌ઝવર્થ, કે કવિ સધી જેવા પ્રતિભાશાળી કલાકોવિદો પણ પારખી શકચા નહોતા. પરંતુ આજે તો કાવ્ય ને ચિત્ર એ બંનેની કલાનો તે સ્વામી ગણાય છે.

પિતા શાળાના શિક્ષણમાં માનતો ન હોવાને લીધે તેણે નાના વિલિયમને માટે ઘેર રહીને શિક્ષણ મેળવવાની વ્યવસ્થા કરી. ઘેર બેસી પોતાના મનગમતા વિષય જેવું ધાર્મિક અને ગૂઢવાદી સાહિત્ય તેણે ખૂબ વાંચ્યું. પરંતુ આ ગૃહશિક્ષણે એ એકાંતપ્રિય કુમારને નર્યો એકાંતિક બનાવી દીધો. અલબત્ત, એથી તેની નાનપણથી ખીલેલી દર્શનશક્તિને સારો વેગ મળ્યો. ઈશ્વરને પોતાના ઘરની બારીમાંથી ડોકિયું કરતો તેણે ચાર વર્ષની વયે જોયો હતો! દેવદૂતો સાથે પયગંબર ઇઝેકિયેલનો એક વૃક્ષ પર ભરાએલો દરબાર તેની નોંધ પર હતો! આમ, આખર સુધી ઈશ્વર તેને બારણે ડોકિયું કરતો જ રહ્યો. અને બ્લેઈકને માટે આ ઈશ્વરની કોઈ કાલ્પનિક કે આભાસી આકૃતિ નહોતી. એનો ચહેરો તેને માટે કોઈ જીવતાજાગતા ભવ્ય-વૃદ્ધ પુરુષના જેટલો જ વાસ્તવિક ને સાચો હતો. આ પ્રકારે, ઈશ્વરને તેણે નરી આંખે જોયો, સજીવપણે અનુભવ્યો અને સચ્ચાઈપૂર્વક આલેખ્યો. ઈશ્વરને તે હસતાંહસતાં 'ઘરડા દાદાજી' ('ઓલ્ડ નૉબૉડૅડી') કહેતો.

કવિતા અને કલા એ ઉભય પ્રથમથી જ તેની પ્રતિભા-મુદ્રાનાં બે પાસાં રૂપ હતી. ચિત્રો દોરવાનો શૅાખ અણસમજુ બાળવયથી તેને વળગ્યો હતો, અને કવિતા લખવાનું પણ તેણે બાર વર્ષની વયથી શરૂ કરી દીધેલું. 'પોએટિકલ સ્કેચિઝ'માંનાં કેટલાંક કાવ્યો તેણે એ ઉમરે લખેલાં છે. આથી સમજુ પિતાએ તેને હોઝિયરીનો વેપાર-રોજગાર કરવાની તાલીમ ન આપી. તે જોતો આવતો હતો કે ચીતરવા–દોરવાનો કોઈ જબરો શૅાખ આ છોકરાને વળગ્યો હતો. આથી એને તેણે રાઇલૅન્ડ નામના કોઈ એક ઈસમને ત્યાં એન્ગ્રેવિંગનો અભ્યાસ કરવા મૂકચો. દરમિયાન એક અદ્‌ભુત ઘટના બની. એ રાઇલૅન્ડનો ચહેરો વિલિયમને દીઠો યે ન ગમતો. એ કહેતો કે કોઈ શૂળીએ ચડાવવા લાયક માણસ-ના જેવો એનો ચહેરો છે. ને આશ્ચર્યની વાત તો એ છે કે તે પછી ટૂંક સમયમાં જ કોઈ વસ્તુ–બનાવટમાં ભેળસેળ કરવાના ગુના બદલ, એ રાઇલૅન્ડની ધરપકડ થઇ ને તેને ફાંસીની સજા ફરમાવવામાં આવી હતી. આ ઉપરથી સમજાય છે કે વસ્તુઓ અને વ્યક્તિઓનાં દષ્ટ–અદષ્ટ પાસાંની કોઈ અલૌકિક સૂઝ બ્લેઈકને પહેલેથી જ હતી. તેની દર્શન–વિલક્ષણતા મૂળભૂતપણે તેની આ 'ત્રીજી દૃષ્ટિ' પર આધારિત છે.

૧૭૬૭માં તે સ્ટ્રૅન્ડ ખાતેના પારનઃ ચિત્રવર્ગમાં દાખલ થયો અને રફાએલ, માઇકેલૅન્જેલો ને ડચૂરરનાં ચિત્રોની અનુકૃતિઓ કરતાં શીખ્યો. બાદ તેના પિતાએ એક શક્તિશાળી પરંતુ જૂની ઢબના એન્ગ્રે-વર જેમ્સ બૅઝાયર પાસે તેને ભણવા મૂકચો (૧૭૭૧–૭૮). બૅઝાયરે તેને વેસ્ટમિન્સ્ટર ઍબી ખાતેનાં પૌરાણિક શિલ્પ–સ્મારકો દોરવા બેસાડચો. ચૌદ વર્ષના માસૂમ કુમારને એ પૌરાણિક આવાસમાં કલા-કોના કલાકો સુધી એકલો–અટૂલો કામ કરતો કલ્પવો એ ઘણું અઘરું છે. પણ નાના વિલિયમને તો એકાંતિક ભવ્યતા જ વધુ ગમતી. એ ગૉથિક પદ્ધતિને તેણે જીવનભર કલાના પોતા માટેના આદર્શને પદે સ્થાપી.

આ જાતની કેળવણીએ બ્લેઈકમાંના કલાકાર–આત્માને આ-

વિષ્કાર આપ્યો, પણ સાથે તે એટલો જ એકાંતપ્રિય, આત્મકેન્દ્રી અને પામી ન શકાય એવી વિલક્ષણ પ્રકૃતિનો બની ગયો. જેમ્સ બૅઝાયર પાસે શિક્ષણ પૂરું કરીને તે રૉયલ ઍકૅડેમી સ્કૂલ ખાતે સર જોશુઆ રેનૉલ્ડ્ઝના હાથ નીચે ૧૭૭૮માં જોડાયો. પણ ત્યાં તેને બરાબર ફાવ્યું નહિ. કલા કોને કહેવાય તે વિષેના બ્લેઈકના ખયાલો પહેલેથી મૌલિક અને તદ્દન આગવા હતા, જેનો તેના ગુરુ સર રેનૉલ્ડ્ઝના વાસ્તવવાદી ખયાલો સાથે કોઇ રીતે મેળ ખાતો નહિ. રેનૉલ્ડ્ઝ માનતો કે નરી આંખે દેખાતું વસ્તુ–સ્વરૂપ એ કલા–આલેખન માટે બુનિયાદી ગણાવું જોઇએ; જ્યારે બ્લેઈકને માટે તો કલા–આદર્શની મૂલવણી અર્થે ચર્મચક્ષુનો દૃષ્ટિન્યાય બિલકુલ અસંગત હતો. એ તો માત્ર આંતરદૃષ્ટિ–દર્શન (vision)માં માનતો. આથી સર રેનૉલ્ડ્ઝ સાથે કાયમ માટે તેને મતભેદ રહ્યો.

એના ધંધાદારી કામની શરૂઆત ૧૭૭૯થી પુસ્તકવિક્રેતાઓ માટે પુસ્તકોનાં એન્ગ્રેવિંગથી થઈ, જે કામ વીસ વર્ષ સુધી તેની આજીવિકાનું સાધન બની રહ્યું. ઈ. ૧૭૮૪માં તેણે પ્રિન્ટ-શૉપ શરૂ કરી. તેના સૌથી નાના ભાઈ રૉબર્ટ પર નિર્વ્યાજ પ્રેમ હતો, પણ રૉબર્ટનું ૨૫ વર્ષની વયે અવસાન થયું. આથી તેને ભારે આઘાત લાગ્યો. રૉબર્ટ પોતાને સપનામાં મળવા આવ્યા કરે છે એમ તે કહેતો, અને તેના કહેવા પ્રમાણે પુસ્તકોનું એન્ગ્રેવિંગ કરવાની તેની મૌલિક પદ્ધતિ પણ મૂળ તો રૉબર્ટે જ તેને સપનામાં બતાવેલી!

૨૨ની વયે, ૧૭૮૭માં, તેનાં ચિત્રો રૉયલ એકૅડેમી ખાતે પ્રદર્શિત થયાં ત્યારે ઇંગ્લંડના રાજવીએ તેની પ્રશંસા કરેલી. એક સ્વતંત્ર કલાકાર તરીકે તે હવે જાણીતો થઈ ગયો હતો. તેનું મિત્ર-વર્તુળ જામતું જતું હતું. પુસ્તકવિક્રેતાઓ તરફથી એન્ગ્રેવિંગનું કામ પણ મળ્યા કરતું. આમ પચીસ વર્ષનો થયો ત્યારે લગ્ન કરવા જેટલી કમાણી તેણે કરી લીધી.

તેની ચાહના પહેલીવાર મેળવનાર સ્ત્રીએ તેને દગો દીધેલો, આથી સ્ત્રીઓ તરફ તેનું મન ઘણું જ વિષણ્ણ રહેતું. પછી લાંબે ગાળે તેને બૅટરસીના એક માળીની અભણ પરંતુ નમણી અને નમ્ર પુત્રી કૅથેરાઈન બૂચરનો પરિચય થયો. તેને જોતાં જ બ્લેઈક તેને પોતાના હૃદયધારણ તરીકે ઓળખી ગયો. આથી સામેથી એણે જ કૅથેરાઈનને પૂછ્યું: ‘તને મારી તરફ લાગણી તો છે ને?’ બ્લેઇકના પૌરુષમય ને જાજરમાન વ્યક્તિત્વથી પહેલેથી જ અંજાઈ ગએલી મુગ્ધ કૅથેરાઈન આ સવાલથી ઊર્મિવિવશ બની ગઈ. ‘લાગણી કેમ ન હોય?’ એટલો જ તેનો જવાબ હતો. પછી એ બંને જણ ઈ. ૧૭૮૨ની ૧૮મી ઑગસ્ટે પરણી ગયાં. જગતભરનાં સૌથી વધુ સુખી લગ્નજીવનોમાં ગણાવી શકાય તેવું હૂંફાળું ને અશેષ એકતામય એ બંનેનું સહજીવન હતું. કૅથેરાઈન આખર સુધી તેની એવી ભક્તિનમ્ર ને મુગ્ધ આત્મસંગિની બની રહી કે સ્વિન્બર્ને તેને ‘પૂર્ણ પત્ની’ ગણાવી છે. બ્લેઈકનું એ દિવસરાત જતન કરતી, ને તેના દરેક કાર્યમાં ખડે પગે મદદ કરતી. બ્લેઈક આજીવન ગરીબ રહેતો. ઘણી વાર ખાવાના યે સાંસા પડી જતા. પરંતુ યંત્રણા કૅથેરાઇને હસતે મુખે સ્વીકારી લીધી હતી. એ સમયના એક ડાયરી-લેખક હેન્રી ક્રૅબ રૉબિન્સનની તેના ગૃહજીવનમાં ડોકિયું કરાવતી નોંધ આ પ્રમાણે છે: ‘સત્તરમી (ડિસે. ૧૮૨૫)એ સ્ટ્રૅન્ડમાંના ફાઉન્ટન કોર્ટ ખાતેના ઘરમાં તેને હું મળ્યો. મુલાકાત સાવ ટૂંકી હતી, અને મેં જે સાંભળ્યું હતું તેના કરતાં જે જોયું એ વધુ નોંધપાત્ર હતું. નાનાસરખા શયનખંડમાં તે આરામથી બહારના નજીવા ફળિયાને જોતો બેઠો હતો. ઘરમાંની વસ્તુમાત્ર મામૂલી હતી અને તેમના (બ્લેઇકના) સિવાયની ગરીબાઈની ચાડી ખાતી હતી. પણ આજુબાજુ એવું સ્વાભાવિક આભિજાત્ય હતું કે જેથી દેખીતી ગરીબાઇનો અણસારો પણ અનુભવવામાં ન આવે. ઉપરાંત તેનાં કપડાં સાફસૂથરાં હતાં, તેનો હાથ ઊજળો હતો, અને તેનો મિજાજ હતો તદ્દન અપ્રત્યાહત. મને તેણે બેસવાનું કહ્યું, એ જાણે તે કોઈ રાજપ્રાસાદમાં હોય તે રીતે. એ બેઠો હતો તે બેઠક સિવાય ત્યાં બીજી એક જ ખુરશી હતી, પણ તે પર હાથ મૂકી જોતાં મને જણાયું કે એ જો મેં ઊંચકી હોત તો કડડડભૂસ કરતી તૂટી પડત. એથી જાણે હું કોઈ અદનો ગરીબ ન હોઉં તેમ મેં કહ્યું: ‘મને અહીં તમારી જોડે બેસવા દેશો?’ અને હું તેની નજીક પથારી પર બેઠો.... તેની પત્ની મિલ્ટનશાહી આદર્શ પ્રમાણે ઘડાએલી હતી; આદિ નારી ઈવની માફક જ પોતાના પતિને પરમેશ્વરની જેમ ભજતી.’

શિલ્પી ફ્લૅક્સમન અને ફ્યુઝેલી સાથેની તેની લાંબી પરંતુ કઠિન મિત્રાચારીની શરૂઆત પણ આ સમયથી થઇ. પુસ્તકવિક્રેતાઓનું ને બીજું પરચૂરણ કામ તેને મળતું, પણ અનિયમિતપણે. ૧૮૦૯માં તેની કૃતિઓનું એક પ્રદર્શન ભરાએલું નિષ્ફળ ગયું, આથી એ પ્રકારની જાહેર આવક પરથી યે તેનું મન ઊઠી ગયું. એ પછીનાં સાત વર્ષ સુધી આવા જાહેર જીવનથી તે નિવૃત્ત બની રહ્યો. છેલ્લેછેલ્લે તેના કલાસર્જનના અમુક ચાહકોનો વર્ગ બંધાયો હતો. ઈ. ૧૭૮૭માં તેણે બીજાઓનું કામ કરવાનું બંધ કર્યું અને ‘સચિત્ર કાવ્યાલેખન’ની પોતાની આગવી–પોતાના દર્શન-અનુભવની પ્રતિભાષા જેવાં કાવ્યોને પોતાના અક્ષરોમાં ચિત્રમયપણે અને એ જ રીતે પોતાનાં ચિત્રોને કાવ્યમયપણે મુદ્રિત કરવાની કલાનો આરંભ કર્યો. ઇ. ૧૭૯૩માં તેણે કલાનું શિક્ષણ આપવાનું શરૂ કર્યું, પણ પછી એ પણ છોડી દીધું, કેમકે એ તેના કામમાં દખલરૂપ હતું. એ જ વર્ષે તેને ઉદાર આશ્રયદાતા ટૉમસ બટ્સનો પરિચય થયો. એની દીર્ઘકાળ પર્યંતની નાણાંકીય મદદને લીધે બ્લેઇકને રાહત રહેવા લાગી.

કેટલીક સુધરેલી મહિલાઓએ તેની પાસે પોતાની તસવીરો ચિતરાવવાની માગણી મૂકેલી; પરંતુ બ્લેઈકને આવાં કેવળ પાર્થિવ ચિત્રણ પાછળ રસ નહોતો. તેને તો જીવનભર માનવભાવની ગૂઢ રહસ્યમયતાની છબીઓ જ આંકવી હતી.

બ્લેઈકે જે કંઈ જોયું એ તેની પ્રકાંડ સંવિત્‌શક્તિનું દ્યોતક છે, અને તેનું એ દર્શન તેનાં ચિત્રો–કાવ્યોમાં પ્રતિબિંબાયું છે. પોતાનાં ભવ્ય ને ગૂઢ આંતરદર્શનને જે નક્કર અને પૂર્ણ રેખાઓમાં તેણે ઉતાર્યું છે એ પરથી તેનું દર્શન કેટલું નક્કરપણે વાસ્તવિક હતું એનો ખયાલ આવે છે. તેનું કહેવું હતું કે તમે તમારા મિત્રો સાથે ચાલો છો એ જેટલી નક્કર હકીકત છે એટલી જ નક્કર હકીકત હું ઇશ્વર સાથે ચાલું છું તે છે.

બ્લેઇકનું વ્યક્તિત્વ ઘણું સામર્થ્યશીલ હતું—એવું કે જેમાં તેની બધી લાક્ષણિકતાઓ સમાઈ જતી. શક્તિ, સચ્ચાઈ અને તત્પર એકાગ્રતાની એ સાક્ષાત્ પ્રતિમૂર્તિ સમો હતો, તો એના ધીટ વ્યક્તિત્વની બીજી દોષરૂપ બાજુ પણ હતી. આત્મગૌરવમાં એ એટલી દૃઢતાપૂર્વક માનતો કે માત્ર એના જ તાનમાં તે ઘણી વાર બીજાનું અપમાન કરી બેસતો. એ ગુસ્સે થતો ત્યારે સાક્ષાત રુદ્રસ્વરૂપ બની જતો.

હેયલે નામના એક કવિએ કવિ કૂપરના પોતે લખેલા જીવનચરિત્રનાં ચિત્રો દોરવા માટે ત્રણ વર્ષ સુધી બ્લેઈકને રોકેલો અને તેના કુટુંબને સસેક્સમાં ફેલફામ ખાતે સમુદ્રકિનારે એક નાનાસરખા મકાનમાં આશ્રય આપેલો. ત્રણ વર્ષ સુધી બ્લેઈકે પણ જહેમતભર્યું કામ કરી આપ્યું. અહીંની ખુલ્લી હવા અને પ્રકૃતિસમૃદ્ધ વાતાવરણથી બ્લેઇક આનંદવિભોર થઇને નાચી ઊઠ્યો.

‘Heaven opens here her Golden Gates’ (ખુલ્લાં અહીં સ્વર્ણદ્વાર સ્વર્ગનાં) એમ તેનો કવિ-આત્મા ગાઇ ઊઠ્યો.

પરંતુ પછી હેયલેને બ્લેઈક સાથે કોઈ વાતથી વાંધો (અનુ. પૃ. ૨૦૨)

જીવનપટનાં સ્મૃતિચિત્રો

આત્મકથાનક-૫

લેખક-આલેખક **રવિશંકર રાવળ**



દાદાજી છગન રાવળ

ધોરાજીના કેસોમાં બાપુનું કામ યશસ્વી થયું. ગુનેગારો પકડાયા અને તેમને શિક્ષા થઈ. સુપરિન્ટેન્ડેન્ટ શ્રી કામદીન તેમના કામથી ખુશ થયા. ને તેમની સાથે સારો સંબંધ બંધાયો. એ કામ પત્યા પછી છ મહિનામાં ફરી તેમને રાજકોટની અસલ જગ્યા પર મોકલવામાં આવ્યા; પણ એક જ માસને અંતે સને ૧૮૯૯ના જાન્યુઆરીમાં રૂા. ૬૦ના પગારથી રેલવે મેઇલ સર્વિસમાં વઢવાણ ૧ વિભાગમાં હેડ સૉર્ટર તરીકે નિમણૂક મળી. એ વખતે પોસ્ટ અને રેલવે મેઇલ ખાતાં સંયુક્ત હતાં.


વઢવાણ કૅમ્પમાં મકાનની ગોઠવણ થતાં સુધી ઘરનાં અમે સૌ ભાવનગર જઈ રહ્યાં. પિતાશ્રી મેઇલના ડબ્બા સાથે બબ્બે દિવસની ટ્રિપ (ફેરો) કરી આવી જતા.

૧૮ દરમિયાન ભાવનગર

ભાવનગરમાં અમે રહ્યાં તે દરમિયાન દાદા તથા મોટાં માને વધુ ઓળખ્યાં. એ બંનેનો સ્વભાવ મને ઉગ્ર લાગતો. નાનાં બાળકોને કોઈ હુલાવીને બોલાવે જ નહિ.

પિતાજી સાથે પોસ્ટ-ઑફિસના હવા પ્રકાશવાળા ચૂનાબંધી મકાનોમાં રહેલાં હું તથા મારાં બહેન ભાવનગરના ડેલાના એ અંધારિયા ઘરમાં બહુ અણગમો અનુભવતાં. મોટાભાઈ તો એ મકાનથી ટેવાઈ ગએલા હતા. કાકા-કાકી તો અમને ઘણુંઘણું લાડ કરે, પણ ઉપર મોટાં મા અને દાદાનો તાડૂકો બધી મજા ખલાસ કરી નાખતો. દાદાને છેવટની અવસ્થાની બીમારી રહેતી. એક બીજા ઘરમાં ભોંયતળિયે તેમનો ખાટલો પાથરેલો જ રહેતો. ત્યાં જ તેમનું ખાવાનું–પીવાનું મોટાં મા કે કાકી ઘૂમટો તાણીને પહોંચાડતાં. તે ચૂના સાથે તમાકુ ખાધા કરતા. તેમને કફનું દર્દ હતું. એટલે આખો દિવસ ગળફા કાઢતા તે ખાટલા નીચેના એક મોટા પાળામાં થૂંકતા. એની સાફસૂફી ઘરની વહુવારુને માથે જ હોય. તે ઉપરાંત તેમને ઝાડે જવા માટે ઘરને પડખે અમારા કબજાની એક નવેળી હતી તેમાં રાખ પાથરેલું સૂપડું મુકાતું ત્યાં તે જતા. આ જ સ્થાનને અમે વાડો કહેતાં.

અમારા ઘરની સામે મ્યુનિસિપાલિટીની કચરાપેટી હતી. તેમાં આખા ડેલાનો કચરો સૌ નાખી જતાં. તે ઘણે ભાગે ભરાઈ જતો ત્યારે બાજુમાં મોટો ઢગલો થતો. તેની પાસે આગ વખતે કામ લાગે તે માટે પાણી ભરેલી એક ટાંકી રહેતી. તેના ચોકઠા નીચે આડાં લાકડાં હતાં તે પર બેસી ડેલાનાં બધાં છોકરાં ઝાડે બેસતાં. કોઇ વાર મ્યુનિસિપાલિટીનો સિપાઈ આવતો. 'સિપાઇ આવે છે' એવા ખબર કોઈ આપતું કે તરત બેઠેલાં બધાં ભુરૂરૂરૂ કરતાં ભાગતાં અને તે બેઠો હોય ત્યાં સુધી કોઈ ફરકતું નહિ. પણ રાતે તો છોકરાં અને મોટી ઉંમરની સ્ત્રીઓ પણ મોઢું ઢાંકીને ત્યાં બેસી જતી. ટાંકી અને પેટીની પાસે જ એક મોટું ગાડાપીપ રહેતું. તેમાં ડેલાનાં એંઠવાડનું ગંદું પાણી, અને ઘરમાંની કૂંડીઓનું પાણી બૈરાંઓ એક પથરા પર ચડીને નાખવા આવતાં અને આસપાસ કોઈ જોતું ન જણાય તો જમીન પર ઢોળીને જ ચાલ્યાં જતાં. આ ગંદવાડથી આખા ફળિયામાં માખીઓનો બણબણાટ ઊઠતો. ફળિયામાંથી દરેક જણ બહારના લોકોને ટોકે ત્યારે તકરાર અને ભાંડણ થતાં.



ભાવનગરમાં શેરડીપીઠના ડેલામાં દેસાઈફળીનું દશ્ય

ઘરમાંથી પણ પાણી કાઢવાની સોઇ નહોતી. રસોડું ધોવાય તેનું પાણી કાઢવા ખાળકૂવો કરાવેલો હતો, તેમાં પણ કચરો ભરાય ત્યારે બહાર ઓટલા પર તેની શેડો પડતી. એવું થાય ત્યારે પણ મ્યુનિસિપાલિટીવાળા નામ લખી જશે એવી બીક રહેતી.

એ જૂના ઘરનું ભોંતળિયું બહારના ફળીથી એક વેંત જેટલું જ ઊંચું હતું. મુખ્ય બારણું એક જ. તેમાં પેસીએ એટલે ડાબી તરફ તરત ઉપર ચડવાનો જૂનો દાદરો હતો. તેનું ઉપરનું છેલ્લું પગથિયું મેડાથી ઘણું નીચું હતું. એટલે બધાં બાળકો ત્યાં સુધી ચડીને અટકી જતાં. કોઇ તેને ઉઠાવી લે તો જ ઉપર જઇ શકે. મોટાં બાને પણ દોરડાનો આધાર રાખવો પડતો.

નીચેની ઓસરી ૧૦ થી ૧૫ ફૂટની હશે. તેમાં દાદરાની પાસે



ખારા પાણીનું સ્નાન

સામેના ચોરસ ઓરડાનું મોટું બારસાખ હતું. તેનાં તોતિંગ કમાડને ચણિયારાં હતાં. બાળકો તો એને ઉઘાડવાસ કરી જ ન શકે. બારણાની બાજુમાં લાકડાની પટ્ટીઓનું એક એક જાળિયું હતું. એટલું જ માત્ર ઓરડીમાં પ્રકાશ–હવાનું સાધન હતું. જાળિયાની બાજુના ખૂણામાં દાદાવારાનો એક જ કબાટ હતો તે એ વખતે કાકાના કબજામાં હતો. તેમાં થોડી દવાની શીશીઓ થોડા ચોપડા અને લખવાનાં સાધનો રાખતા. આગળના મુખ્ય બારણાની ફળિયા તરફની ભીંતને અડી પાણિયારું હતું તે પર બેડાંની બે-ત્રણ ઊતરડો રહેતી. નીચેના ભાગમાં એક ટીપમાં નાહવા માટે ખારું પાણી ભરવામાં આવતું. ઘરના પુરુષો અને છોકરાં સૌ ફળીમાં તાંબાકૂંડી લાવીને પાટલો મૂકી અથવા ઓટલાના પથ્થર પર બેસી નાહી લેતાં. બૈરાંઓ બે ખાટલાની આડચ કરી નાહી લેતાં. ઘરમાં નહાય તો કૂંડીઓ ભરાઈ જાય અને તેમને જ એ ઉલેચવી પડે. પરંતુ મહેમાનો માટે એ પણ લેવું પડતું. ઉનાળાની રાતે બધાંનું સહિયારું ફળિયું ખાટલા નાખેલી એક મોટી વણજાર બની જતું, એટલે કોઇને મકાનની સંકડાશ જણાતી નહિ.

અનુકૂળ ઋતુઓમાં ફળિયાના બધા પુરુષો અને મોટા થએલા છોકરા અંધારામાં ઊઠી ગામ બહાર આવેલાં કૂંડો અથવા તળાવો પર નાહવા જતા, અને સાથે પોતાનાં ધોતિયાં પણ ધોઈ લાવતા. શૌચ, દાતણ બધું જળાશય પાસે જ પતી જતું અને તેથી ઘણી વાર નજીકની જગ્યાઓ ગંધ મારતી. વરસાદ પછીના મહિનાઓમાં તો એ કૂંડ પણ ગંધ મારતા.

પણ ત્યાં તરતાં શીખવાની તથા ઊંચેથી ધૂબકા-ભૂસકા મારવાની મજા પડતી. હું પણ ત્યાં ડૂબવાનું જોખમ ખેડી થોડું તરતાં શીખ્યો. એક બે વખત તો છેવટના રામ બોલતો માથોડા નીચે પણ ઊતરી ગએલો, પણ અચાનક કોઈએ ખેંચી કાઢેલો તે ભુલાયું નથી. જાતજાતની તરાઈ કરનારા ગુલાંટ સાથે ભૂસકા મારનારા અને પ્રાણાયામ કરી ઘણી વાર સુધી ચત્તાપાટ પડી રહેનારા પ્રવીણો ત્યાં જોયા હતા.

આ જળાશયો ભાવનગરની કૂથલી-ક્લબ પણ બની જતા. રાજસત્તાથી માંડી બજારની કોઈ પણ વાત ત્યાં છૂટથી ચર્ચાતી. ઑફિસ સાથેની તડઝડ, ન્યાતના ઝઘડા, ગામના કિસ્સા વગેરે ચર્ચતાં આ જળાશયો દૈનિક પત્રનું કામ કરતાં. કોઈને છાપાં વાંચવાની ટેવ જ નહોતી; તો પછી દેશ-પરદેશની કથની તો અહીં કોણ કરે?

અમે તો સરકારી મકાનોમાંનળનાં પાણી છૂટથી વપરાતાં જોએલાં. ભાવનગર આવ્યાં ત્યાં તો નાહવા માટે ડેલાના ખારા કૂવાનું પાણી મળે અને છૂટથી નાહવું હોય તો કાકી કે બા સાથે કૂવાપર જઈએ ત્યાં એક ઘડો ખેંચી અમારી પર ઢોળી દે. આવાં ખારાં પાણી સાથે સાબુનો તો મેળ જ કેમ થાય? આ કૂવામાં ડેલાની દુભાએલી કંઈક સ્ત્રીઓએ આપઘાત કર્યા હતા એટલે મધરાતે કૂવા પાસે જતાં છોકરાં ડરતાં.

પીવાના પાણી માટે દરેક ઘરનાં બૈરાં વહેલાં ઊઠી સાથ કરી ઘોઘા દરવાજે ગામના ગંગાજળિયા કૂવા પર જાય અને સીંચવાની જગ્યા હાથ કરીને પોતાની ટોળીનાં બેડાં વારા ફરતાં ભરી દે. પછી દરેક જણ માથે હાંડા અને ઘડાની હેલ ચડાવે. વળી બગલમાં એકાદ નાનો દેગડો ઉઠાવે અને હાથમાં દોરડાનું ફીંડલું ઝુલાવતી ઊભી બજારેથી દુકાનો ઊઘડે તે પહેલાં ઘરમાં આવી જાય. એ જમાનામાં સ્ત્રીઓ માત્રને પાણીનાં બેડાં ભરવાની તાલીમ માતાઓના સાથમાં મળતી.

ઘરનાં કપડાં પણ તેમને જ ધોવાનાં હોય. અઠવાડિયે કે પંદર દિવસે આખા ઘરનાં કપડાં ભેગાં કરી ખારાના પાણીમાં ઝબોળે. આ ખારો ગધેડાં પર વેચાવા આવે ત્યારે સંઘરી લે, અથવા ઘણીવાર સૌ સાથમાં જઈ દરિયાના ખારમાંથી એકઠો કરી લઈ આવે. જે દિવસે કપડાં ધોવા ઘાટ પર કે તળાવ પર જાય તે દિવસે કંઈક ટાઢું ખાઈ લે અને મોડી બપોરે કે સાંજે નીચોવેલાં કપડાનો પિંડો તાસક પર ગોઠવી લાવીને સૂકવે. માત્ર ઑફિસમાં જનારા પુરુષોનાં કપડાં ધોબીને અપાતાં. દરેક મહોલ્લામાં જ ધોબીનું એક કુટુંબ વસતું હોય તેને જ એ ઘરાકી મળતી. ઘણી વાર ઘરમાં ખાવાનું વધ્યું હોય તો ધોબણ કે તેનાં છોકરાં લઈ જતાં.

કપડાં ધોવા ઉપરાંત ઘરનું લીંપણ અને થાપ પણ સ્ત્રીઓ જ કરતી. તે માટેનું છાણ દૂધવાળી રબારણ આપી જતી, પણ માટી તો ગધેડાંવાળા આવે તેમની પાસેથી ખરીદ કરવી પડતી. ગરીબ ઘરની સ્ત્રીઓ તો જાતે જ માટીના ટીંબે ખોદવા જતી. તેમાં ભેખડ પડતાં ઘણી સ્ત્રીઓ દબાઈ ગયાના બનાવો પણ બનતા.

અમારા ઘરમાં દર વરસે ચોમાસું જાય ત્યારે ઓટલા, ભીંતો–બધું ખોદાઈ ગયા જેવું લાગે. એટલે દિવાળી પહેલાં બૈરાંઓ ઘરની મરામત કરી ઉપર ખડીનો ધોળ કરી નાખતાં. પાણિયારા સિવાય ક્યાંય પણ ચોકડી નહોતી. પાણિયારાની બરોબર ઉપર રસોડાની એક ખાળ



હરિલાલ કાકાની દેવપૂજા

પથ્થરની લાદીની હતી. બાકી રાંધણિયું રોજ લીંપાતું, તેને થાપ કરેલા વાંસના બીંડલાની આડચ કરી હતી. ઘરડાંમોટાં તેની બહાર પાટલા નાખતા અને અમે છોકરાંઓ અંદર જ ગોઠવાઇ જતાં. બીંડલાની બાજુમાં ઓરડાની ભીંતને અડીને એક ગોખ હતો. તેમાં ઘરના કેટલાય દેવની નાની મૂર્તિઓ હતી. મારા કાકા રોજ નાહીને આ દેવોની પૂજામાં સારો વખત લેતા. એક રકાબીમાં નાગફણી સાથેનું શિવલિંગ હતું. શાલિગ્રામનો નાનો ગોળ પથ્થર હતો. લાકડાના ગણેશ હતા. એક શંખ હતો. એક મેરુ પર્વત હતો અને પાછળ નવેક ઈંચના તાંબાના પતરા ઉપર કંઇક જંત્ર કોતરેલું હતું.

કાકા પહેલાં તો ચંદન ઘસીને એક વાટકીમાં ભેગું કરતા. માલણ રોજ ફૂલનો પડો નાખી જતી તે કાકાની બાજુમાં ખુલ્લો પડચો હોય. બધા દેવોને તાજા પાણીથી નવડાવી ધોઈ, ખભા પરના રૂમાલથી લૂછી ફરી ગોઠવીને તે પર વચલી બે આંગળીથી ચંદન કરતા અને ફૂલ ચડાવતા. ફૂલોમાં મોટા ભાગે કરેણનાં ફૂલ હોય, કોઈ વાર જ ગુલાબ, મોગરો કે જૂઈનાં ફૂલો હોય. ફૂલો ચડાવ્યા પછી ઘીનો દીવો કરે, ડાબલામાંથી અગરબત્તીનો એક ટુકડો સળગાવે અને છેવટે ઘંટડી વગાડી આરતીનો મંત્ર બોલે. દેવસ્નાનનું પાણી તરભાણામાં ભેગું કરતા તે પછીથી બારી આગળ નેવા પાસે લટકતા તુલસીકૂંડામાં રેડી દેતા.

મારા પિતાશ્રી નથુરામ શર્માજીના વેદાંત માર્ગના અનુયાયી થયા હતા, એટલે તેઓ રોજ સંધ્યા-ઉપાસના ને આસન–પ્રાણાયામ કરતા. તેમાં હું સમજતો નહિ, પણ માનતો કે તેઓ કંઈક પવિત્ર કાર્ય કરે છે. પરંતુ કાકાની મૂર્તિપૂજાનાં ઠાઠમાંથી મને દેવી-દેવતાઓ વિષે જાણવાની ઇચ્છા થઈ; તેમજ પૂજાવિધિ મારફત દેવોને કંઈક કહી શકાય કે તેઓ કંઈક સાંભળતા હશે એવા વિચારો પણ આવતા. દીપ, પુષ્પ ને સુગંધનું એ વાતાવરણ ડેલાની મલિન છાપ થોડીવાર વિસરાવતું.

ભાવનગરમાં મારે કંઈ ભણવાનું નહોતું, એટલે ઘરમાં જ ધૂમ્યા કરતો. મને ડેલાના છોકરાઓમાં જતાં ડર લાગતો. તેઓ ગમે તેવું બોલતા અને લોકોના દેખતાં ઘણા જણ જાજરૂ કરવા બેસી જતા. એમની સાથે જોડાવાનું મન થતું નહિ.

ઘરમાં પણ ચારે તરફ સંકડાશ દેખાતી, નીચેના ઓરડામાં તો અંધારું જ હોય. તેની ઉપરના માળ પરના ઓરડામાં એક હીંડોળો હતો. ત્યાં મને ગમતું. ઉપરના ખંડને પાછલી બાજુ બે જાળિયાં હતાં. પણ આ ખંડ નીચો હતો, કારણ કે તેની ઉપર ત્રીજા માળનો મેડો વાંસની છત કરી બનાવેલો હતો. તેના ઉપર કોઈ ચાલતું હોય ત્યારે તે કચડકચડ બોલે. એ મેડામાં ઘરનો બધો ખેરીચો–જૂના ખાટલા, પટારા, પાટલા વગેરે વેરવિખેર પડચા રહેતા. તેમાં અજવાળું લાવવા અને નળિયાં ચાળનારને છાપરે જવા એક વા-બારું હતું. વરસાદમાં તે બંધ હોય ત્યારે તો દીવો લઈને ઉપર જવું પડતું. એ મેડા ઉપર એકલાં જતાં છોકરાઓને તો બીક લાગે. આ મેડા તેમજ પડખેનાં ઘરોના મેડાઓની વચ્ચે વાંસની જ ફડાતાલ (પાર્ટિશન) હતી, એટલે કેટલાંક બૈરાં ત્યાંથી રાતને વખતે પડોશને સંદેશ આપતાં.

કાકાને ભાવનગર રેલવેના હિસાબી ખાતામાં નોકરી હતી, તેથી રોજ નવ વાગ્યે વહેલા જમી બીજા ઑફિસવાળાઓ સાથે ચાલતાં બે માઈલની મજલ કરી ગઢેચીની ઑફિસે જતા. થોડાં વર્ષો પછી ચાર ચાર જણાએ મળી ઘોડાગાડીવાળા બાંધ્યા હતા. તે દરેકને ઘેર ફેરો લઈ બોલાવી જતા અને સાંજે તે જ પ્રમાણે મૂકી જતા. ઘણાં વર્ષો પછી રેલવે વર્કશૉપ અને ઑફિસો માટે ખાસ ટ્રેઇન જતી-આવતી થઈ હતી.

પિતાશ્રી પોતે ભણી શકચા નહોતા, એટલે પોતે નોકરી કરતાં



દાદીમા પૂજાની પોટલી ખોલી ભગવાનની છબિઓ સામે મૂકીને આરાધનાગીતો ગાતા.

ભાવનગરનો ખર્ચ નિભાવીને પણ કાકાને મૅટ્રિક સુધી પહોંચાડચા હતા. તેથી તેમને એકદમ રૂ. ૫૦ની નોકરી ઘરઆંગણે મળી અને વધુ અભ્યાસ કરવાનું માંડી વાળ્યું. એ વખતે બી.એ. સુધી પહોંચ્યા હોત તો તેમની સાથેના કેટલાક દીવાનપદ સુધી પહોંચ્યા તેમ એ પણ કોઈ ઊંચો હોદ્દો મેળવી શકત. પણ દાદા તથા દાદીમાને, એક છોકરો ઘર આગળ રહે અને તેમની માવજત થાય એવી બહુ ઇચ્છા હતી, એટલે કાકા કદી બહારગામના અનુભવો કે દૃષ્ટિની વિશાળતા મેળવી શકચા નહિ.

તે બેઠી કાઠીના હતા, પણ વાને દાદાના જેવા શામળા ને તેમના જેવા ગરમ સ્વભાવના પણ હતા. એ જમાના પ્રમાણે સગાં-વહાલાંઓએ આ ખાનદાન નબીરાને નાનપણથી જ કાકીનું વાગ્દાન કરી દીધેલું, એટલે કાકી બિચારાં ગામડામાંથી અભણ અને અણઘડ બાળવયે કુલવધૂ બની આવેલાં. મહા ચકોર અને ચતુર દાદીમાના શાસનમાં એમનો એકડો ઊડી ગએલો. ઘરની બધી વેઠ–પાણી, એઠવાડ, કૂંડી, ઘાટ પર ધોવાનું અને મહેમાનોની બરદાસ બધું કરવા છતાં તેમને સાસુ તરફથી જશ મળતો નહિ, એટલે વધુ ઠીંગરાતાં ગયાં. મારાં બા ભાવનગર આવે ત્યારે જ તેમને હૂંફ અને આશ્વાસન મળતાં. થોડો વખત જ સાથે રહેવાના કારણે કે મારાં બાના મીઠા સ્વભાવના કારણે ગમે તેમ, પણ એ દેરાણી-જેઠાણીનો સંપ બીજાઓ વખાણતા.

પિયરમાં પણ કાકીને કોઈ નહોતું કે કોઈ–મહિનો બે મહિના પણ સાસરેથી છોડાવે. બીજી તરફ કાકા સારા ભણેલા ગણાય અને તેમને આવી જીવનસાથી મળી તેથી ઘણો ઉકળાટ કરતા. અને કોઈ વાર એ જમાના પ્રમાણે પ્રહારો કે મેણાંથી નવાજતા.

છતાં કાકા અને કાકી મારાં બા પ્રતિ બહુ આદરમાન રાખતાં. કાકી વતી બા ભેર લઈ કાકાને ઠપકો આપે તે સાંભળી રહેતા. તેમાં આટલાં વર્ષોથી ઘરનો ભાર ખેંચનાર પિતાશ્રીનો પ્રભાવ પણ હશે. કાકા પિતાશ્રીનું સર્વ પ્રકારે માન કરતા અને તેમનો સંપ રામ-લક્ષ્મણ જેવો ગણાતો.

દાદીમાની પ્રકૃતિ તેજસ્વી હતી. સ્વામીનારાયણ સંપ્રદાયની દીક્ષા લીધેલી એટલે ઘરમાં નાહવા ધોવાનું અને સ્વચ્છતાનું ધોરણ જાળવવા તેમની જાગૃતિ પૂરી રહેતી. જે એંઠું રસોડામાં હોય તેનાથી કોઈને અડાતું નહિ. મોટાં મા પૂજાની પોટલી ખોલી ભગવાનની છબિઓ સામે મૂકીને આરાધના ગીતો ('જમો મારા વા'લા' વગેરે) ગાતાં તે વખતે હું પાસે બેસી જતો અને તુલસીવાળી સાકરની પ્રસાદીનો અધિકારી રહેતો. દાદાને શ્વાસની બીમારી રહેતી અને છેવટનાં વર્ષોમાં ખાટલાવશ થયા હતા. તેમના થૂંકનાં પાળાં અને ઝાડો, પેશાબની

સફાઈ ઘરનાં બૈરાં જ સંભાળી લેતાં. વઢવાણ કૅમ્પમાં પિતાજીને નોકરી થઈ તે એક રીતે બધાંને ગમ્યું, કારણ કે હેડ સોર્ટર તરીકે પિતાશ્રીને દર ત્રીજે દિવસે ભાવનગર જવાનું થતું તેથી માતા પિતાને અને ભાઈને મળવાની તક મળતી અને સૌને પરસ્પરના ખબરઅંતર મળતા રહેતા.

પિતાશ્રીની આ નોકરી હાડમારીની હતી, પણ પ્રમોશન જતું ન કરવું એ હેતુથી તેમણે તેનો સ્વીકાર કર્યો હતો. ઉપર ગ્રેડની જગ્યા તો જવલ્લે જ ખાલી પડતી અને પ્રમોશનો દુર્લભ હતાં. છતાં ય કોઈ સારી જગ્યા ખાલી થાય તો લાગવગવાળા માણસો ફાવી જતા. ઉપરના અમલદારોમાં મોટે ભાગે પારસીઓ હતા. એટલે પારસીઓ ઠીક ફાવતા. તે પણ પાછા મામા-માસીનું કરે એવા જ હોય. કારંજ-વાલા કે કામદીન જેવા તો કોઈક જ.

૧૯ વઢવાણ કૅમ્પમાં

રેલવે મેઇલની હેડઑફિસ વઢવાણ કૅમ્પ (હાલના સુરેન્દ્રનગર)-માં હતી. તે વખતે મોરબી રેલવે દૂધરેજના માર્ગ પરના બાગ આગળથી વાંક લઈ, ટાવર આગળ થઈ, ભોગાવાનો પુલ વટાવી નીકળતી હતી. તેથી તેના રસ્તાની બંને બાજુ કચેરીઓ અને ઑફિસોમાં કામ કરનારા વકીલો તથા અધિકારીઓનાં ભાડાનાં ઘરોની લાઈન બની હતી. આથી સવાર-સાંજ ટ્રેન નીકળે એટલે દરેક ઘરમાંથી છોકરાંઓ રસ્તા પર ઊભાંઊભાં તેને જોવાની મજા લેતાં. કૅમ્પ એટલે સરકારી થાણું; અને ત્યાં કોઈ અંગ્રેજ પ્રાંત સાહેબનું હેડ-ક્વૉર્ટર રહેતું. તેથી સફાઈ ને ચોકીદારી ઘણી હતી.છતાં પણ એ જમાનામાં યે ખાતરપાડુઓ હતા. રોજ ને રોજ ચોરી કે ખાતર પાડવાની વાતો સાંભળવા મળતી.

વઢવાણ કૅમ્પ પ્રાંતઑફિસનું મથક હોવાથી ત્યાં સરકારી અમલદારોની વસ્તી મોટી હતી. અને વઢવાણ, લીંબડી, ધ્રાંગધ્રાના વેપારીઓ તથા મજૂરોએ પણ તે ઉપર ગુજારો કરવા ત્યાં વસવાટ કર્યા હતા. વળી વઢવાણ રેલવેનું જંકશન બન્યું હોવાથી ત્યાં ભાવનગર, રાજકોટ તેમજ ધ્રાંગધ્રા તરફથી આવતી ગાડીઓ ભેગી થતી. ઉપરાંત બી. બી. ઍન્ડ સી. આઈ. રેલવેની ગાડી વીરમગામથી પણ આવતી. કાઠિયાવાડની બી. જી. જે. પી. (ભાવનગર-ગોંડલ-જૂનાગઢ-પોરબંદર) રેલવે નામથી ઓળખાતી ગાડીની માલિકી સંયુક્તપણે કાઠિયાવાડના એ રાજાઓની હતી. તેની વર્કશૉપ તથા વહીવટી ઑફિસો ભાવનગર પાસે વસેલા ભાવનગર પરાના વિસ્તારમાં હતી. અને તેના દરેક ખાતા ઉપર એક અંગ્રેજ અધિકારી હતો. રેલવે બાંધવાની સરકારે આપેલી અનુમતિ સાથે તે એક મોટી શરત હતી. વળી, રેલવેનું પોલીસ ખાતું રાજકોટ એજન્સીના તાબામાં હતું. આથી રેલવેની ચાલુ વ્યવસ્થામાં રાજ્યના અધિકારીઓ જરા પણ દખલ કરી શકતા નહિ. દરેક રાજાને તેના પોતાના ઉપયોગ માટે પૂરી સગવડોવાળું એક સલૂન રહેતું તે તેમના પાટનગરના મુખ્ય સ્ટેશને એક છાપરા નીચે સચવાતું. તેની ઉપર તે રાજ્યનું ચિહ્ન હોય જ. અમે સ્ટેશન પરની રેલવે મેઇલની ઑફિસમાં જઇએ ત્યારે કોઈ કોઈ રાજાનું સલૂન ટ્રેનમાં લાગેલું કુતૂહલથી જોઈ રહેતા.

મારા પિતાશ્રી રેલવે મેઇલના હેડ સોર્ટર હતા. એમનું કામ દરેક સ્ટેશન માટેની ટપાલ થેલી તૈયાર રાખવાનું અને સ્ટેશને ટપાલી જે થેલો લેતો આવે તેમાંની ટપાલ ગામગામનાં ખાનાંમાં જુદી પાડવાનું હતું. સાથે એક મદદનીશ અને થેલા બાંધનાર પટાવાળો હોય. ટ્રેનમાં ટપાલનો એ ડબો એક અજબ ઘર જેવો લાગતો. રેલવે પર દોડતી એક ઑફિસ જેવો જ એ લાગતો. રેલવે મેઇલના એ ડબામાં પેસવાનો અમને અધિકાર છે તે વિચારી અમે મલકાતા.

અંતે વઢવાણ કૅમ્પમાં અમને લખતરના ઉતારા સામે અરજણ જીવાભાઈ નામના એક રજપૂત ગાડીવાળાના ડેલામાં રસ્તા પર પડતું ઘર મળ્યું, ડહેલામાંથી તે ગાડીઘોડો અંદરના ચોકઠામાં રાખેલા એકઢાળિયામાં રાખતા. સામે એક ઓરડાવાળી પડાળી હતી. તેમાં વાણિયા તેમજ અન્ય વર્ણના એકબે ભાડૂત રહેતા. અમારા ઘરનું પ્રવેશદ્વાર રસ્તા પર હતું. પણ પાછળનું બારણું અને રસોડું ચોકઠામાં પડતું, એટલે આગળને બારણે સાંકળ વાસી મોટે ભાગે અમે છોકરાંઓ ચોકઠામાં રમતાં. અરજણભાઈ અને તેમનાં રજપૂતાણી વહુ અને બે છોકરાં બહુ પ્રસન્ન સ્વભાવનાં હતાં. તેમનું ઘર ઘણું સ્વચ્છ અને સાફસૂફ લાગતું, પણ તેઓ બધાં લૂગડાં પહેરી જમવા બેસતાં તે અમારી બ્રાહ્મણી રીતે બહુ અજુગતું લાગતું.

અમારા ઘરને અડીને ગલીમાં બીજા એક મુસલમાન ગાડીવાળા હતા. તેમનો દીકરો અબ્દુલ મારો ગોઠિયો બન્યો હતો. તે મને બહુ ગમતો. મુસલમાનના એ ઘરમાં પહેલાં તો હું ડરતો ડરતો જતો. પણ પછી તેના દાઢીવાળા પિતા મને હસીને પ્રેમથી બોલાવતા. ત્યારથી મુસલમાન નામથી ઘણા હિંદુ ભડકતા તેમ હું ભડકતો નહિ.

એ અબ્દુલને સુન્નત કરાવી ત્યારે તે મીઠાઇ આપી ગયો હતો. સુન્નતની વાત કહેતાં તે શરમાતો હતો, તેમાં બાળકની પેશાબની ઇંદ્રિય પર કાપ મૂકી ચામડી છૂટી કરવામાં આવે છે. એ એક મુસ્લિમ ધાર્મિક ક્રિયા છે. એની મને તે વખતે સમજ પડી. જનોઈથી બ્રાહ્મણ ગણાય, તેમ સુન્નતથી મુસલમાન થયો ગણાય. અબ્દુલના પિતા કે અબ્દુલને મેં કદી અપશબ્દો બોલતાં સાંભળેલા નહિ. બીજાં કોઈ એવું બોલે ત્યારે હું કાનમાં આંગળી ઘાલી દેતો. તેથી મને ઘણા ચીડવતા પણ ખરા. હું આજ સુધી અપશબ્દ ઉચ્ચારી શક્યો નથી.

એ વખતે દેશમાં છપ્પનિયો (વિક્રમ સંવત ૧૯૫૬ની સાલનો) દુકાળ પડ્યો. અનાજ તો પરદેશથી આવતું હશે, પણ ઢોર માટે ઘાસ અને પાણીની ગજબ તાણ પડી. એ છપ્પનિયાનો કેર હિંદુસ્તાન આખામાં ઐતિહાસિક બની ગયો છે. બેશુમાર ઢોર એમાં મરી ગયાં. ગામડાનાં લોકોને અત્યંત કષ્ટ પડ્યું. કંઈકે તો પોતાનાં છોકરાંને પણ ત્યજી દીધાં કે કોઇને આપી દીધાં.

આવા વખતમાં વખાની મારી એક વણજારાની જમની નામે છોકરી મારાં બાએ ઘરકામ માટે રાખી લીધી હતી. તેને ગામડાની રીતે રાજાનાં કુંવર-કુંવરીની, 'રાખસ'ની અને દેવદેવીઓની વાતો આવડતી. તે એવો તો રસ લાવતી, કે અમને તો જમની કોઈ ભૂલી પડેલી પરી જેવી લાગતી. આમ બાળકોમાં કલ્પનાનું જગત સરજનારી એ જમની કદી ભુલાવાની નથી. (ચાલુ)



જમની

કોંકણ-કિનારાની એક રહસ્યમય સત્યઘટના

ફાંસીઘરને આંગણેથી

ચુનીલાલ વ. શાહ

મુંબઈની દક્ષિણે કોંકણના દરિયાકિનારા પર શ્રીવર્ધન નામનું એક બંદર છે. કોંકણને કિનારે ફરતાં વેપારી વહાણો આ બંદર પર થોભે છે. નજીકમાં જ નાનિવલીની દીવાદાંડી અને બાજુમાં રાજાપુરી બંદર છે, જ્યાં કસ્ટમ ખાતાની ચોકી છે.

સને ૧૯૫૩ના ફેબ્રુઆરીની ૨૭મી તારીખે લગભગ મધરાતને વખતે રાજાપુરીના કસ્ટમ ખાતાના બે ચોકીદારો કિનારા પરની ચેના ભાગમાં પહેરો ભરતા હતા. દીવાદાંડીના દીવા પોતાનું કામ કરી રહ્યા હતા તે વખતે એક ચોકીદારે જોયું કે કાંઠા પરના જૂના તૂટેલા કિલ્લાની ઓથે દરિયાના પાણીમાં એક ફત્તેમારી વહાણ લંગર નાંખીને થોભ્યું છે. વહાણની આસપાસ કેટલીક નાનીનાની હોડીઓ પણ તરતી હતી. તો કેટલીક દૂર દોડી જતી લાગતી હતી. દેખાવ પરથી સહેજે જરૂર ખ્યાલ આવે કે પેલા માલભરેલા વહાણમાંથી અંધારાનો લાભ લઇ એ નાની હોડીઓવાળા પોતાનો ચોર-લૂંટારાનો ધંધો ચલાવી રહ્યા હોવા જોઇએ!

ચોકીદારે તુરત રાજાપુરીના અમલદારને સંદેશો મોકલ્યો. એટલે બંદરનો મુખ્ય કારકુન વહાણને કબજે લેવા થોડા ખલાસીઓ સાથે લૉંચમાં આવી પહોંચ્યો.

આ હિલચાલની ગંધ આવતાં ચાંચિયાગીરી કરતી હોડીઓ નાસી ગઈ, જ્યારે વહાણ એમને એમ સ્થિર ઊભું રહ્યું. તપાસ કરતાં તેના પર કોઈ માણસ જોવામાં આવ્યો નહિ! નહિ ટંડેલ કે નહિ ખલાસી; કોઇનો પત્તો નહોતો. વહાણ તદ્દન નધણિયાતું ઊભું હતું.

સરકારી અમલદારને શું બન્યું હશે તે કશું કળાતું નહોતું. છેવટે તેણે વહાણને રાજાપુરી બંદર પર લઇ જઈને લાંગર્યું અને અંદરના માલનું પંચનામું કરીને શ્રીવર્ધનના પોલીસ થાણા પર તેણે બાતમી પહોંચાડી.

શ્રીવર્ધન અને મુરુડના પોલીસ અમલદારોએ વહાણ પર પાકો પહેરો મૂક્યો અને તેની વધુ તપાસ આદરી. વહાણનું નામ હતું 'દેવકી કૃષ્ણ'. તેમાં ભરેલા માલની ગણતરી અને નોંધ કરવા માંડતાં માલૂમ પડ્યું કે માલની હેઠળની થપ્પી પર, ઘઉં અને આટાના થેલા પર, વહાણની કુંડીમાં[1], ફુગાવામા[2], ને સુકાનના કપ્પામાં[3], લોહીના નાના-મોટા ડાઘ પડેલા હતા! એ જ રીતે કેટલેક ઠેકાણે લોહી ધોઈ નાંખતાં પાછળ રહેલાં ધાબાં દેખાતાં હતાં, અને બીજા કેટલાક ડાઘા સંતાડી દેવા તેની ઉપર ચૂનો ચોપડી દીધો હતો.

લાગતું હતું કે ચાંચિયાઓએ વહાણ પર હલ્લો કર્યો હશે ને તેઓ તથા ખલાસીઓ વચ્ચે ચાલેલી મારામારીમાં ખલાસીઓ ઠાર થઈ જવાથી તથા ચાંચિયા નાસી જવાથી વહાણ નધણિયાતું બની ગયું હશે.

ગુનાનું મૂળ શોધવા અને પૂરી વિગત મેળવવા પોલીસે ખૂબ તપાસ ચલાવી. પણ કશું હાથ લાગ્યું નહિ.

તારીખ ૪થી માર્ચ, એટલે કે ઉપર્યુક્ત બનાવ પછી ચાર દિવસે મુંબઈ બંદરની ઉત્તરે આવેલા અંધેરીમાં કોલડુંગરી પર હનુમાન ભૈયાની ચાલીમાં જનાબાઈની ઓરડી પર એક તોફાન થયું. ચાર જણ વચ્ચે ભયંકર મારામારી અને તકરાર થઈ. જેમણે એ મારામારી જોઈ હતી અને તકરાર સાંભળી હતી તેઓ એટલું જાણી શકયા હતા કે કોઈ એક પેટી સંબંધે તેમની વચ્ચે લડવાડ થઈ હતી અને તેઓમાંનો એક મહાદેવ સોમતાંડેલ જે જનાબાઇને ત્યાં જ રહેતો હતો તે બીજાઓને સમજાવવા અને શાન્ત પાડવા મથી રહ્યો હતો. તે પેલાઓને સમજાવતો હતો કે, 'ભાઈઓ! તમે નકામા શાને લડો છો? પેટી તો પેલો મિચેલ બાબુ લઈ ગયો છે! તેને પકડવા હું તેની પાછળ ઘણુંયે દોડયો, પણ તે હાથમાં આવ્યો નહિ, પછી હું શું કરું અને કોઇએ શું કરે?'

પણ સોમતાંડેલની વાત માનવા પેલા કોઈ તૈયાર નહોતા. તેઓ ખૂબ ઉશ્કેરાઈ ગયા હતા. તેઓમાંના એક શેખ રસૂલે તો પોતા પાસેનો છરો કાઢીને સોમતાંડેલને મારવા ઉગામ્યો, પણ તે વખતે જનાબાઇએ એવી ચીસાચીસ કરી મૂકી હતી કે ચાલીમાં રહેતા કોલસાવાળા ભૈયાઓ એકઠા થઈ ગયા; પરિણામે ત્રણે જણા ગભરાઇને નાસી ગયા. જતાંજતાં શેખ રસૂલે સોમતાંડેલને ચેતવણી આપી હતી કે 'જો આજ રાતના દસ વાગ્યા પહેલાં મને પાંચમો ભાગ પહોંચશે નહિ, તો તું જીવતો રહી શકવાનો નથી તેની ખાતરી રાખજે!'

જે વસ્તુને માટે આ તકરાર થઈ હતી તે એક મોટી લોખંડી પેટી હતી. પાંચે જણે મળીને એ પેટી આગલી રાતના અંધારામાં એક અવડ કૂવામાંથી ખેંચી કાઢીને મેળવી હતી!

અંધેરીના પશ્ચિમ ભાગમાં વેસાવા બંદર છે ત્યાં સાત બંગલાની પાછળ નાળિયેરીનો એક મોટો બાગ છે. અને તેમાં એક જૂનો મોટો પડતર કૂવો છે. દિવસે પણ ભાગ્યે જ કોઈ એ તરફ જાયઆવે એવી એ જગ્યા છે. તા. ૩જી માર્ચની રાત્રે પાંચ માણસો એ કૂવામાંથી એક પેટી કાઢવા મથતા હતા. તેઓમાંના ત્રણ જણ કૂવામાં દોરડા સાથે ઊતર્યા હતા અને બે જણ કૂવાને કાંઠે રેંટ પર દોરડું પકડી રાખી ઊભા હતા. દોરડાને અંદરને છેડે લોખંડી પેટી બાંધી હતી. પેટી દોરડા વડે ખેંચાતી હતી; તે ઉપરાંત અંદરના ત્રણમાંના બે જણ તેને ઉપર ચડાવવામાં હાથનો ટેકો આપતા હતા.

પેટી ઉપર આવતાં જ કાંઠે ઊભેલા બેઉ જણાએ એકદમ એ ખેંચી લીધી અને હાથમાંનું દોરડું છોડી પેટી સાથે ભાગ્યા. દોરડું છૂટી જતાં એ પકડીને કૂવામાંથી ઉપર આવતા બે જણ પાછા કૂવામાં પછડાયા ને એનો ધમાકો થયો! પેલા બે જણ તો અંદરના સાથીઓની પરવા કર્યા વગર પેટી ઉઠાવી નાસી જ ગયા.

જનાબાઈની ઓરડી પર જે તકરાર જામી હતી તે આ પેટી બાબતની હતી. પેટી પાંચ જણે મળીને કાઢી હતી, પણ જે બે જણ બહાર ખેંચી લેનારા હતા તેઓમાંનો એક આ સોમતાંડેલ પોતે હતો અને બીજો મિચેલ બાબુ હતો, જે સોમતાંડેલના કહેવા મુજબ, પેટી લઈને નાસી ગયો હતો. એટલે મહેનત કરનારા બીજાઓ કશો બદલો મેળવી શકયા નહોતા! વિશેષમાં તકરારનો એ પણ મુદ્દો હતો કે પેટી ઉપર ખેંચી લેનારાઓએ દોરડું છોડી દઇને અને પછી પેટી ગુમ કરીને જે દગો કર્યો હતો.

શેખ રસૂલે જાન લેવાની જે ધમકી આપી હતી એનાથી સોમતાંડેલ ગભરાઇ ગયો. પોલીસનું રક્ષણ શોધ્યા સિવાય હવે પોતે જીવતો રહી શકશે નહિ એની એને ખાતરી હતી. જનાબાઈ પાસે પોતાનું હૃદય ખાલી કર્યું.

'જો જનાબાઇ, હું હવે અંધેરીની પોલીસ ચોકી પર જઇને બેસું છું, નહિ તો પેલો ખૂની શેખ રસૂલ મને ઠાર કર્યા વિના રહેશે નહિ. જની! હવે મારી હાપ ટકે તેમ નથી. જે થવાનું હશે તે થશે, પણ

૧ વહાણમાં રહેવા માટેનો પાછલો ભાગ.
૨ માલ ભરવાનું પોલાણ.
૩ કાપડનું બનાવેલું ખિસ્સું.

મારું મન બહુ મૂંઝાય છે. તે સહજમાં હેઠું બેસે તેમ નથી. એક બાજુએ આ માણસ મને મારી નાખવા તૈયાર થયો છે, ત્યારે બીજી બાજુએ પેલો મિચેલ બાબુ 'ચોરમાં મોર' બનીને પેટી સાથે કોણ જાણે ક્યાંક છુપાઈ બેઠો છે! હું પોલીસની અટકમાં પડીશ, તો પણ તેમાંથી કોઈવાર જીવતો છૂટી શકીશ; અને ન છૂટું તો હવે છેલ્લા રામરામ છે! તારો જૂનો મચ્છીનો ધંધો કરી તું તારું પેટ ભરી શકે તેમ છે એટલે એ બાબતની મને ચિંતા નથી!

અને એવી બેચેન મનઃસ્થિતિમાં સોમતાંડેલ ઉર્ફે મહાદેવ પદમા ચાલતો થયો અને જનાબાઈ તેને ભીની આંખે જોઈ રહી.

'સાહેબ! મારો જીવ જોખમમાં છે. મને આપ સાહેબનું રક્ષણ જોઈએ છે!' સોમતાંડેલે પોલીસ ચોકીમાં સીધા ઈન્સ્પેક્ટર પાસે પહોંચી જઈને કહ્યું.

'તારું નામ શું? કોણ છે તું અને શો ધંધો કરે છે?'

'નામ છે મહાદેવ પદમા સોમતાંડેલ; વહાણોના 'ડુંગી' (માર્ગ-દર્શક)નો ધંધો કરું છું''

એકાએક ઈન્સ્પેક્ટરને થોડા દિવસ પહેલાંનો બનાવ યાદ આવ્યો અને એણે પૂછ્યું. 'ઠીક. ઠીક, સોમતાંડેલ પેલા 'દેવકીકૃષ્ણ' વહાણની તને કાંઈ ખબર છે કે?'

'સાહેબ, હું આપને એ વિષે કેટલીક ખબર આપવા જ આવ્યો છું; પણ તેમાં મારું નામ સંડોવાવું ન જોઈએ એટલી મારી શરત છે.'

'કબૂલ છે; તારા નામને વચ્ચે આવવા નહિ દઈએ; પણ મારી ય એક શરત છે; તું જે ખબર પૂરી પાડે તે સાચી હોવી જોઈએ.'

'સાચું કહેવા માટે તો હું મારી મેળે તૈયાર થઈને આપની પાસે આવ્યો છું. હવે લખાવું તે લખી લો.'

ઈન્સ્પેક્ટરે લખવા માંડ્યું. અને તાંડેલે બોલવા માંડ્યું.

'જંજીરાની સીદી બાદશાહતમાં સોમતાંડેલ કુળનો હું ખલાસી છું. દરિયાઈ સફરે જવું, એ અમારો બાપદાદાથી ઊતરતો આવેલો ધંધો છે. પહેલાં કરતાં આજે મારી સ્થિતિ નબળી થયેલી લેખાય, માંડલા બંદરમાં મારાં ઘરબાર છે અને એક ફતેમારી છે, પણ તે નકામી પડી છે. ભાંગેલી હોઈ સમારકામ માંગે છે. દસ–પંદર વર્ષથી તો હું 'ડુંગી'નો (વહાણના માર્ગદર્શકનો) ધંધો કરું છું.

'હું જ્યારે મુંબઈ આવું છું ત્યારે જનાબાઈને ત્યાં ઉતરું છું, અને મન ચાહે તેટલા દિવસ રહું છું તેનું મારા પર દિલ છે. જોકે હમણાં જરા ચસક્યું છે. માધવ ખલાસી તેને ત્યાં આવતો જતો થયો છે એ મારી જાણમાં છે, અને એ મારો ભાઈબંધ પણ છે. જનાબાઈને ઘેર હું હોઉં ત્યારે એ માધવ, બીજો કાશીનાથ, ત્રીજો શેખ રસૂલ અને ચોથો મિચેલ બાબુ એ બધા મારા પિછાણવાળાઓ પણ જનાબાઈની એ રડી પર મને મળવા આવતા રહે છે. થોડા દિવસ પહેલાં તેમણે માલવણના 'દેવકીકૃષ્ણ' વહાણની વાત કરી. એ વહાણ મુંબઈના લકડી બંદરમા હતું અને ઘઉં, ચોખા, આટાના થેલા તથા ચાની પેટીઓ વગેરે સરકારી માલ ભરીને માલવણની સફરે નીકળવાનું હતું તેમણે એવું ઠરાવ્યું કે એ બધાએ એ વહાણમાં દાખલ થઈ જવું અને વહાણ માર્ગે પડે એટલે ટંડેલ તથા ખલાસીઓને ઠાર કરી વહાણમાંનો માલ લૂંટી જવો. આમાં પાછળથી વહાણ ચલાવવામાં મારે તેમને મદદ કરવાની હતી.

'પછી અમે ચામાર ગોદીમાં જઈને દેવકીકૃષ્ણ ફતેમારીના ટંડેલ શિવરામને મળ્યાં. માલવણના બંદરમાં જઈને એક વહાણનો સોદો કરવો છે એવું એને કહ્યું એટલે તે કામમાં પોતાથી બનતી મદદ કરવા તેણે અમને વચન આપ્યું. તે બહુ સારો માણસ હતો. એ દિવસે સાંજે અમે અમારો સામાન લઈને તેના વહાણમાં ચડ્યા અને ૧૯-મી ફેબ્રુઆરીના પરોઢમાં 'દેવકીકૃષ્ણ' વહાણ લંગર ઉપાડી માર્ગ પડ્યું.

'વહાણમાં બધા મળી પંદર માણસો હતા; શિવરામ ટંડેલ, તેના આઠ ખલાસીઓ, એક અજાણ્યો માણસ, હું અને મારા ચાર સાથીદારો. (માધવ, કાશીનાથ. શેખ રસૂલ અને મિચેલબાબુ) બપોરે બાર વાગ્યે ચાલતે વહાણે અમે જમ્યા. રાતપાળીના ખલાસીઓ સૂઈ ગયા અને બાકીના જમીને આડા પડ્યા. શિવરામ તાંડેલ સુકાન પર હતો તે પણ વચ્ચેવચ્ચે જરા ઝોકાં ખાઈ લેતો હતો. અમે પાંચ પ્રવાસીઓ જ પૂરા જાગતા હતા.

એવામાં મારા ચારે સાથીદારો ફુગાવામાંથી હળવેકથી બહાર નીકળ્યા. પોતપોતાના છરા સજ્જ કર્યા અને ઊંઘી ગએલા ખલાસીઓ ઉપર જીવલેણ ઘા કરી તેમને ઠાર કર્યા! તે બધાં મુડદાં મારા સાથીદારોએ થેલાઓમાં ભર્યાં અને લંગર સાથે બાંધી શ્રીવર્ધનના મધદરિયામાં ડુબાવી દીધાં! ફુગાવામાં સૂતેલો રસોઈયો તેમની નજર હેઠળથી છટકી ગયો હશે... તેનું નામ... તેનું નામ...'

ઈન્સ્પેક્ટરે તેને ટપાર્યો 'એમ ગળચવાં કેમ ગળે છે સોમતાંડેલ?

'હું અચકાતો નથી, મને તેનું નામ યાદ આવતું નહોતું. ઘણું કરીને એ રસોઈયાનું નામ જગન્નાથ હતું, પણ તેને બધા 'પોરિયો' કહીને બોલાવતા. તે છોકરાને મારવા માટે કાશીનાથે પોતાનો છરો ઉગામ્યો એટલે છોકરો જીવતદાન માટે બહુ કરગરતો હતો. વળી, એ વખતે મારા સાથીદારોનું ઝનૂન ઊતરી ગયું હતું એટલે તેમણે તેને જીવતો રાખ્યો. બનેલા બનાવની કશી વાત કોઈને નહિ કહેવાના તેણે સોગંદ લીધા હતા. એ રીતે એ એક જ ખલાસી આ ખૂનરેજીમાંથી બચી ગયો!

'પછી મારા સાથીદારોના કહેવાથી મેં વહાણનું સુકાન હાથમાં લીધું અને વહાણને જંજીરે આણ્યું; પરંતુ તેમાંનો માલ ઉપાડી જવાની સગવડ મળી નહિ, એટલે તેઓ ચારે જણ કાંઈ સગવડ શોધવા વહાણમાંથી ઊતરી બંદર પર ગયા, પણ તેઓ પાછા આવ્યા નહિ.'

'પછી શું બન્યું, સોમતાંડેલ?'

'પછી તો બીજું શું થાય? મેં તેમની ખૂબ રાહ જોઈ, વળી વહાણમાંથી ઊતરીને તપાસ કરી, પણ તેમનો પત્તો જ મળ્યો નહિ. એ તપાસમાં જ મને અહીં આવતાં વિલંબ થયો. એમાંનો પેલો મિચેલબાબુ જબરો નટખટ છે. તે પેલા રસોઈયા–છોકરાને લઈને ક્યાક પસાર થઈ ગયો છે. વસઈના કિલ્લામાં તે છુપાયો હોવાનો મને વહેમ છે. બાકીના બીજા બધા મારા સાથીદારો અંધેરીમાં છે.'

પોતાની જાતને બચાવી લઈને અને ગુનાનો બધો આરોપ સાથીદારો પર ઢોળીને સોમતાંડેલે વાત પૂરી કરી. પણ તે હજી અધૂરી હતી. પોલીસ ઈન્સ્પેક્ટરે એને એ સંભારી આપ્યું:

'પણ સોમતાંડેલ! તું ચોકી પર પોલીસનું રક્ષણ કેમ માગવા આવ્યો છે, તે તો હજી તે કહ્યું જ નથી.'

સોમતાંડેલ સમજી ગયો કે હવે પેલી લોખંડી પેટીની વાત અને તે માટે સાથીદારોમાં પડેલી ફાટફૂટની વાત કહ્યા વિના છૂટકો નથી!

એટલે એ પેટીવાળા બનાવની બધી વાત પણ તેણે ઈન્સ્પેક્ટરને લખાવી. છેવટે તે બોલ્યો: 'ઈન્સ્પેક્ટર સાહેબ! મારી પાસેની પૂરેપૂરી અને સાચેસાચી બાતમી એ મુજબ છે. હવે મારા પ્રાણ પણ આપના હાથમાં છે. આપે મારું નામ વચ્ચે ન આવવા દેવાનું મને વચન આપ્યું છે. હવે મને બચાવવા માટે જ આપ મને પહેલા પકડો, કબજે લો, અને મારા સાથીદારોને પણ અત્યારે જ (અનુ. પૃ. ૧૯૬)

વચ્ચે થોડું ક્રિકેટ

ચન્દ્રવદન મહેતા



નેવિલ કાર્ડસ
ઉસ્તાદ બૉલર
કલમબાજ
ક્રિકેટ-વિવેચક
સંગીતનો ખાં

એ-ઈ તારીખ હતી. કહું? ૨૦મી જૂન ને શનિવાર, ૧૯૫૯. આટલું ચોક્કસ કહી શકું છું. કારણ કે બ્રિટિશ કાઉન્સિલના મિ. એલ્ટને વિખ્યાત લૉર્ડ્સની ગ્રાઉન્ડ ઉપર ભારત અને ઇંગ્લૅંડ વચ્ચે રમાતી ટેસ્ટ-મૅચ જોવા લઈ ગઈ. ત્યાં ચાર પેન્સનું અપાવેલું સ્કોર કાર્ડ હજી મારી પાસે સંઘરાએલું પડ્યું છે. પૂછો કે આ વળી નાટકમાંથી ક્રિકેટમાં ક્યાં સરક્યા? પણ સરક્યા! એક તો ઇંગ્લૅંડ, તેમાં ક્રિકેટ રમાય, અને ત્યાં ભારત ટેસ્ટ મૅચમાં રમે, પછી કેમ રહેવાય? પણ ત્યાં એક બે એવી વ્યક્તિઓનો પરિચય થયો, કે તેને માટે પણ (અને નટ-નાટકમાંથી જરા વિરામ ખાતર પણ) સરકવું ઉચિત છે, એટલે સરક્યા. વળી, મારી સાથે ક્રિકેટના શોખીન કુટુંબના નબીરા કીર્તિદેવ ચીનુભાઈ, એટલે મૅચમાં જવાની મજા આવી; પણ... મૅચ જોવાની મજા ન આવી. સારા પ્રમાણમાં ભારતીઓ હાજર હતાં—સજ્જનો અને સન્નારીઓ; એમાં સન્નારીઓએ ગડીબંધ સાચવી રાખેલી, રંગ-રોનકથી ભભકતી સાડીઓ પહેરેલી, એટલે પ્રેક્ષકોનો શંભુમેળો જોવામાં વધારે રસ પડ્યો.

'બાંધ ગઠરિયાં'ના બીજા ભાગમાં એક-બે પ્રકરણો ભારતના મશહૂર ખેલાડીઓ વિષે લખ્યાં છે. અમે પોતે સારું ક્રિકેટ ખેલ્યા છીએ એની હકીકતો પણ આપી છે, છતાં હજી ઘણાં એવા મળે છે, જેઓ અમને બૅટ પણ પકડતાં આવડે છે કે કેમ એની શંકા કરે છે. ભલે કરે; લખાપટ્ટીમાં પડ્યા એ કલમ જ પકડી શકે, બૅટ-બૉલ નહિ એવી એમની માન્યતા. પણ એમણે જે ભડવીરોનાં નામ સુદ્ધાં નહિ સાંભળ્યાં હોય એવા પી. બાલુ અને ઈ. બોટાવાળાની બોલિંગ સામે અમે રમ્યા છીએ. પણ એ દાવાચુકાદાની વાતને શી પીંજવી?

અને અહીં ક્રિકેટરોના બનારસ (નવી ઢબે વારાણસી, પણ રેલવે અને એર હૅન્ડબિલ તો હજી બનારસ જ છાપે છે, એટલે આપણે એ જ રાખીશું) એવા લૉર્ડ્ઝની ભૂમિ ઉપર ભારતે કરેલા ધબડકાની કથા પણ જતી કરીએ. જો કે બધી જ ફેરા અહીં ધબડકો થયો છે એમ પણ નહિ; આ ભૂમિને માંકડ, ને એની પહેલાં અમરસિંહ, નાયડુ, મરચંટ, અને એની પહેલાં દુલીપ-રણજીએ બિરદાવી છે, અમર નામના મેળવી છે, એ ભૂમિ ઉપર ભારત હવે ક્રિકેટ રમે, રમવા જાય છે, એ બેહૂદું લાગે છે. અમને તો બૅટ પકડતાં નથી આવડ્યું, ખેર, પણ જેઓ હવે ત્યાં જાય છે, યા જશે, એમને પકડતાં આવડે છે? હવે વળી ભારતમાં ક્રિકેટ કેવું? દેશી રમતો અપનાવવાની વાતો થાય, નિશાળ, કૉલેજોમાંથી જેમ બને તેમ ક્રિકેટને કાઢી નાખવાના કોંટા રચાય, એ રમતને પોષનારા રાજા-રજવાડાં હવે રહ્યાં નહિ, એટલે એ બાજુથી પણ કશી આશા ન રખાય, ત્યાં વળી ક્રિકેટની રમત કેવી? બ્રિટિશ રાજ્યનો આ વારસો, એ તરફ સૂગ જ હોવી જોઈએ, એટલે આ રમત નહિ જોઈએ. વળી ખર્ચાળ પણ ઘણી, એટલે એને તિલાંજલિ જ આપવી જોઈએ. એમ વિદ્યાના ક્ષેત્રના કંઈક કહેવાતા મહારથીઓએ ઘટાવ્યું છે, ઉચ્ચાર્યું છે, વિચાર્યું છે, ત્યાં ક્રિકેટની રમતમાં પારંગત નીવડનારા આપણે શી રીતે? એ રમતને ટેકો ન આપવો, પોષવી નહિ, એ વાત આપણે પણ કબૂલ રાખીએ સહી; તો પછી નાદારો નોંધાવવા અહીંથી ઇંગ્લંડ રમવા ટોળકી મોકલવાની પણ જરૂર છે ખરી? દહીં અને દૂધમાં પગ રાખવાથી એ રમત સર નહિ થાય, એટલું જ નહિ પણ આપણી ટોળી હાસ્યને પાત્ર ઠરશે એ વળી જુદું. બંધ કરો, ધરાધર બંધ કરો, એ બ્રિટિશ રમતને નાબૂદ કરો, તો એના પાયા જડમૂળથી ખોદી કાઢો, બૅટ-બૉલના વેચાણને ગુનો ઠરાવો. જયપુર-જોધપુરમાં પરાકોટિએ પહોંચેલી અમદાવાદના ભદ્રના મેદાનમાં પહેલી રમતી શરૂ થએલી પોલો—ચોગાન ખેલવાની રમત—એને ખીલવો. પણ એ મોંઘી, એમાં ઘોડેસવારીની આવડતની જરૂર, એ કેમ પોસાય! તો મોંઘી એટલી બધી રમતો નાબૂદ કરો, અને દોઢ વેંતની દાંડી અને અરધી વેંતની ગિલ્લીની રમત જમાવો.

વળી આ ઉપરાંત જેવીતેવી, સાપ જતાં લિસોટા રહે એવી જે આ રમત રમાવી આપણા દેશમાં રહી છે, એના સંચાલનમાં, એના વહીવટમાં એની દેખભાળમાં જે ઈર્ષ્યાખોરીનો, મારા તારાનો, સત્તા-લોભનો સડો પેઠો છે, એ હકીકત પણ હવે છાની રહી નથી. અસલ એક કવિતા અમે શીખ્યા હતા.

'ઝેર ગયાં ને વેર ગયાં વળી સંપ થકી ચાલે વ્યવહાર'

એને આજે બદલી, એમાં થોડોક ફેરફાર કરી વાચીએ તો ચાલે, કે

'ઝેર વધ્યાં ને વેર વધ્યાં, વળી કુસંપથી ચાલે વ્યવહાર'

એવી દશા થઈ છે, જે રમતમાં બહોળા પ્રમાણમાં ખેલદિલી જોઈએ, એમાં જ એ રહી નથી. અંગ્રેજો તો, કોઈ વ્યવહારમાં યે આડીઅવળી ચાલ ચાલે એને પણ 'એ ક્રિકેટ ન કહેવાય' એમ કહેવત રૂપે કહેતા થઈ ગયા છે, એવી ક્રિકેટના વહીવટમાં જ 'ક્રિકેટ ન રમાય' તો ક્રિકેટના મેદાનમાં હવે વળી ક્રિકેટની રમત જોવા મળે ખરી? ૧૯૬૦–૧૯૬૧માં પાકિસ્તાન સામે ભારતે પાંચ ટેસ્ટ-મૅચો ખેલી, એમાંની એક પણ જીતી ન શકાઈ, એ હકીકત છે.

ચાલો, જે થવાનું હશે તે થશે, આવા બળાપા કાઢવા બેસીશું તો પાર કેમ આવશે?

મૅચ પછી કીર્તિભાઈ અને અમે છૂટા પડ્યા, એટલે બ્રિટિશ કાઉન્સિલના એલ્ટન મને લૉર્ડ્સના પ્રખ્યાત જીમખાનામાં ફેરવી, ખૂણામાંના રેસ્ટોરાંમાં કૉફી પીવા લઈ ગયા. ત્યાં એમણે નેવિલ કાર્ડસનો પરિચય કરાવ્યો. લગભગ સિત્તેરને આટલે પહોંચેલી એ વ્યક્તિને જોતાં જ મારા મનમાં એક વિચાર પસાર થઈ ગયો, અને મેં ધીમેથી મિ. એલ્ટનને પૂછ્યું, એટલે કાર્ડસે જ જવાબ આપ્યો 'હા, હું જ; હવે હું નથી લખતો, કદીક મૅચ જોવા આવું છું. અથવા સિમ્ફની કૉન્સર્ટ સાંભળવા જાઉં છું.'

ક્રિકેટ ખેલી જાણનાર, આ લૉર્ડ્ઝની ગ્રાઉન્ડ ઉપર મૅચમાં બે લિગ નાખનાર, અને વર્ષો સુધી ટેસ્ટ-મૅચ ઉપર અખબારોમાં ખાસ કરી

'માન્ચેસ્ટર ગાર્ડિયન'માં વિવેચના લખનાર આ વ્યક્તિનાં લખાણો ઘણી વાર મેં 'ટાઇમ્સ'માં વાંચ્યાં હતાં, પણ એ ઉસ્તાદી સંગીતના જાણકાર, અને થીએટરોમાં અદાકાર હશે એની તો મને અહીં જ જાણ થઈ. ગણિતના જાણકાર હોય તેને સંગીતના ખાં મેં જાણ્યા છે, પણ સંગીતના ખાં ક્રિકેટના શોખીન હોઈ શકે છે એ મેં એ દિવસે જાણ્યું. બહુ સરસ કલમબાજ, મૅચનાં વર્ણનોમાં અંગ્રેજી ભાષાને એ ખીલવે. મિ. એલ્ટનને જવું હતું, એટલે એ મને મૂકીને ગયા, અને આ વયોવૃદ્ધ પત્રકાર, રમત રમી જાણનાર મુલાયમ દિલના આદમી જોડે વાતે ચડવામાં બહુ મજા આવી. મૅચ જોતાં આવેલો રંજ આ ભાષામાં નકશી કરી જાણનારા કારીગરે ઉડાડી દીધો.

એણે ક્રિકેટનો સુવર્ણ કાળ જોયો હતો, માણ્યો હતો. જામ રણજીની અલૌકિક બૅટિંગકળા ફાટયે ડોળે નિહાળી હતી. 'રણજી – ગ્રાન્ડ મોઘલ' તો એનો સાથીદાર; સી. બી. ફ્રાઈ એનો ગ્રાન્ડ વઝીર; આ લૉર્ડ્ઝના મેદાન ઉપર સામ્રાજ્ય સ્થાપ્યું હતું એ બંનેએ. એક કાળે એ ધાર્યું જ કરતા; રમતને એ પોતાની આંગળીને ટેરવે, કાંડાના જોરે અને બુદ્ધિના બળે રમાડતા, એમ જ્યારે એ બે લ્યા ત્યારે મારો ઉમળકો સળવળ્યો :

'જામ રણજિતને ક્રિકેટના મેદાનમાં મેં જોયા નહોતા, પણ એના ગ્રાન્ડ વઝીર સી. બી ફ્રાઇને દસ જ ફીટ આઘેથી લૉંગ ઓન ઉપર ફીલ્ડિંગ કરતાં જોએલા.'

'સરસ! ત્યારે તો તમે ઘણી વાર ઈંગ્લંડ આવ્યા લાગો છો.'

'ના જી, બીજી જ વાર; દસ વર્ષ પહેલાં અહીં આવ્યો હતો ત્યારે અહીં ઑસ્ટ્રેલિયાના અને ઇંગ્લંડના ભડવીરોને ટકરાતા જોયા હતા. પણ ફ્રાઇને તો અમે ૧૯૨૩ ૨૪નાં મુંબાઈમાં કૉલેજમાં ભણતા ત્યારે ક્વૉડ્રૅન્ગ્યુલર મૅચોમાં 'ફ્રાઈ ચૉકલેટ' કહી મેદાનમાં ખીજવતા, અને પછી એનું બૅટિંગ જોઈ દંગ થઇ જતા.'

'એ તમારી વાત સો ટકા સાચી : પણ ચૉકલેટનો વેપાર તો એના ભાઈનો, ને ફટકાબાજીનો વેપાર આ ફ્રાઇનો. બહુ હોશિયાર માણસ; રાજકારણ પણ એ જાણે; સાહિત્ય પણ ખેડે, પ્રમાણે; કાયદો અને નાટકશાળા બંને એણે ખૂંદેલાં; વાત કરવા બેસે ત્યારે દિવસોના દિવસો સુધી એ ગમે તે વિષય ઉપર વિદ્વત્તાથી અને વાક્છટાથી વાતો કરે. ઑસ્ટ્રેલિયા મૅચ રમવા જતાં અમે સ્ટીમર પર સાથે ત્યારે કાવ્યના છંદથી માંડી છૂટાછેડાના કુછંદ સુધી એ દાખલાદલીલો સાથે વાર્તાલાપ કરે. જામ રણજીના ક્રિકેટ ઉપરની જ્યુબિલી બુકમાં એનો મહત્ત્વનો ફાળો છે, અને બૅટિંગ ઉપર એનું પોતાનું પુસ્તક વાંચો તો લાગે કે જો ઍરિસ્ટોટલના જમાનામાં ક્રિકેટની રમત રમાતી હોત, અને ઍરિસ્ટોટલે બૅટ ઝીક્યું હોત, તો ઍરિસ્ટોલ પણ બૅટિંગ ઉપર ફ્રાઈથી સારી વિવેચના ન લખી શકત!'

'અમે એને એકે સપાટે, એકે તડાકે બ્યાસી રન કરતા જોયા હતા; અને સામે બોલરો પણ જેવા તેવા નહિ.'

'બ્યાસી? ૧૯૦૧માં એમનો સૂર્ય મધ્યાહ્નમાં તપે. ત્યારે ગાંડ પચાસ રનની ઍવરેજ લાવવી, એ તો પરસેવાનાં પાણી. સીઝનમાં હજાર રન કરતાં તો લોહીમાં હાડકાં ઓગળે, એ કાળમાં જામ રણજીએ ૩૦૦૦ રન ફટકારેલા અને સરેરાશ તો નેવું ઉપરની બોલાવેલી! અને આ આપણા ફ્રાઇએ એક તડાતડીની મૅચમાં સદી નોંધાવી, બીજી એવી જ મૅચમાં બે સદી લખાવી, અને ઉત્સાહનો જુવાળ ઊભરાતો હતો, ત્યાં તો એક પછી એક એમ રસાકસીની મૅચોમાં છ લાગલાગટ સદીઓ નોંધાવવાનો વિક્રમ કર્યો. કહો રણજી અને ફ્રાઈની જોડી ઉપર ઇંગ્લંડ વારી ન જાય તો બીજું શું થાય?

'મિ. કાર્ડસ! જામ રણજી અને ફ્રાઈ બેમાં કોણ ચડે, ત્યારે?' મેં પૂછ્યું.

'સવાલ અસ્થાને છે. રણજી જીનિયસ, ક્રિકેટ તો એની નસોમાં દોડે, લોહીમાં થીજેલા રન વીજળીને વેગે વછૂટવા માંડે; આંખ કાંડીમાં, એવી તો ચપળ કે દીવાદાંડીની માફક ચોગમ ફરે! અને જેટલો જોરમાં દડો ફેંકાય, એટલી જ ગતિમાં એને બાઉન્ડરી તરફ કતરાવે, એમાં જ એની ખૂબી. આપણા ફ્રાઇને તો સાધારણ રમતાં આવડે, પણ... પણ... મિ. મહેતા! રમનારને ભલે સાધારણ રમતાં આવડતું હોય, પણ એમાંથી એણે નામના કાઢવી હોય તો અથાગ અને સતત મહેનતને પરિણામે એ શેમાં સિદ્ધિ નથી મેળવી શકતો એનો જીવંત દાખલો ચાર્લી ફ્રાઈ. ક્રિકેટમાં એણે તર્કશાસ્ત્ર આણ્યું અને પૃથક્કરણની ક્રિયા ઉમેરી. કેટલી જાતના દડા, ક્યાં ક્યાં પડી શકે, એ કેટલા ઊંચાનીચા ઉછળી શકે, એના વેગમાં ફરક પડતાં એની ઉછાળમાં એ કેટલો બદલાય; અને એમાં કાંડીની, આંગળીની મરોડમચક ઉપરાંત એમાં હવાનો હેલારો આવતાં જમીનની–વિવિધ પ્રકારની ઢીલી, પોચી, નરમ, ચીકટ, સખત, એવી જમીનની ઉપર એ દડો ઊછળતાં કેટલે અંશે મરડાય, એ બધાના એણે થોકબંધ નકશા પાડેલા; અને પછી એ બૉલને ટપલી મારી, ઠેસ મારી થપ્પડ-લપડાક કે ફટકો મારી, કઈ દિશા તરફ કાતરવો કે સમાહવો, ઉડાવવો કે દબાવવો, ચાંપવો કે મઠારવો એના પણ હિસાબ કાઢી રાખેલા. એમ કર્યા પછી બે ત્રણ બોલરો પાસે પ્રૅક્ટિસ કરાવે. એકનો એક દડો એક જ રીતે નંખાવ્યા કરે, અને એને એ ઝૂડચા કરે, અને એમ કરી પછી અમળાતા, વમળાતા, જાતજાતના વકરાતા દડાઓના દંશડંખ કાઢી એના ક્રેમ ઘડાલાડવા કરવા એની પણ રોજ કલાકોની મહેનત કરી હથોટી મેળવી. જામ રણજી પછી ચાર્લી ફ્રાઈ એના જમાનામાં એવો જામ્યો કે રનનો મોટો જુમલો ખડકાવી દેનારામાં બીજે નંબરે જરૂર આવે.'

'અચ્છા! હવે ફ્રાઇની રમતનો તો બરાબર ખયાલ આવ્યો. એનું ઊંચા કદનું માળખું નજર સામે તરવરે છે, પણ...'

'બોલો.'

'એ જમાનામાં એક જેસપ નામના છગ્ગામાસ્તર...'

'બદનક્ષી કરો છો તમે, મિ. મહેતા! જેસપ તમે કહો છો એવો ધોકાબાજ મારઝૂડીઓ બૅટ્સમૅન હતો જ નહિ. એને હું એ જમાનામાં ત્રીજે નંબરે મૂકું. ધરતીને ચૂમતો જ જાય એનો ફટકો; પણ રન મેળવે. રન મેળવનાર બૅટ્સમૅન હમેશાં કટ કાતરવામાં એક્કો હોવો જ જોઇએ. તો જ દડો ફેંકનાર જાળવીને પોતાની લૅંગ્થ ઘટાડે; અને ઘટાડી કે જેસપ જેવો ખૂની ચિત્તો બીજો કોઈ નહિ. ઉછળીને ઓછી લૅંગ્થના એ દડાને ઊંચક્યો જ છે–બાઉન્ડરીની બહાર. એક વાર એણે ઇતિહાસ સરજ્યો, અને ત્યારથી એ કહેવત થઈ ગઈ, જેસપિયન હિટિંગ. ઈંગ્લંડનો દા'ડો વાંકો; ૧૯૦૨ની એ સાલ ટેસ્ટમૅચ ચાલે. વરસાદ–નીતરી ભીની જમીન ઉપર ઈંગ્લંડને ૨૬૩ રન કરવાનો વારો આવ્યો; પણ દસ રનમાં જ ત્રણ લાશ પડી; અને પાંચ પડી પિસ્તાલિસમાં; અને એ બધા જ નામચીન સ્ટાર. સામે ઑસ્ટ્રેલિયાના લોહીતરસ્યા બૉલરો; ત્યાં જેસપ પડ્યો મેદાને. પીચ તો એવી કે ત્યાં વિજ્ઞાન કે શાસ્ત્ર, ગણિત કે જ્ઞાન કશું જ કામ ન લાગે. બૉલ ક્યાં પડે કઈ બાજુ ફરે ફરકે એની કશાની ગણતરી જ ન રહે, એવી વરસાદે લીલા કરી મૂકી હતી. એમાં જેસપ આવ્યો અને 'આવો બૉલ હોય તો આમ જ રમાય' એ જ્ઞાનને આવતાં વાર જ એણે ટાલ્લે ચડાવી દીધું. અને બધી ગણતરીઓ બાજુ પર મૂકી, જે થવાનું હોય તે થાય સહી એવું મનમાં કહી, આવ બચ્ચાં ફેંક તારો દડો, અને હું અહીં ખડો ખડો એનો લઉં







લૉર્ડ્ઝના ગ્રાઉન્ડ પરનો 'ગ્રાન્ડ વઝીર' (ડાબી બાજુ છેડે) સી. બી. ફ્રાઈ. રાજકારણ, કાયદેઃ, સાહિત્ય ને નાટકશાળાનો પણ રસિયો. (વચ્ચે) જી. એલ. જેસપ. કાર્ડસને મતે ત્રીજા નંબરનો ઉસ્તાદ બૅટ્સમેન. (ઉપર) વિલ્ફ્રેડ ર્‌હોડ્સ, કલામય બોલિંગનો બુદ્ધિશાળી કીમિયાગર.

બરાબર ઘડો, તે પંચાવન મિનિટમાં એણે તો જે ચકવા ચગાવ્યા કે પોતાના નામ પર પચાસ રન નોંધાવી દીધા. છ છ જણા સ્લિપની છટકબારીમાં ટાંપીને ઊભા રહેલા, તે બધા હાથ ઘસતા રહી ગયા; અને પછી તો બૉલરો વિમાસણમાં પડ્યા, અને જરા આડીઅવળી યુક્તિ અજમાવવા ગયા, ત્યાં જેસપ સાહેબે બીજી દસ મિનિટમાં ચોપ્પન ચડાવ્યા, એટલે પાંસઠ મિનિટમાં આંકડો પહોંચાડ્યો એક-સો ને ચારે, અને ઑસ્ટ્રેલિયાના બૉલરોની કેડ ભાંગી નાખી. માનશો? લોક તે દિવસે એટલું ગાંડું બન્યું હતું. બે અજાણ્યાં પણ એકમેકને આનંદમાં બાઝી પડતા, અને નાચવા માંડતા. આ વિક્રમથી જેસપ જગમશહૂર થઈ ગયો.'

'અને બૉલર...'

'ર્‌હોડસ–વિલ્ફ્રેડ ર્‌હોડ્સ.'

'બરોબર એક વાર ઑલ ઈન્ડિયા રેડિયો પર અમારા સી. કે. નાયડુનો ઇન્ટરવ્યૂ લેતાં મેં એક પ્રશ્ન પૂછ્યો હતો; 'તમારા અનુભવમાં કપરામાં કપરો બૉલર કોણ આવ્યો હતો?' ત્યારે એણે તરત જ ર્‌હોડ્સનું નામ દીધું હતું. ર્‌હોડ્સને અમે મુંબાઈમાં જોયેલો, ભારે બુદ્ધિશાળી બૉલર.'

'કેવળ બુદ્ધિશાળી નહિ, કલાકાર, કીમિયાગર. પણ તમારો 'સી.કે' માત્ર ભારતનો જ નહિ, પણ દુનિયાનો એક જબરજસ્ત ઑલ રાઉન્ડર છે; મોટા બૅટ્સમેનોની માફક એણે પોતાની મૌલિક શૈલી ઉપજાવેલી, પણ 'સી.કે' અને ર્‌હોડ્સનો મુકાબલો થયો, ત્યારે ર્‌હોડ્સની કારકિર્દીનાં ઊતરતાં પાણી. એની બોલબાલા જામ રણજીના સમયમાં. દડામાં એ એવી રીતે વેગ પરોવતો કે એનું રહસ્ય રમનારથી કળી શકાય જ નહિ. ઉપરથી વળાંક લેતો દડો જ્યારે ભોંય પડે ત્યારે એ એટલો તો લલચાવનારો હોય કે રમનાર છક્કડ ખાઈ જ જાય. દરેક દડો ભોંય ઉપર પડતાં–અડતાં જ, ભોંયની સ્થિતિ કેવી છે તેની જાસૂસી કરી તરત ફેંકનારને ગૂઢ સંદેશો પહોંચાડે, અને પછી આગળ ઊછળીને રમનારને છળાવે. એવા ત્રણ ચાર ધીમા સાદા જેવા લાગતા દડા પડે, એમાંનો એક ફેંકનારે ધાર્યો હોય એવો કાતિલ ઝેરથી ભરપૂર મનમાન્યું કામ કરી આપે, નક્કી કરેલી ગિલ્લી લે, યા વિચાર્યું હોય એના હાથમાં જ લચકાઇને પડે. ર્‌હોડ્ઝ એના જમાનાનો દુનિયાનો ધીમો યુક્તિબાજ અને કલાબાજ બોલર.'

પછી તો ક્રિકેટના વિષયમાંથી નીકળી એને સંગીતના જલસા વિષે વિવેચના કરતો સાંભળવાની એવી જ મજા પડી. મુક્તકંઠે જર્મન સંગીતકારોનાં એણે વખાણ કર્યાં; જિંદગીની તાજગી, જીવનની સંવેદના, ઊર્મિના વલોપાત ઉપરાંત કુદરતના ઝંઝાવાત એવું કશું ઇંગ્લંડના સંગીત પ્રયોજકોના ધ્યાનમાં ઊતરતું નથી, ઊતરતું હશે તો એને સૂરાવલિમાં તાદશ કરતાં આવડતું જ નથી.'

ઠાવકા, ઠરેલા, સ્વસ્થ એ કાર્ડસનાં કેટલાંક મંતવ્યો ધ્યાનમાં રાખવા જેવાં લાગ્યાં. એની આંખો બહુ નબળી હોઈ ક્રિકેટ છોડવું પડ્યું; એટલે બૅટ છોડી કલમ લીધી, અને એમાં ક્રિકેટની રમત ઉપર કાવ્યમય લખાણો લખ્યાં, ઉપરાંત દસ સંગીતકારો ઉપર સુરીલા શબ્દોની ઘટિત ગોઠવણી કરી ભાષામાં ગીતમાધુરી ભરી.

શું ધારો છો? છૂટા પડતાં એણે મને એક કાર્યક્રમ જોવા ભલામણ કરી, અને બે ગિનીની બેઠકની એક ટિકિટ પણ આપી,–એની પાસે એક વધારાની હતી,–અને એના પૈસા ન જ લીધા. છેલ્લામાં છેલ્લી પછવાડેની ટિકિટ એક ગિનીની, એટલે કે એકવીસ રૂપિયાની, અને સૌથી આગળની બેઠકની ટિકિટ ૧૫ ગીનીની એટલે (અનુ. પૃ. ૧૭૭)

શરીરમાં ગરમી અને શક્તિ પૂરનાર બધાં ખાદ્ય સ્નેહલ પદાર્થોમાં શ્રેષ્ઠ

માખણ

આહાર અને આરોગ્ય ૨૯

લેખક · ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

ખોરાકના કાર્બોહાઇડ્રેટ અને પ્રોટીન ઘટકોની ઓળખ પડતી નથી, પણ ત્રીજા ઘટક ચરબીને તો અબુધ માણસ પણ પિછાને છે. પિછાનમાં સાથે તેનું પૌષ્ટિક મહત્ત્વ પણ સારી રીતે જાણે છે અને સાજા કે માંદા તે ખાવા માટે ખાસ વલણ ધરાવે છે.

આપણા આહારમાં શક્તિદાતા ખોરાકો બે છે–કાર્બોહાઇડ્રેટ અને ચરબી. આમાં ચરબીમાંથી વધુ શક્તિ મળતી હોવાથી પ્રોટીનો જળવાઈ રહે છે, જે શરીરનાં બંધારણ ને મરામતમાં ઉપયોગી નીવડે છે. એટલે ચરબીથી ભૂખ વધારે સંતોષાય છે. અને તે ધીમેધીમે શોષાતી હોવાથી તેમાંથી મળતી ગરમી કલાકો સુધી જળવાય છે. શરીરમાં સંઘરાયેલી ચરબી શરીરની ગરમી વાતાવરણમાં ભળતી અટકાવે છે. વળી માફકસરની ચરબીથી શરીર ભરાવદાર, મોહક અને લાવણ્યભર્યું બને છે. આંતરડાંમાં કૅલ્શ્યમ અને વિટામિન 'એ'નું શોષણ થવામાં ચરબી જરૂરી છે. વળી ઈજાકારી દ્રવ્યો સામે હોજરી અને આંતરડાંને રક્ષણ મળે છે. ચરબીથી પેશીઓ દૃઢ બને છે, જીવાણુઓના ચેપથી રક્ષણ મળે છે. સગર્ભા સ્ત્રીના આહારમાં ચરબી ઓછી હોય તો બાળક સરાસરી કરતાં ઓછા વજનનું અવતરે છે. મેક્કેરિસન કહે છે, 'આહારમાં જો પૂરતી ચરબી ન હોય તો પગના ચાબખાંમાં પાણી ભરાવાથી સોજા (અં. ઇડિયા)ની સ્થિતિ આવી પડે છે.'

ચરબી વાટે ચરબીદ્રાવ્ય ચાર વિટામિનો જેવાં કે એ, ડી, ઈ અને કે શરીરને મળે છે. ચરબી આ વિટામિનોની ઓક્સવણી થતી બચાવે છે. વળી, તેમના શોષણમાં આંતરડાંની ચરબી સહાયભૂત નીવડે છે. આ ઉપરાંત, આહારમાં ચરબીની ઉપયોગિતા સ્નેહામ્લો (ફેટી ઍસિડ્ઝ)ને લીધે છે. ચરબીમાં બે પ્રકારના સ્નેહામ્લો છે, તૃપ્ત (સેટ્યુરેટેડ) ને અતૃપ્ત (અનસેટ્યુરેટેડ). તૃપ્ત સ્નેહામ્લો-ઊડી જાય એવા, જલદ્રાવ્ય અને ખંડના ઉષ્મામાને કઠણ રહે છે. એની યે પંદર જાતો છે, પણ પામિટિક અને સ્ટિયેરિક સામાન્ય અને વ્યાપક છે અને પ્રાણિજ ચરબીમાં અધિક છે. અતૃપ્ત સ્નેહામ્લો ઊડી ન જાય એવા, પાણીમાં ન ઓગળે એવા ને ખંડના ઉષ્મામાને તૈલી રહે છે. તેમની ચાર જાતો (ઓલિઇક, લિનોઇક, લિનોલેનિક એરાચીડોનિક) છે. વનસ્પતિજ ચરબીમાં વધારે પ્રમાણમાં હોય છે.

આપણા શરીરમાં તૃપ્ત સ્નેહામ્લો કોક અતૃપ્ત સ્નેહામ્લોમાં ફેરવાય છે, પણ લિનોલિઈક ને લિનોલેનિક આવી રીતે બનતા નથી. એમને ખોરાકમાંથી મેળવવાના છે. આ બન્ને સ્નેહામ્લો શરીરની વૃદ્ધિ અને આરોગ્ય માટે આવશ્યક (ઍસેન્શિયલ) સ્નેહામ્લો ગણાય છે. તેમના વિના ચરબી શરીરમાં સંઘરાતી નથી. ધાવણ અને જાતીય અંતઃસ્રાવોના ઉત્પાદનમાં તે સહાયક છે. વળી, તે કલેજામાં ચરબી એકઠી ન થવા દેનાર કોલિનના સંયોગીકરણમાં જરૂરી છે. ટૂંકામાં, આવશ્યક સ્નેહામ્લોની ન્યૂનતાને લીધે ઠીંગુજીપણું, પુષ્કળ તરસ, બરછટ વાળ, ને ચામડી, ખોડો, ખરજવા જેવા ચામડીના બગાડા અને નિઃસંતાનતા આણનારી બીજગ્રંથિઓ ને શુક્રગ્રંથિઓની વિકૃતિઓ આવી પડે છે.

આપણા ખોરાકના દરેક પદાર્થમાં થોડા-વધતા પ્રમાણમાં ચરબી છે. ચરબી વિનાનાં ત્રણ ખાદ્યો છે–ખાંડ, ગોળ ને મધ. વનસ્પતિ ખોરાકોમાં તેલીબિયાં અને કવચવાળાં ફળોમાં મુખ્યત્વે ચરબી છે. એની સરખામણીમાં સૂકધાન અને કઠોળમાં ઓછી ચરબી છે. સૂકધાનમાં બાજરી અને જવમાં અને કઠોળમાં સોયાબીન ચરબીથી સમૃદ્ધ છે. ચણામાં તે મોટા પ્રમાણમાં છે. પૉલિશ કરેલા ચોખા, મેંદો, કંદ ને મૂળ, શાક ને ફળોમાં થોડી ઘણી ચરબી છે. શ્રીફળમાં ચરબીની વિપુલતા છે. પ્રાણિજ ખાદ્યોમાં માંસ, હાડકાંનો માવો, કલેજું, ઈંડાંની જરદી, મચ્છીનાં તેલો, મલાઈ, માખણ, ઘી ને પનીરમાં પુષ્કળ ચરબી છે.

ચરબી બે જાતની છે– ૧) પ્રાણિજ અને (૨) વનસ્પતિજ. કોપરેલ, સરસિયું, મગફળી ને તલનાં તેલ એ વનસ્પતિજ ચરબી એટલે આપણાં જાણીતાં તેલો છે. પ્રાણિજ ચરબી સુમિશ્રિત રૂપમાં હોઈ સહેલાઈથી પચે છે ને શોષાય છે. વળી, તેમાં પ્રમાણ અને જાતમાં ઉચ્ચ ચરબીદ્રાવ્ય બધાં વિટામિનો છે. તૃપ્ત ચરબી શરીરમાં વપરાતી નથી, પણ માંસની તૃપ્ત ચરબી કુદરતી હોઈ પચે છે અને શરીરમાં સંઘરાય છે. મલાઈ, માખણ અને ઘી અતૃપ્ત ચરબીઓ છે. તેલો પણ અતૃપ્ત ચરબીઓ છે, પણ એમાં થોડી તૃપ્ત ચરબીઓ છે. જ્યારે માંસ એ તૃપ્ત ચરબી છે, એમાં પણ થોડી અતૃપ્ત ચરબી હોય છે. પોષણમૂલ્યની દૃષ્ટિએ માખણ અને ઘી પછી તાજાં વનસ્પતિજ તેલો છે. આ પણ સહેલાઈથી પચે છે અને અભિશોષાય છે. એમાં વિટામિન બી-૬, વિટામિન ઈ અને વિટામિન કે હોય છે.

મોટા ભાગના લોકોના આહારમાં ચરબી તરીકે વનસ્પતિજ તેલો વપરાય છે. તેલોમાં મગફળી અને તલનું તેલ ખવાય છે. ઉત્તર પ્રદેશમાં સરસિયું તો દક્ખણમાં કોપરેલ વપરાય છે. સાધનસંપન્ન લોકો માખણ કે ઘી વાપરે છે. મધ્યમ વર્ગના ને ગરીબ લોકો ઘીના ખોટા નામે ઓળખાતાં વનસ્પતિ ઘી વાપરે છે, જે ખરી રીતે થીજાવેલાં તેલ છે.

આપણા દેશમાં ખવાતાં તેલો અને ઘીની સરેરાશ પચનીયતાનો ક્રમ આ પ્રમાણે છે: કોપરેલ, મગફળીનું તેલ, ગાયનું ઘી, તલનું તેલ, સરસિયું, ભેંસનું ઘી અને થીજાવેલાં તેલ.

વનસ્પતિજ કે પ્રાણિજ ચરબીની પચનીયતામાં ખાસ ફેર નથી. થીજાવેલાં તેલ સિવાયનાં બીજા દરેક તેલ અને ઘીનો ગુણાંક ૯ ૪ ટકા ઉપર છે. થીજાવેલાં તેલ ઓછામાં ઓછાં પચનીય છે. કોઈ પણ સ્નેહલ પદાર્થની શ્રેષ્ઠતા પચનીયતાના આધારે ન અંકાય. શ્રેષ્ઠતા આંકવા તેનું ઉચ્ચ જૈવક મૂલ્ય અંકાવું જોઇએ. શરીરની વૃદ્ધિ થવાના એટલે કે વજન વધવાના આધારે જૈવક મૂલ્ય અંકાય છે.

'આપણા આહારમાં ઘી ની જગ્યા લઈ શકે એવું કોઈ તેલ નથી અને બધાં તેલોમાં મગફળીનું તેલ શ્રેષ્ઠ છે.' બધા સ્નેહલ પદાર્થોમાં ઘીનું જૈકવ મૂલ્ય શ્રેષ્ઠ ને તેમાં ય ગાયનું ઘી સર્વશ્રેષ્ઠ છે. પચનીયતામાં કોપરેલનો આંક ઊંચો છે, પણ તેમાં તૃપ્ત સ્નેહામ્લો વધારે છે. પ્રાણિજ ચરબીમાં ગાયનું ઘી મોખરે છે.

ઠંડા પ્રદેશોમાં શ્રમ કરનારને શક્તિના સાધન તરીકે ચરબીની જરૂર પડે છે, જે આપણા આહારમાં કાર્બોહાઇડ્રેટ અને ચરબીના પ્રમાણનું કોઈ ધોરણ જળવાતું નથી.

ચરબી જો કે ગરમી ને શક્તિ આપે છે પણ તે શરીર માટે પોષક કે રોગ સામે રક્ષણ આપનાર નથી. બે પ્રકારની ચરબીમાં પ્રાણિજ ચરબી ઉત્તમ છે, કારણ કે તેમાં વિટામિન–એ અને વિટામિન–ડી હોય છે. મોટા ભાગનાં તેલોમાં આ વિટામિનો નથી હોતાં. વિટામિન એ વિવિધ પ્રકારના ચેપ સામે શરીરની પ્રતિકાર-શક્તિ અને આરોગ્ય જાળવનાર છે. વિટામિન-ડી હાડકાં ને દાંતને જરૂરી હોવા ઉપરાંત ખોરાકના કૅલ્શ્યમ ને ફૉસ્ફરસના શોષણમાં મદદ કરે છે. એટલે રોજિંદી

જરૂરિયાતની કુલ ચરબીમાં ત્રીજા ભાગની (આશરે દોઢથી બે તોલા) તો પ્રાણિજ ચરબી હોવી જ જોઈએ.

શરીરની જરૂરત કરતાં વધારે પ્રમાણમાં ખવાતી ચરબીનો થોડો ભાગ જો કે શોષાયા વિના ઝાડા વાટે શરીર બહાર નીકળી જાય છે; પણ તેનો મોટો ભાગ શરીરમાં સંઘરાવાથી મેદોવૃદ્ધિ થાય છે. વળી, તેનાથી શરીરમાં કોલેસ્ટેરોલ ને લેસિથીનનું પ્રમાણ વધે છે, જે ધમનીઓની દીવાલોને વળગવાથી એથેરોસ્ક્લેરોસિસની સ્થિતિ ઊભી થાય છે. એના પરિણામે લોહીનું ઊંચું દબાણ, કોરોનરી થ્રોમ્બોસિસ અને કોરોનરી ઈન્ફાર્ક્શન જેવા જાનને જોખમી રોગો થઈ આવે છે.

જાણવા જેવું છે કે તૃપ્ત સ્નેહામ્લોવાળી ચરબી એથેરોસ્ક્લેરોસિસના કારણરૂપ ગણાય છે. જ્યારે અતૃપ્ત સ્નેહામ્લોવાળી ચરબીથી કોલેસ્ટેરોલ ને લેસિથીનનું પ્રમાણ ઘટે છે. કોપરેલ સિવાયનાં બીજાં તેલોમાં અતૃપ્ત સ્નેહામ્લો અધિક છે, જ્યારે માખણ, ઘી અને ડુક્કરના માંસમાં તૃપ્ત સ્નેહામ્લોની અધિકતા છે. વનસ્પતિ ઘી અને માર્ગેરિનમાં પણ મોટા ભાગે તૃપ્ત સ્નેહામ્લો હોય છે.

રોજિંદા આહારમાં ચરબીનું ઇષ્ટ પ્રમાણ ૧૨ તોલા (૧૨૦ ગ્રામ)નું છે. પણ તે ઓછામાં ઓછી પાંચ તોલા તો હોવી જ જોઇએ. અન્નાહારીઓ માટે આમાંના સાઠ ટકા એટલે ત્રણ તોલા ઘી, માખણ જોઇએ. મેક્કેરિસન પ્રાણિજ ચરબીનું ઓછામાં ઓછું પ્રમાણ ત્રીજા ભાગનું કહે છે. મોટા ભાગના લોકોને ઘી, માખણ મળવાં દુર્લભ છે. દૂધનાં પણ ફાંફાં છે. એમને ચરબીમાંથી મળતાં ખાદ્યપ્રાણો મેળવવા લીલોતરી શાક ને ભાજી, પીળા રંગી શાક, ટમેટાં ને ફણગાવેલાં કઠોળ ખાવાં જરૂરી છે. મોટેરાં કરતાં છોકરાંને શિયાળામાં પ્રાણિજ ચરબીની વિશેષ જરૂરત છે. આહારમાં ઓછી ચરબીના કારણે માનસિક અને શારીરિક શ્રમ ઉપાડી શકાતો નથી, વળી, પ્રાણિજ ચરબીનાં વિટામિનો ન મળવાથી ક્ષય જેવા શરીર ઘસારો પાડનારા રોગો થવાની શક્યતા રહે છે.

ચરબી વિષે આટલું જાણ્યા બાદ હવે આપણે સ્નેહલ પદાર્થો વિષે વિગતે વિચારીએ.

માખણ

દૂધની ચરબીસમૃદ્ધ બે પેદાશો છે–માખણ અને ઘી. દૂધની નીપજોમાં તે અતિ સંકેન્દ્રિત અને ઉચ્ચ ઉષ્ણાંક મૂલ્યવાળું ખાદ્ય છે. ચૌદ શેર દૂધમાંથી એક શેર માખણ બને છે. વળી, તે ઘણી સહેલાઈથી પચે એવી ચરબી છે. સારા માખણમાં ૯૦ ટકા ચરબી, ૮ ટકા પાણી, ૧ ટકો પ્રોટીન ને એક ટકો ખનિજ દ્રવ્યો ને ક્ષારો છે. રંગપ્પા માખણનું બંધારણ આ પ્રમાણે લખે છે: ૧૦થી ૪૦ ટકા પાણી અને ૬૦થી ૬૫ ટકા ચરબી. એક અધોળ માખણમાંથી ૧૧૪૦ યુનિટ વિટામિન એ અને ૨૧૧ ઉષ્ણાંક ગરમી મળે છે. માખણ પછી આવો પદાર્થ દૂધનો માવો છે. ભેંસના દૂધના એક ઔંસ માવામાંથી ૧૨૦ ને મલાઈમાંથી ૧૧૧ ઉષ્ણાંક ગરમી મળે છે.

માખણનાં સ્વાદ અને સોડમ અનોખાં છે. એની સ્નિગ્ધતા અનુપમ ને વિશેષણીય છે. એના ઉચ્ચ ઉષ્ણાંક મૂલ્યને લીધે પશ્ચિમના દેશોમાં એની વધુ વપરાશ છે. આપણે ત્યાં આહાર અને ઔષધમાં એનો ઉપયોગ છે, પણ થોડો. ગરમીના લીધે ચરબીનાં કણો અર્ધઘટ્ટ બનવાથી માખણ ઘટ્ટ હોવા છતાં ય એમાં છાશ અને ભીનાશ રહે છે. વળી એ જીવાણુઓથી દૂષિત હોવા સંભવ છે. ગરમીના દિવસોમાં છાશ બગડવાના કારણે તે ખાટું થવા સાથે એનાં સ્વાદ ને ગંધ બગડે છે. દસ મિનિટ સુધી ગરમ કરેલા દૂધનું બનેલું માખણ બે ત્રણ અઠવાડિયાં સુધી સારું રહે છે; પણ ગરમ કર્યા વિનાના દૂધનું માખણ ત્રણ-ચાર દિવસમાં ખાટું થવા લાગે છે. તાજી છાશમાં રાખી મૂકેલા માખણમાં ખટાશ આવતી નથી અને સોડમ લાંબો વખત જળવાઈ રહે છે. દસ ટકા કરતાં ઓછા પ્રમાણમાં મીઠું ભેળવવાથી કે પાણીમાં રાખવાથી માખણ જળવાય છે. માખણ લાંબો સમય સારું રહેતું ન હોવાથી હિંદમાં એનો ઝાઝો વપરાશ નથી, પણ માખણ ગરમ કરી બનાવેલું ઘી રાસાયણિક ક્રિયા અને જીવાણુઓથી બગડતું ન હોવાથી વિશેષ વપરાય છે.

માખણ બે પ્રકારનાં છે–છાશમાંથી વલોવીને કાઢેલું ને મલાઈમાંથી બનેલું. ઘરગથ્થુ બનતું માખણ પહેલા પ્રકારનું છે, જ્યારે આધુનિક દુગ્ધાલયોનાં માખણ બીજા પ્રકારનાં છે. આપણા પ્રાચીન આહારશાસ્ત્રીઓના મત અનુસાર 'તાજું માખણ હલકું, દેહને સુકુમાર બનાવનારું, મધુર, તૂરું, કંઈક ખાટું, ટાઢું, બુદ્ધિ વધારનાર, અગ્નિ પ્રદીપ્ત કરનાર, હૃદયને હિતકર, દસ્ત રોકનાર, પિત્ત તથા વાયુ હરનાર, વીર્ય વધારનાર અને અવિદાહી (જે ખાધા બાદ ખાસ ઓડકાર કે ગરધાઈ ન બળે એવું) છે. ક્ષય, ખાંસી, શ્વાસ, લાંબા વખતથી ન રુઝાતાં ઘારાં ને ચાંદાં, શરીરનો સુકારો, હરસ અને અડદિયો વા મટાડનાર છે.' (સુશ્રુત, સૂત્રસ્થાન, ૪૫–૮૪) વળી, 'તાજું માખણ વૃષ્ય, શીતવીર્ય, શરીરનો વર્ણ સુધારનાર અને બળ આપનાર છે.' (વાગ્ભટ્ટ સૂત્રસ્થાન ૫–૩૫) 'દૂધમાંથી કાઢેલું માખણ ઉત્કૃષ્ટ સ્નેહ છે. રસમાં મધુર અને અતિશીત છે. સુકુમારતા આપે છે. આંખો માટે હિતકર છે. અતિસાર રોકનાર છે. લોહીના વિકારો ને આંખના રોગો હરનાર છે. ચામડીનો વર્ણ ગૌર કરનાર છે (સુશ્રુત, સૂત્રસ્થાન ૪૫–૮૬). દૂધમાંથી કાઢેલું માખણ આંખોને હિતકારી, મૈથુન શક્તિ વધારનાર, બળ આપનાર, બહુ સ્નિગ્ધ અતિમધુર, ઝાડા રોકનાર ને ઠંડું છે' (ભાવમિશ્ર) વાગ્ભટ્ટ પણ દૂધમાંથી કાઢેલા માખણને આંખના રોગ મટાડનાર કહે છે.

મહર્ષિ ચરક સહિત ઉપર જણાવેલા આહારશાસ્ત્રીઓએ તાજાં માખણને વખાણ્યું છે. વાસી માખણને ભારે કહ્યું છે. સુશ્રુતે વાસી માખણને બાળકો માટે ઉત્તમ ગણાવ્યું છે. ભાવમિશ્ર અને સુશ્રુતે તેને મેદ અને કફ વધારનાર લખ્યું છે.

સ્નેહલ પદાર્થોમાં માખણની સર્વશ્રેષ્ઠતા ત્રણ કારણે છે–એક તો, તે ચરબીસમૃદ્ધ છે. એક અધોળ માખણ ¾ અધોળ શુદ્ધ ચરબીના જેટલું છે; બીજું તેનામાં વિટામિન 'એ'ની અતિ વિપુલતા છે; અને ત્રીજું તે ઘણી સહેલાઈથી પચે છે. માખણની સરળ પચનીયતાની વિશિષ્ટતા તેમાં રહેલા જલદ્રાવ્ય એવા બુટાયરિક, કેપ્રિક કે પિલાક વગેરે સ્નેહામ્લો છે. વળી, તેમાં ૪૦ ટકા ઓલિઇન છે. આની હાજરીથી માખણનું ગલનબિંદુ નીચું (૩૧·૩૪ અંશ સેન્ટીગ્રેડ) રહેવાથી તે ઘણી સહેલાઈથી પચે છે અને શોષાય છે. વળી, તે અપાચ્ય ઍસિડો શોષાવામાં સહાયભૂત નીવડે છે. માનવ ચરબીમાં પણ ઓલિઈનનું પુષ્કળ પ્રમાણ છે ને તે ૨૫ અંશ સેન્ટીગ્રેડે પીગળે છે. શરીરની ચરબીની જેમ માખણની ચરબીમાં પણ પુષ્કળ ઓલિઇન હોવાથી માખણનું ખોરાક તરીકે મોટું મૂલ્ય છે. માખણ વિટામિન 'એ'નું શ્રેષ્ઠ સાધન છે. એક ગ્રામ માખણમાંથી ૭૫ ગ્રામ વનસ્પતિજ તેલ જેટલું વિટામિન એ મળે છે. થોડા પ્રમાણમાં વિટામિન ડી પણ છે. ઢોરોના લીલોતરી ઘાસ ને પાંદડાંના ખોરાકથી માખણમાં આ વિટામિનોની વિપુલતા છે. માટીના વાસણમાં સંઘરેલા માખણના વિટામિન એ નો જલદી નાશ થાય છે. એનેમલ કે ચીનાઈ માટીના વાસણમાં તે જળવાઈ રહે છે.

ગાયના દૂધની જેમ ગાયનું માખણ ઉત્તમ છે. ભાવમિશ્રે ગાયના માખણને (नवनीतं हितं गव्यं।)હિતકારી કહ્યું છે; કારણ કે એમાં આયોડિન છે. શરીરમાં ચરબીની યોગ્ય વપરાશ માટે આયોડિન જરૂરી

છે. ભેંસના માખણમાં આયોડિન નથી. ગાયના માખણમાં વિટામિન એ વધારે છે, તો ભેંસના માખણમાં વિટામિન ડી. ગાયના માખણમાં પચનીય ને અભિશોષણીય દ્રવ્યો વધારે છે. નબળાંને અને બાળકોને તે પથ્ય છે. માનવ ચરબીને તે ઘણું મળતું આવે છે. ગોડબોલે ને સદ્‌ગોપાલનું કથન છે કે 'પામિટિક અને સ્ટિયેરિટ ઍસિડો'ના વધારે પ્રમાણવાળું માખણ ગાયના માખણ કરતાં ઓછું પચનીય અને અભિશોષણીય છે. ભાવમિશ્રે ભેંસના માખણને શ્રમ મટાડનાર અને મેદ તથા વીર્ય વધારનાર વર્ણવ્યું છે.

માખણનો સામાન્ય રંગ પીળો છે. પણ એ મોટા ભાગે ઢોરના આહારના પ્રકાર ઉપર આધારિત છે. લોકોને ભરમાવા માટે દુગ્ધાલયોના માખણને પીતરંગી બનાવવામાં આવે છે. માખણને આ કૃત્રિમ રંગ આપવાની રીતને વખોડતાં હચિન્સન આ પ્રમાણે જણાવે છે: 'આવા રંગોની પસંદગીમાં દુગ્ધાલયોએ આટલું જાળવવાનું છે કે માખણનો પીળો રંગ, ઉંદરોના કલેજામાં કેન્સર રોગ પેદા કરે છે.'

શરીરની સાધારણ ગરમીથી ઓછા ગલનબિંદુવાળા સ્નેહલ પદાર્થો ૯૭થી૯૮ ટકા આંતરડાંમાં પચીને શોષાય છે. વળી, માત્ર ગરમી આપવાના પ્રમાણ ઉપરથી સ્નેહલ પદાર્થોનું પોષણમૂલ્ય અંકાતું નથી, પણ તેમની શ્રેષ્ઠતા વિટામિનોની હાજરીને આભારી છે. આ વિટામિનોની ન્યૂનતાના કારણે શરીરમાં દૃઢ (અં. હેલ્ધી) પેશીઓ બંધાતી નથી, શરીરનો વિકાસ સધાતો નથી અને આરોગ્ય જળવાતું નથી.

આ ધોરણે બધા સ્નેહલ પદાર્થોમાં માખણ સર્વોત્તમ છે. એમાં સુપચનીય ચરબી છે, તો વિટામિન એની વિપુલતા છે. આવું પ્રાણિજ ચરબીના રૂપમાં માખણ મોટેરાં કરતાં બાળકોના આહારમાં ઘણું મહત્ત્વ અને અગત્ય ધરાવે છે. આવા સમર્થનમાં ભાવમિશ્રનું કથન છે કે ''तद्धितं बालके वृद्धे विशेषादमृतं शिशोः॥ બાળક અને વૃદ્ધને માખણ હિતકારી તેમાંય બાળકને તો અમૃતરૂપ છે. શું માખણની આ મહત્તા દર્શાવવા ભાગવતકાર વ્યાસે શ્રીકૃષ્ણને બાળપણમાં માખણ ચોરવાની અને લૂંટવાની મસ્તી કરતા બતાવ્યા હશે? નથી લાગતું, કે મસ્તીના આવા ચિત્રણ દ્વારા વેદવ્યાસે આપણા આહારમાં પ્રાણિજ પ્રોટીન અને પ્રાણિજ ચરબીની અતિઉપયોગિતા દર્શાવી આપણા આહારમાં તે સ્વીકારવા આડકતરો અનુરોધ કર્યો છે? હચિન્સન લખે છે, 'સહેલાઈથી પચતું માખણ માંદલાઓના ખોરાકમાં ચરબીના સાધન તરીકે અતિ મૂલ્યવાન છે. રોગી સહેજે પાશેર માખણ કોઈ મુશ્કેલી વગર અને પોષણને ઘણી લાભદાયી રીતે લઈ શકે છે. આંતરડામાં માખણનું સંપૂર્ણ શોષણ થાય છે. રોજ તે પાશેર ખાવા છતાંય અડધા કરતાં ઓછા ટકાનો દુર્વ્યય થાય છે. બીજી કોઈ ચરબી કરતાં માખણની આ વિશેષતા છે. ચરબીયુક્ત ઓષધનો આશરો લેતાં પહેલાં માખણની અજમાયશ કરવી જોઈએ.ઈ.સ. પૂર્વે છઠ્ઠા સૈકાના અરસામાં થઈ ગયેલા મહર્ષિ સુશ્રુતે માખણને बलकरं बृंहणशोषघ्नं (બલદાતા, શરીર પુષ્ટ કરનાર અને શરીરનો સુકારો હરનાર) કહ્યું છે.

દૂધ અને ઘીની જેમ માખણમાં પણ ભેળસેળ થાય છે. ભેળસેળની મુખ્ય ચીજ પાણી છે. બીજી ચીજોમાં હલકા પ્રકારનું ઘી, પ્રાણીની ચરબી અને દહીં વપરાય છે. ઇંગ્લૅંડમાં ભેળસેળમાં માર્ગેરિન વપરાય છે.

માર્ગેરિન એ બનાવટી માખણ છે. પ્રાણિજ કે વનસ્પતિજ ચરબીને ખાટા બનેલા સેપરેટ દૂધ સાથે એકતાર મેળવીને મિશ્રણને ઝડપથી ઠંડું પાડી માર્ગેરિન બનાવાય છે. ઠંડું પડતા પહેલાં મિશ્રણમાં સમતા લાવવા થોડા પ્રમાણમાં લેસિથીન અને માખણની પ્રતિકૃતિ આણવા દ્રાવ્ય યોગ્ય તૈલીરંગ ઉમેરવામાં આવે છે. માખણના જેટલું પોષણ મૂલ્ય લાવવા તેમાં વિટામિનો ઉમેરવામાં આવે છે.

માખણની જેમ માર્ગેરિન ઘણુંખરું આંતરડાંમાં શોષાય છે. માખણ કરતાં પોષણમૂલ્યમાં માત્ર બે ટકાનો ફેર રહે છે. મોંઘા માખણની અવેજીમાં માર્ગેરિન ઉત્કૃષ્ટ અને સસ્તું છે.

અનુસંધાન] **રંગગઠરિયાં** [પૃ. ૧૭૪થી

૩૧૫રૂપિયાની! 'નાઈટ ઑવ ધ હંડ્રેડ સ્ટાર્સ,' (સો સો સિતારાઓનો જલસો) નાટક ચાલે. નામોની યાદી જોઉં તો ઇલિઝાબેથ ટેલર, સ્પેન્સર ટ્રેસી, પૉલ રોબસન, રાલ્ફ રિચર્ડસન,—અલબત્ત, લૉરેન્સ ઑલિવિયર, ઓડ્રે હેપબર્ન, ઍલેક ગિનિસ, જૉન ગિલગુડ, સિબિલ થૉર્નડાઈક, ઈવા ગેબોર, માઈકલ રેડગ્રેવ...ગણતાં થાકો નહિ એવાં નામો.

દર સાલ આ એક જલસો થાય. બધાં જ નાનાંમોટાં નામાંકિત નટ-નટીઓ કંઇનું કંઈ ભજવી બતાવે; ધર્માદા શો. પણ આપણે ત્યાં છાશવારે દયા-ધર્મના ભજવાય છે એવો આ જલસો નહિ, ઑસ્પિતાલ, નિશાળ, તળાવ પાળ, ફુવાથાળ, રેલ-દુકાળ ને બાળગોપાળથી માંડી કોઈ પણ નાની-મોટી આળપંપાળ માટે રંગભૂમિનો દુરુપયોગ આજ વર્ષોથી થતો અહીં આવ્યો છે, એવો આ જલસો નહિ, એક જ નાઈટમાં એકે તડાકે બારહજાર પાઉન્ડ બૉક્સ ઑફિસમાંથી સીધા લઈ લેવાના,—દોઢ લાખ રૂપિયા એકઠા કરી લેવાના. સર લૉરેન્સ કે સર માઇકલ કે પૉલ રોબસન જેવા પણ આવવા-જવા કે પાઠ કરવા માટે એકે રાતી પેની લેવાના નહિ, અને ફંડફાળો 'ઇન એઇડ ઑવ ધ ઍક્ટર્સ ઑર્ફનેઈજ' માટે વપરાવાના, એની પેનીએ પેની નટ-નટીઓનાં નિરાધાર બાળકોનાં ભરણપોષણ માટે, એમના શિક્ષણ માટે વપરાવાની.

થીએટર કિયું? આરગાઇલ મહોલ્લામાં આવેલું 'પેલિડિયમ'. આશરે ૨૪૦૦ બેઠકવાળું, (ને—અલબત્ત—ત્યાં માઇક્રોફોન નહિ...જ).

દર સાલ આવી એક રાત ઊજવવાના. ભારતાચાર્ય થઈ ગયા આપણે ત્યાં બે હજાર વર્ષ પહેલાં. એમણે ત્યારની જાહોજલાલી જોઈ હશે, એટલે નાટ્યશાસ્ત્રમાં આ પ્રમાણેના ધર્માદા ખેલ યોજવાનું પોતાના શ્લોકોમાં લખેલું નથી. આજે રખડતા રઝળતા નટો માટે આપણે રંગભૂમિનો સદુપયોગ નથી કરતા; ત્યાં એમનાં નિરાધાર બાળબચ્ચાંઓ માટે તો શેનો જ કરીએ? અલબત્ત, ખરી રંગભૂમિ બાંધવાના કે નટ-નટીઓને ઉપયોગી થવાના કારણ વિના બીજા કોઈ પણ અલફાઉ કારણસર આપણે આપણી દયાધર્મની ભાવના આસાનીથી વિસ્તારવાના; જોરશોર કરી જાહેર કરવાના, ટિકિટ વેચવા બીજાઓને બારણે જઈ અઢળકની આપણી સેવાભાવનાના ઢોલત્રાંસાં વગાડવાના અને હજી પણ રંગભૂમિને ભોગે એ પ્રમાણે કરતા રહેવાના, એ નિશંક વાત છે.

અને ત્યાં સોમાંથી એક પણ નટે કે નટીએ આંગળું વાંકું, વચકો પડયો, રીસે ચડી, ઓછું આવ્યું ને નાઆ...હું તો નહિ ભજવું' એવો બાલિશ ટૂંકા મનનો એક પણ દેખાવ ન કર્યો તે જુદું. દયા-ભાવના કે ધર્મધાગાની કશી જાહેરાત નહિ, ભાષણલવારા નહિ. સૌકોઈ નટ-નટી પ્રેક્ષકો પોતપોતાની ફરજ સમજીને આવ્યા, વિવિધ તરેહના અભિનયોનાં રસછાંટણાં માણ્યાં-મણાવ્યાં, અને ઘેર ગયાં.

તમે મારી સાથે આ નટ-નટીઓને ધન્યવાદ આપવામાં સાથ આપો ખરા?

ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી લેવાતી આસ્વાદ, સંસ્કાર અને દીક્ષા પરીક્ષાઓ ચાલુ વર્ષે આગામી ઑગસ્ટ માસમાં લેવાશે. જે સંસ્થાઓ કેન્દ્રો ખોલવા માંગતી હોય તેમણે મંત્રી, ગુજરાતી સાહિત્ય પરિષદ, C/o શ્રી હ. કા. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ-૯ એ સરનામેથી જરૂરી સાહિત્ય મંગાવવા લખવું.

હજી યે સંપૂર્ણતાએ નહિ પહોંચેલી

કાળમાપની પદ્ધતિઓ

લેખક · રજનીકાન્ત મોદી

કોઈને પૂછીએ કે કેટલો સમય થયો છે અને એ જવાબ આપે કે બે ગૅલન કે દોઢ પાયલી તો આપણે જરૂર માની લઇએ કે એનું મગજ ચસકી ગયું હશે કે એ બહેરો હશે. પણ આપણી અત્યારની કાળ ગણવાની પદ્ધતિ આથી જરા યે ઓછી બેહૂદી નથી. આપણે પૂછીએ છીએ, 'કેટલા વાગ્યા છે?' અને જવાબ મળે છે, 'સાડા ત્રણ વાગ્યા છે.' જો કાળને ગૅલન, પાયલી કે શેર સાથે કશો સંબંધ નથી તો એને 'વાગવા' સાથે પણ કશો જ સંબંધ નથી.

સ્વતંત્રપણે કાળનું માપ કાઢવાની કોઈ પણ પદ્ધતિ અસલ હતી નહિ એટલે કાં તો અવકાશની લંબાઈ પરથી અથવા દ્રવ્યના વજન પરથી કાળનું માપ નક્કી થતું. આપણા દેશમાં 'ઘડી' અને 'પળ' શબ્દોથી કાળની ગણતરી થતી હતી. ઘડીનો અર્થ છે નાનો ઘડો. એક ઘડી કે ઘડૂલીમાં અમુક માપ અથવા વજનનું પાણી ભરવામાં આવતું અને એ ઘડીમાં નીચે એક ઝીણું કાણું રાખવામાં આવતું. એ કાણામાંથી ટીપું-ટીપું પાણી નીચે પડતું. આવા પ્રકારના યંત્રને જળ-ઘડિયાળ (અંગ્રેજીમાં વૉટર-ક્લૉક) કહેવામાં આવતું. ટીપાને સંસ્કૃતમાં 'પલ' અથવા 'લવ' કહેવામાં આવે છે. કાળનું માપ આ પ્રમાણે પાણીના નીચે પડવાના માપ અથવા વજનથી ગણવામાં આવતું. કાળ માપવાના આ યંત્રને 'ઘટિયંત્ર' પણ કહેવામાં આવતું. આપણો આજનો ઘડિયાળ શબ્દ પણ આના પરથ આવ્યો છે. પ્રાચીન બૅબિલોનમાં પણ એક નળી વાટે પાણીને વાસણમાં ટપકવા દઈને તેનું વજન કરીને કાળની ગણતરી કરાતી. ઘડીને માટે સંસ્કૃતમાં બીજા પણ શબ્દો છે: નાડિ, નાડી, નાડિકા; નાલિ, નાલી, નાલિકા. આ બધાનો અર્થ છે નળી. અમુક નિશ્ચિત માપના કાણા વાળી નળીમાંથી અમુક માપનું પાણી જેટલા સમયમાં ટપકે તેટલા સમયને આ નામો આપવામાં આવતાં. એ સમય આજની કલાક-મિનિટની ગણતરીને હિસાબે ચોવીસ મિનિટનો હતો. પાણીને બદલે રેતીનો ઉપયોગ પણ કાળ-માપનમાં કરવામાં આવતો હતો. ડમરુ જેવી કાચની શીશીને સૌ કોઈ જાણે છે.

આજે આપણા દેશમાં સર્વત્ર 'કેટલા વાગ્યા' એમ પૂછવાનો રિવાજ છે. સમય જણાવવા માટે અગાઉ ઘંટ અથવા ડંકા વગાડવામાં આવતા કે તોપ ફૂટતી. આજે પણ ઘણાં મંદિરોમાં અને રાતને વખતે કેટલાક બંગલાઓમાં પણ, જેટલા વાગ્યા હોય તેટલા ડંકાના ટકોરા કરવામાં આવે છે. આવા ટકોરાને સંસ્કૃતમાં 'પ્રહર' કહેવામાં આવે છે. 'પ્રહર' એટલે પ્રહાર કરવો, વગાડવું, ટકોરા કરવા. રાત ને દિવસના મળી આવા આઠ પ્રહર ('પહોર') ગણાતા.

પ્રાચીન કાળમાં સમુદ્રકિનારે વસતા લોકો જાણતા કે સમુદ્રમાં ભરતી-ઓટ નિયમિત સમયે જ આવે છે. એટલે એના પરથી પણ કાળની ગણતરી થતી. સમુદ્ર કિનારા પરની ભરતીની રેખા માટે (સંસ્કૃતમાં શબ્દ છે 'વેલા.' એના ઉપરથી જ સંસ્કૃત, ગુજરાતી અને ઈતર ભાષાઓમાં વેળા અથવા વેળ શબ્દ કાળનો વાચક બન્યો છે.

સૂર્ય, ચંદ્ર અને તારાઓ ઉપરથી કાળની ગણતરી કરવાની પદ્ધતિ તો આખા જગતમાં છેક પ્રાચીન સમયથી જ પ્રચલિત છે. ઇજિપ્તના ધર્મગુરુઓએ છ હજાર વર્ષ પહેલાં પણ વર્ષનું જે માપ કાઢેલું તેમાં માત્ર એક કે બે મિનિટનો જ ફરક હતો.

ઇજિપ્તમાં તેમ જ હિંદુસ્તાનમાં સૂર્યપ્રકાશમાં પડતી છાયા ઉપરથી કાળનું માપ અને ઋતુઓના ફેરફારો નક્કી કરવાની પદ્ધતિ હતી. જમીનમાં લાકડી કે થાંભલો ખોસીને એની છાયાનું નિરીક્ષણ કરવા ઉપરથી કાળ જાણી શકાતો. એટલું જ નહિ, પણ વરસ દરમિયાન મધ્યાહ્નને સમયે અન્ય ઋતુની સરખામણીમાં જે ઋતુમાં પડછાયો સૌથી વધારે લાંબો હોય ત્યારે શિયાળો હોય અને સૌથી ટૂંકો હોય ત્યારે ઉનાળો હોય, તેમ જ પડછાયાનું માપ આ બેની વચમાંનું હોય ત્યારે વસંત અથવા પાનખર ઋતુ હોય એમ તેઓ નક્કી કરતા. આમ ઋતુઓનો નિર્ણય પણ છાયા પરથી કરી શકાતો છાયા-ઘડિયાળો (અંગ્રેજી-સન ડાયલો) પણ પડછાયાના આધાર પર જ રચાતાં.

ઇજિપ્તના ખેડૂતો સૂર્ય ઉપરાંત સુદર્શન (અં. સિરિયસ) નામના તારાને આધારે પણ ખેતીની ઋતુ નક્કી કરતા. જ્યારે સૂર્યોદયની પહેલાં પૂર્વ દિશામાં એ તારો ઊગતો દેખાય ત્યારે નાઇલ નદીમાં પૂર આવતાં અને તે સમયને તેઓ ખેતીને માટે સિંચાઇનો સમય લેખાતા.

ઋતુઓની ગણના કરવા માટે સૂર્ય અને તારા ઉપયોગી હતા, પણ મહિનાઓની ગણતરીને માટે પ્રાચીન લોકો ચંદ્રનો ઉપયોગ કરતા. આથી વર્ષની ગણતરી, એક સૂર્ય પરથી અને બીજી ચંદ્ર પરથી એમ બે પ્રકારની બની ગઇ અને એ બે વચ્ચે મેળ બેસતો નહિ. વળી, સૂર્યના પ્રકાશમાં પડતા પડછાયા પરથી રચાયેલું કૅલૅન્ડર તારાના ઉદય પરથી રચાતા કૅલૅન્ડર સાથે પણ બંધબેસતું ન થતું. આથી ઘણી પ્રજાઓમાં એકી સાથે એક કરતાં વધારે પ્રકારનાં વર્ષો ગણવાની પદ્ધતિ પ્રચલિત હતી. મધ્ય અમેરિકાની મય જાતિમાં એક સાથે પાંચ પ્રકારની વર્ષ ગણતરી થતી હતી.

આમ, વર્ષનું માપ નક્કી કરવામાં બધા જ દેશોમાં મુશ્કેલી અનુભવવામાં આવતી પણ દિવસનું માપ કાઢવામાં તેમને આવી કશી પણ મુશ્કેલી પડતી ન હતી. એક મધ્યાહ્નની છાયાથી બીજા મધ્યાહ્નની છાયા સુધી, અથવા એક સૂર્યોદયથી બીજા સૂર્યોદય સુધી આ એક

નવી ટિકિટ: 'મૅલેરિયા નિવારણ' માટે 'વર્લ્ડ હેલ્થ ઑર્ગેનિઝેશને ચલાવેલી આંતરરાષ્ટ્રીય ઝુંબેશ નિમિત્તે બહાર પડેલી પાકિસ્તાનની બે સુંદર રંગીન નવી ટિકિટો. આ બંને ટિકિટો પર ડાબી બાજુ મૅલેરિયા-પ્રસારક મચ્છરનું અને જમણી બાજુ આ ઝુંબેશ માટેનું આંતરરાષ્ટ્રીય સંજ્ઞાત્મક આલેખન છે. (મોકલનાર: નુરુદ્દીન લુત્ફ-કરાચી)



શ્રી ચુનીલાલ વર્ધમાન શાહ

ગુજરાતના આ વયોવૃદ્ધ નવલકથાકાર અને વિદ્વાન પત્રકારે હમણાં જ–ગઈ તા. ૨૭ મેએ આયુનું ૭૫મું વર્ષ પૂરું કરી ૭૬મા વર્ષમાં પ્રવેશ કર્યો છે. પોણી સદીના અખંડ ઉદ્યમશીલ અને પ્રશાન્ત પ્રવૃત્તિમય એ જીવનનો આ 'અમૃત મહોત્સવ' પ્રસંગે અમે એમનું અભિવાદન કરીએ છીએ.

ઈ. ૧૮૮૭ના મે માસની બીજી તારીખે વઢવાણના દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન ગૃહસ્થ વર્ધમાન ફૂલચંદ શાહને ત્યાં એમનો જન્મ થએલો. (એમનાં માતુશ્રીનું નામ નાથીબાઈ.) વઢવાણની દાજીરાજ હાઇસ્કૂલમાંથી વિદ્યાર્થી તરીકેની ઉજ્જવલ કારકિર્દી સાથે ઈ. ૧૯૦૩માં મૅટ્રિક્યુલેશનની પરીક્ષા મોખરે આવીને–ને પૉલિટિકલ એજન્સીનું રૂા. ૫૦નું ઈનામ મેળવીને એમણે પસાર કરી એ પહેલાંથી જ એમની સાહિત્યપ્રવૃતિ આરંભાઈ ચૂકી હતી. કુટુંબની સામાન્ય આર્થિક સ્થિતિને લીધે અભ્યાસ છોડી શિક્ષક તરીકે એમને



જીવનનો આરંભ કરવો પડ્યો ત્યારે પણ એમનું વલણ તો સાહિત્ય અને પત્રકારત્વ તરફ જ ઢળતું રહેલું, ને એટલે જ ઇ. ૧૯૦૬માં તક મળતાં તેઓ અમદાવાદના 'રાજસ્થાન' પત્રમાં જોડાઇ ગયા. તે પછી ૧૯૦૯માં 'પ્રજાબંધુ'માં આવ્યા, ને ત્યારથી તે છેક ઈ. સ. ૧૯૫૩માં એ પત્ર તેના સંચાલકોએ બંધ કરી દીધું ત્યાં સુધી એમણે એની સાથે જે સાયુજ્ય દાખવેલું તે તો ગુજરાતી સાહિત્ય અને પત્રકારત્વના ઇતિહાસમાં એક ઉજ્જવલ પ્રકરણ જેવું છે. કવિતાથી આરંભાએલી એમની લેખન-પ્રવૃત્તિ આ પત્રોમાં આવ્યા પછી ગદ્ય તરફ ઢળી ગઇ; છતાં રસદૃષ્ટિએ અને શાસ્ત્રીય દૃષ્ટિએ કાવ્યની એમની સમજણ કેટલી ઊંચી અને પ્રૌઢ છે એ પ્રજાબંધુમાં એમણે કરેલા 'સાહિત્યચર્ચાના સૂક્ષ્માવલોકન' અને 'સાહિત્યચર્ચા'માંથી પ્રતીત થાય છે.

ઇ.સ. ૧૯૦૪માં એમની પ્રથમ નવલકથા 'વિમળા' પ્રકટ થઇ ત્યારે તેમની ઉમર માત્ર ૧૭ વર્ષની હતી. ત્યારથી માંડીને આજ સુધીના એમની લેખનપ્રવૃત્તિના અતિશય બહોળા પટ પર સંખ્યાબંધ નવલકથાઓ લખાઈ છે. મૂળરાજ સોલંકી, સોમનાથનું શિવલિંગ, ગુજરાતની ગર્જના, ધારાનગરીનો મુંજ, વસઇનો વેરો, સિંધ ઉપર સવારી, પાટણની પડતીનો પ્રારંભ, અઢારમી સદીનું મહારાષ્ટ્ર વગેરે એમની શરૂઆતની જાણીતી ઐતિહાસિક નવલકથાઓ છે. તે પછી 'કર્મયોગી રાજેશ્વર' અને 'રાજહત્યા'એ એમને વધુ પ્રતિષ્ઠા અપાવી. એ કાળની એમની સામાજિક નવલોમાં વિમળા, લતા અને લલિતા જ્યોત અને જ્વાળા તથા નોકરીનો ઉમેદવાર જાણીતી છે. આ છેલ્લી કથા પરથી 'કેશવકાન્ત બી.એ.' નામક ચિત્ર પણ તૈયાર થએલું. ડિટેક્ટિવ નવલો પણ એમને લખી, ને જૈન સાહિત્યને લગતાં પુસ્તકો પણ તૈયાર કર્યાં. ટૂંકી વાર્તાઓ પર પણ કલમ ચલાવી. આ પછીની અવંતીનાથ, રૂપમતી, નીલકંઠનું બાણ, એકલવીર, પરમ આર્હત, ચાણક્ય અને ચંદ્રગુપ્ત વગેરે નવલકથાઓમાં એમની પ્રતિભા સવિશેષ ઝળકી ઊઠી. સામાજિક–સાંસારિક કથાઓમાં પણ તેમની કથાઓ ઉત્તરોત્તર વિકાસ દર્શાવતી રહી છે, જેમાં 'જ્યોત અને જ્વાળા' તથા 'નગ્ન સત્ય' એ અદ્‌ભુત રસની તથા 'લતા અને લલિતા' એ

મધ્યરાત્રિથી બીજી મધ્યરાત્રિ સુધીના સમયને તેઓ સહેલાઈથી માપી શકતા. આ પદ્ધતિ પૃથ્વીના પોતાની ધરીની આસપાસના દૈનિક પરિભ્રમણના આધારે રચાઈ છે. આજે પણ એ જ પદ્ધતિ ચાલે છે.

પણ ૧૯૩૯–'૪૦માં એક અત્યંત વિચિત્ર હકીકત જાણવા મળી. ખગોળવેત્તાઓએ તેનું સમર્થન કર્યું. આ પહેલાં મનાતું કે પૃથ્વીની પોતાની ધરીની આસપાસની ગતિ બરાબર નિયમિત વેગથી જ થાય છે પણ એ ગતિમાં યે અનિયમિતતા છે અને પૃથ્વી વારાફરતી ધીમી પડી જાય છે અને ઝડપી બને છે. જ્યારે ખગોળવેત્તાઓએ ચંદ્ર અને ગ્રહોની ગતિની સાથે પૃથ્વીની ગતિને બારીકાઈથી સરખાવી ત્યારે આ વાતની જાણ થઈ. આ ફેરફારો ત્રણ સ્વરૂપના છે. ઋતુ–ઋતુમાં થનારા, અનેક વર્ષોમાં થનારા અને હજારો વર્ષોમાં થનારા.

અલબત્ત, આ ફેરફારો એટલા અલ્પ છે કે આપણા રોજિંદા જીવનમાં તેનાથી કશો ફરક પડતો નથી. પૃથ્વીની ધરીના પરિભ્રમણના આધારે રચાયેલાં બધાં ઘડિયાળો એથી ખોટાં પડે. તો પછી સાચું અને નિયમિત ઘડિયાળ કયું અને સમયનું સર્વમાન્ય ધોરણ પણ કયું? માટે પૃથ્વીની ગતિના આ ફેરફાર બરાબર નક્કી કર્યા વિના છૂટકો જ નથી

જો આપણે પૃથ્વીની સરેરાશ ગતિ લઇએ અને પૃથ્વીના સરેરાશ ૨૪ કલાકના દિવસ સાથે બરાબર બંધબેસતું અને હમેશાં બરાબર સમય બતાવતું 'પર્ફેક્ટ' ઘડિયાળ એના આધાર પર મૂકીએ તો આપણને ચમકાવી મૂકનારી એક ઘટના જાણવા મળે. બે હજાર વર્ષ પહેલાં એ ઘડિયાળ ૨·૬ કલાક પાછળ હોત, ઈ. ૧૭૫૦ની સાલમાં એ ઘડિયાળ બરાબર હોત, ૧૮૫૦માં બે સેકંડ ધીમું હોત, ૧૯૦૦માં ૩·૯ સેકંડ આગળ હોત અને ૧૯૪૦માં ૨૪·૫ સેકંડ પાછળ હોત. 'પર્ફેક્ટ' ઘડિયાળે તો હમેશ બરાબર સમય જ બતાવ્યો હોત, પણ પૃથ્વીની ગતિમાં ફેરફારો થવાને કારણે આટલો ફરક પડી ગયો હોત.

આ ફેરફારો ઉપરાંત લાંબી મુદતના ફેરફારોથી પણ પૃથ્વીની ગતિ ધીમી પડતી જાય છે. એમ ગણતરી કરવામાં આવી છે કે દરિયાની ભરતીના ઘસારાની અસરને કારણે દરેક સૈકાની અંદર સેકંડના અમુક અંશ જેટલી પૃથ્વીની ગતિ મંદ થતી જાય છે.

આ અત્યંત નાની અનિયમિતતાઓ માપવાને માટે ખગોળશાસ્ત્રી અને ભૂભૌતિકશાસ્ત્રીને કાળનું કોઈ સ્પષ્ટ ધોરણ અને ખાસ કરીને સેકંડનું નિશ્ચિત માપ જરૂરનું છે.

એટલે 'નિયમિત સેકંડ' નક્કી કરવા માટે તાજેતરમાં જ એક નવી પદ્ધતિ શોધાઇ છે. તારાઓની અંદરથી થતી ચંદ્રની ગતિનાં નિરીક્ષણોના આધાર પર એ રચવામાં આવી છે. આ ગતિ 'ઘડિયાળ'ની ગરજ સારે છે. તારાઓનું સ્થાન અને ચંદ્રની ગતિનો વેગ ખગોળશાસ્ત્રી

સાંસારિક કથાથી આરંભી તેમણે સરજેલી જિગર અને અમી તપોવન, વિષચક્ર, પ્રણય અને પરિણય, છાશ અને માખણ કાળજાનો ઘા, સંધિકાળ, મનોજવન, એક માળાનાં ત્રણ પંખી ઇત્યાદિ કથાઓ લોકપ્રિય નીવડી છે. છાશ અને માખણને મુંબાઈ સરકારનું રૂ. ૫૦૦નું ઈનામ મળ્યું હતું. સંધિકાળ નવલકથા માટે ૨૦૦૦નું, ને શ્રેયોમાર્ગ માટે ૧૦૦૦નું. એમ લગભગ દર વરસે એમની એકાદ કૃતિને શ્રેષ્ઠતાનું ઈનામ મળતું જ રહ્યું છે. રૂપાનો ઘંટ, નાગવેણી, વર્ષા, એકદંડિયો મહેલ, કાળની કલમે, સંસારને ઓવારે વગેરે એમના લઘુકથાસંગ્રહો છે.

છેલ્લે ગુજરાતના ગઇ દોઢ સદીના સર્વાંગીણ ઇતિહાસની ભૂમિકા પર રચાએલી 'કંટકછાયો પંથ' નામની અગિયારસો પાનાંની મહાનવલકથા હમણાં પ્રકટ થઈ છે અને હાલ તેઓ 'વિષાણુચક્ર' નામે એક નવલકથા લખી રહ્યા છે.

ગુજરાત સાહિત્ય સભાએ પોતાનો ઈ. ૧૯૩૭નો રણજિતરામ સુવર્ણચંદ્રક આપીને એમની સાહિત્યસેવાને સંમાની છે.

આ બધા સાહિત્યસર્જન ઉપરાંત એક જવાબદાર અને કર્તવ્યનિષ્ઠ તથા મૌલિક સંયોજનશક્તિવાળા પત્રકાર તરીકે 'પ્રજાબંધુ'માં એમણે જે કાર્ય કર્યું છે તે પણ નાનુંસૂનું નથી. ગુજરાતી સાપ્તાહિકોમાં સ્થિર વિચારસરણી, વજનદાર અભિપ્રાય અને વિશિષ્ટ વ્યક્તિત્વ ભર્યું 'પ્રજાબંધુ'નું જે સ્થાન હતું તેનો યશ એમને જ છે. આથી જ, ૧૯૪૧માં ગુજરાતી સાહિત્ય પરિષદ સંમેલનના પત્રકાર વિભાગનું પ્રમુખપદ એમને આપીને ગુજરાતે ગુણજ્ઞતા દાખવેલી.

'સાહિત્યપ્રિય'ને નામે એમણે 'પ્રજાબંધુ'માં સાહિત્યચર્ચાનું સૂક્ષ્માવલોકન' લખીને ગુજરાતી પત્રકારત્વમાં એક નવું તત્ત્વ ઉમેર્યું. છેક ૧૯૨૦થી લખાવી શરૂ થએલી એ વિવેચનાઓએ સાહિત્યરસિકોમાં ઘણો આદર પ્રાપ્ત કરેલો. આ ઉપરાંત, એમનાં વિસ્તૃત ગ્રંથવિવેચનો અને ઈ. ૧૯૩૦–'૩૧ના



વર્ષની એમણે કરેલી વાઙ્મય આલોચનાએ એમને વિવેચનાક્ષેત્રે પણ પ્રતિષ્ઠા અપાવી છે.

૧૯૫૩માં પત્રકારત્વમાંથી ૪૪ વર્ષની અખંડ કામગીરી બાદ નિવૃત્ત થઈ, નિરભિમાનપણે અને શાન્તિથી તેઓ સાહિત્યની ઉપાસના કર્યે જાય છે. આજ આટલી ઉંમરે પણ તેઓ શાંત, સૌમ્ય અને સુશીલ પ્રકૃતિ, શાણપણ, નિયમિત આહાર ને સંયમાદિ સુટેવો વડે સરસ આરોગ્ય ભોગવી રહ્યા છે અને રોજ પાંચેક કલાક સ્વાધ્યાય તથા લેખનમાં ગાળે છે. યુવાનોને પ્રેરણારૂપ એવા અરધી સદી ઉપરાંતના એ શાન્ત ને સ્થિર તેજે પ્રકાશી રહેલા કર્તવ્યરત જીવનને અમે નીરોગી અને દીર્ઘ યાત્રા ઇચ્છીએ છીએ.

એ જાણતા હોઇ સમય બરાબર કહી શકે છે.

તારાઓમાંથી પસાર થતા ચંદ્રનો ફોટોગ્રાફ લેવાય છે અને એ ફોટોગ્રાફ ઉપર ચંદ્રથી તારાનું અંતર મપાય છે. આ માપ એટલાં તો સ્પષ્ટ છે કે તેમને લેવામાં ચંદ્રની સપાટી પરના પર્વતોને પણ ગણિત કરતી વખતે ધ્યાનમાં લેવામાં આવે છે. પૃથ્વીના પરિભ્રમણને આધારે નક્કી કરાએલા ઘડિયાળનો કેટલા વાગે ફોટોગ્રાફ લેવામાં આવ્યો છે તે ખગોળવેત્તા જાણતો હોઈ ફોટોગ્રાફમાં દર્શાવ્યા મુજબ તારાઓમાં ચંદ્ર અમુક સ્થાને ક્યારે હતો તેનો સમય એ નક્કી કરે છે.

આ બેની વચ્ચેનો ફરક બહુ જ ઓછો છે. પણ ચંદ્રની ગતિ એટલે કે 'ચાંદ્રકાળ' નિયમિત છે અને તેથી નવી સેકંડ એના આધાર પર જ રચવાનું ખગોળવેત્તાઓએ નક્કી કર્યું છે. ચાંદ્રકાળ બહુ જ સાવધાનીપૂર્વક ગણતરી કરાએલા ચાંદ્રપંચાંગ પરથી નક્કી કરાતો હોઈ એને 'ચાંદ્રકાળ' (એફિમેરિસ ટાઈમ) કહેવામાં આવે છે અને એના આધાર પર રચાએલી સેકંડને 'ચાંદ્ર સેકંડ' (એફિમેરિસ સેકંડ) કહે છે.

આને માટે નવા ચાંદ્ર કૅમેરા પણ તૈયાર થયા છે અને એવા વીસ કૅમેરાઓ ઉત્તર તથા દક્ષિણ અમેરિકા, યુરોપ, હવાઇ, ઑસ્ટ્રેલિયા, ન્યૂ ઝીલૅંડ, જાપાન, ભારત ને આફ્રિકામાં મોકલવામાં આવ્યા છે. આ બધાને પરિણામે ૧૯૫૮ની સાલમાં કાળનું અતિશય ચોક્કસ માપ કાઢી શકાયું છે. અને હવે વૈજ્ઞાનિકો પૃથ્વીના પરિભ્રમણ ઉપરાંત બીજી બધી બાબતોને માટે પણ આમ નક્કી કરાએલી સેકંડનો ઉપયોગ કરી શકે છે.

આ 'ચાંદ્ર સેકંડ'ની સરખામણી હમણાં જ નવી શોધાએલી 'અણુ સેકન્ડ' (ઍટૉમિક સેકન્ડ) સાથે થશે. આ 'અણુ સેકંડ' અણુમાં થતા ઇલેક્ટ્રૉનના સ્પન્દનની તાલબદ્ધતા પરથી નક્કી કરવામાં આવી છે. શું આકાશીય તાલબદ્ધતા અને અણુની તાલબદ્ધતા એકસરખી છે અને એકબીજાને બદલે ઉપયોગમાં લઈ શકાય તેવી છે? શું વિરાટ બ્રહ્માંડ અને નાનકડો અણુ એ બંને એક જ મૌલિક કાળના આધારે સ્પન્દિત બને છે? આ પ્રશ્નોના જવાબો પ્રકૃતિના એક ઊંડામાં ઊંડા રહસ્યનો સ્ફોટ કરી આપશે, કેમકે બ્રહ્માંડનો તાલ આકાશીય ગોળાઓની પરિભ્રમણકક્ષાઓની અંદર થતી ગતિના આધાર પર રચાએલો છે અને તેથી ગુરુત્વાકર્ષણાત્મક છે, જ્યારે અણુનો તાલ વિદ્યુચ્ચુંબકીય (ઇલેક્ટ્રોમૅગ્નેટિક) છે કેમકે અણુની અંદર રહેલા ઇલેક્ટ્રૉન, પ્રૉ`ન વગેરે પરમાણુઓ વિદ્યુતશક્તિના બનેલા છે.

નવું અણુ ઘડિયાળ ચાંદ્ર સેકન્ડની જેમ જ પૃથ્વીના પરિભ્રમણની અનિયમિતાઓને તપાસવામાં ઉપયોગી થશે. અને પછી વિજ્ઞાનનાં આ બધાં સાધનોનો સુસંયોજિત ઉપયોગ કરીને કાળની તેમ જ ગતિની સૂક્ષ્મતાની બાબતમાં વધુ ઊંડું જ્ઞાન પ્રાપ્ત કરવાનો પ્રયત્ન થશે.

વૈશાખ ૧૯૯૩ • અંક ૧૬૧

પચ્ચીસ વર્ષ પહેલાં



માણસે દીવાસળીની શોધ કરી, કે એની શોધે માણસને સંસ્કૃત બનાવ્યો એ એક કોયડો છે. અગ્નિનો પ્રથમ સાક્ષાત્કાર થયા પછી માણસે તેને સંઘરવાની અને ધારે ત્યારે કામ આપવાની યુક્તિઓ શોધ્યા જ કરી છે. પુરાતન કાળમાં, જ્વાળામુખીઓમાંથી ઊડેલા ગંધકનાં ભરી રખાતાં ટાંકાંથી માંડીને આજની દીવાસળી સુધીનો એ આખો યે ક્રમવિકાસ દર્શાવતો લેખ પચ્ચીસ વર્ષ પરના 'કુમાર'માં આવેલો. તેનો સારભાગ :

ઘર્ષણથી ગરમી ઉત્પન્ન થાય છે એ જાણ્યા પછી માણસે લાકડાના પાટીઆમાં કાણું પાડી તેમાં બીજું લાકડું ગોળગોળ ફેરવી અગ્નિ ઉત્પન્ન કરવાની રીત ખોળી કાઢી. લોખંડને ચકમક સાથે ઘસતાં અગ્નિ ઉત્પન્ન થયો તે જોઇ એ રીત પણ પ્રચલિત થઈ. જંગલમાં વાંસના ઘર્ષણથી અગ્નિ ઉત્પન્ન થઇ આગ લાગવાનો પ્રસંગ આવતાં વાંસના બે કટકા ઘસી તેમાંથી અગ્નિ પેદા કરવાની પણ નવી રીત તેઓને હાથ લાગી. એવામાં એક વાર એક ચમત્કાર થયો. આખી પૃથ્વી હાલી ઊઠી અને એ ધરતીકંપ વખતે ભૂગર્ભમાંથી નીકળેલો ધગધગતો લાવારસ કેટલા યે જીવોના અકારણ નાશનો કારણભૂત થયો, પણ તેથી મનુષ્યો ઉપર એક આશીર્વાદ પણ ઊતર્યો. લાવારસથી આચ્છાદિત થએલી ભૂમિ ઉપર કપાસનો પાક સુંદર રીતે ખીલી નીકળ્યો અને દીવાસળીનો પ્રથમ અવતાર પણ આ વખતે જ થયો. પૃથ્વીમાંથી નીકળેલા ગંધકના ટુકડાઓને ઓગાળી, અંદર લાકડાની સળીઓ બોળી, લોકોએ ભારેલો અગ્નિ એકઠો કર્યો. આવી સળીઓ ઉપર એક ચિનગારી માત્ર પડતાં તેમાંથી હોળી પ્રકટવાનો અને મહા-આનંદનો પ્રસંગ ઊભો થતો. સમયની કૂચકદમ સાથે કિમિયાગરોના અખતરાઓમાંથી વ્યવસ્થિત રસાયણશાસ્ત્ર રચાયું. અને તેના પ્રતાપે આપણા જીવનમાં અત્યારે અગત્યનું સ્થાન ભોગવતી દીવાસળી ઉત્પન્ન થઈ.

દીવાસળીનો સૌ પહેલો અવતાર 'Oxy-muriated Match'ના નામથી ઓળખાયો હતો. ગુંદર, પૉટેશિયમ ક્લોરેટ, ગંધક અને ખાંડ એ ચાર પદાર્થોની પાણી સાથે લુગદી બનાવી, લાકડાની સળીઓને અંદર બોળવામાં આવતી અને એ સળીઓ જ્યારે ગંધકનો તેજાબ શોષેલા ઍસ્બેસ્ટોસ ઉપર મૂકવામાં આવતી ત્યારે એકદમ દેવતા થતો.

પણ આવી દીવાસળીઓ સામે બે વાંધા હતા; એક તો, ગંધકનો તેજાબ વાપરવો ભયકારક હતો, અને બીજો, એ તેજાબ વાતાવરણની ભીનાશ ચૂસી લઈ તેની ઉપયોગિતા નષ્ટ કરતો હતો. ઇ. સ. ૧૮૨૬માં ઇંગ્લંડના જોન વૉકર નામના એક રસાયણશાસ્ત્રીએ પૉટેશિયમ ક્લોરેટ, ઍન્ટિમની સલ્ફાઇડ અને સ્ટાર્ચ એ ત્રણ પદાર્થોનું મિશ્રણ કરી દીવાસળીને નવો વેશ પહેરાવ્યો. કાચ-કાગળ ઉપર ખૂબ ઘસતાં આ દીવાસળીઓ સળગી ઊઠતી, પણ તેમ કરવાને ખૂબ જોર વાપરવું પડતું અને તે દરમિયાન સળી ઉપરનું મિશ્રણ ઊખડી જતું.

તે અરસામાં ફાસ્ફરસનું તત્ત્વ દીવાસળીમાં દાખલ કરવા પ્રયત્નો ચાલતા હતા. ડૉ. ચાર્લ્સ સૉરિયાએ પહેલવહેલી ફૉસ્ફરસવાળી દીવાસળીઓ બનાવી. પરંતુ એ તો નુકસાનકારક હતી તે પાછળથી માલૂમ પડ્યું. શ્વેત ફૉસ્ફરસને લીધે આ દીવાસળીઓના ઉપયોગથી જડબાંના હાડકાંના કહોવાટનો અસાધ્ય રોગ થતો અને તેથી શ્વેત ફાસ્ફરસ સામે મનાઇ હુકમ કાઢીને તથા તેના ઉપર ભારે કર નાખીને તેનો ઉપયોગ સમૂળગો બંધ કરવામા આવ્યો.

અત્યારે આપણે જે દીવાસળીઓ વાપરીએ છીએ તે સેઈફટી મૅચ મૂળ સ્વીડનમાં એક જર્મન રસાયણશાસ્ત્રીએ બનાવી હતી. તેના શિરોભાગમાં પોટેશિયમ બાઇક્રોમેટ અથવા પૉટેશિયમ ક્લોરેટ કે સિંદૂર અને ગુંદર એટલી વસ્તુઓ આવેલી હોય છે અને દીવાસળીના ખોખા ઉપર ઘસણની સપાટી ઍન્ટિમની સલ્ફાઇડ, કાચની ભૂકી અને લાલ ફૉસ્ફરસની લુગદી વડે તૈયાર કરવામાં આવી હોય છે. આ દીવાસળીઓ ગમે ત્યાં ઘસવાથી સળગતી નથી પણ જ્યારે તેને આ તૈયાર કરેલા સ્થાન ઉપર ઘસવામાં આવે છે ત્યારે જ તે સળગે છે. આ ઉપરાંત દીવાસળી સળગી રહ્યા પછી મોગરો ખરી પડી કોઇ વખત આગનો પ્રસંગ ન લાવે માટે દીવાસળીઓને (મોગરો ચોંટાડતાં પહેલાં) ફટકડી, સોડિયમ ફૉસ્ફેટ અથવા ઍમોનિયમ ફૉસ્ફેટના દ્રાવણમાં બોળી રાખવામા આવે છે. આને લીધે દીવાસળી હોલવાઈ ગયા પછી પણ મોગરો ખરી પડતો નથી.

અમેરિકામાં બીજી એક જાતની દીવાસળીઓ પણ ચાલે છે અને તે Strike-anywhere Matches ના નામથી પ્રખ્યાત છે. આ દીવાસળીના મોગરાને બે પડ હોય છે : ઉપલા પડમા ફૉસ્ફરસ સેસ્ક્વીસલ્ફાઈડ વગેરે જલદી સળગી ઊઠે તેવા પદાર્થો હોય છે અને નીચલા પડમા ગંધક, રાળ અને પૉટેશિયમ ક્લોરેટ હોય છે. ઘર્ષણને વધારે અસરકારક બનાવવા માટે કાચની ભૂકી ને મોગરાને મોહક દેખાવ આપવા માટે રંગો પણ ભેળવાય છે અને સળગતાં એ સુંદર વાસ આપે માટે દીવાસળીની કેટલીક જાતમા ધૂપ પણ નંખાય છે.

જ્યા પુષ્કળ ઠંડી પડે છે એવા પ્રદેશોમાં ઊગતા નૉર્વે ફેરસ પાઈન વૃક્ષોનું લાકડું દીવાસળી માટે આદર્શ લાકડું છે. હિંદમાં દીવાસળીનું લાકડું પહેલા બહારથી આયાત થતું, પણ હવે તે હિમાલયના પ્રદેશમાંથી આવે છે. દીવાસળીનું ખોખું તો દેવદારનું બનાવાય છે.



હકુની હકીકત

(વિનય ત્રિવેદી–જ્યોતિ ભટ્ટ)

'ક્યાં? હરકાંતભાઈ! કેમ છો? બધું કડેધડે ને?'

'જુઓ, મને હરકાન્તભાઈ શા માટે કહો છો? હકુ કહોને, મને એ વધારે ગમશે.'

'પણ ભાઈ', મેં પૂછ્યું 'હકુ તે કેવું લાગે?'

'બરાબર મારા જેવું સ્તો વળી, ટૂંક પનાનું.'

આ તો થઇ કોઈ ચાર પાંચ વરસ પે'લાની વાત. અમને તે દાડે કાંઇ ખબરે ય નો'તી કે એક દા'ડો આ હકુભાઇના સાચોસાચ ટૂંકાં પનાને પો'ળા પનાની સાથે પનાં પડશે, ને એમાં એ ઊંડા યે ઊતરી જશે!

૧૯૫૯માં ફાઈન આર્ટ્સ કૉલેજના ચિત્ર-વિભાગની અનુસ્નાતકની ઉપાધિ (M. A. fine) હાંસલ કર્યા પછી એ અખિલ ભારતીય હાથ-કરઘા સમિતિ(હૅન્ડલૂમ બોર્ડ)ના પહેલા 'ડિઝાઇન સેન્ટર' અને હાલ 'વીવર્સ સર્વિસ સેન્ટર' તરીકે ઓળખાતા વિભાગમાં જોડાયા છે અને શ્રીમતી પુપુલ જયકરના પ્રોત્સાહનથી આજે ગ્રામકલાના ભૂલાતા જતા સુવર્ણ-તત્ત્વને ખોળવા ને જાળવવા રહ્યા છે.

આજે પણ હકુભાઇ બિલકુલ બદલાયા નથી. થોડા દા'ડા પે'લાંની જ વાત: 'હકુભાઈ જરા નિરાંતે મળવું પડશે હો!'

તો કે' 'કેમ? એવું તે શું કામ પડયું? હું તો તૈયાર જ છું, તમને નવરાશ કયારે મળશે?'


કામ તો ખાસ કંઇ નથી પણ 'કુમાર' માટે પરિચય લખવો છે ને એટલે...'

'પરિચય ને એવું બધું છોડો ને, શી જરૂર છે?'

માંડમાંડ સમજાવ્યા તો કે' 'લખો. પણ સાવ ટૂંકુ ને ટચૂકડું લખજો, કે 'હકુની હકીકત' બસ'.

વાલોડ,–વાલ્મીકિ નદીથી, પિંઢારાઓના ત્રાસથી અને બારડોલીના સત્યાગ્રહથી જાણીતું વાલોડ – એ એમનું ગામ ને એમના બાપુજીનું 'બાદશાહ' નામ. વાણિયાઓમાં અપવાદે એવા ઉદાર સ્વભાવને લીધે એમના બાપુજીને વાલોડમાં બધા બાદશાહ કહેતા.






'સ્ટીલલાઇફ' અને 'બાળા'. હકુભાઇએ ઘણાં માધ્યમો પર સફળતાથી હાથ અજમાવ્યો છે. એમની પીઢ હથોટી બતાવતાં ઉપરનાં બે ચિત્રો સાથે નીચેનું ચિત્ર જુઓ. બાળકોની કેટલીક કલાપ્રવૃત્તિ આલેખતા એ ચિત્રની રંગાવટ ને શૈલી પણ બાળકોને રુચિકર એવી રાખી છે.

એ ગામની નાની શાળાના ચિત્રશિક્ષક સ્વ. શ્રી ચિંતામણિ દેસાઈના પ્રોત્સાહનથી એમના ચિત્રકામની શરૂઆત થઇ જે વડોદરાની મ. સ. યુનિવર્સિટીની ફાઇન આર્ટ્સ કૉલેજમાં પ્રો. બેન્દ્રે અને શ્રી સુબ્રહ્મણ્યમની દોરવણી નીચે વિકસિત થઇ. જોકે કલાકારને સહજ વરેલી ગરીબી અને ભૂખે એમને પણ એ સમય દરમ્યાન છોડયા નો'તા. પણ હાથે રાંધવું, ઘરની, કપડાંની સાફસૂફી કરવી વગેરે એમને મન સહજ હોઈ ને એનાં બિલકુલ રોદણાં રોયા વિના, બળાપા કાઢયા વગર, મૂડી દોરોને ભાંડવામાં વખત વિતાવ્યા વિના તદ્દન સ્વસ્થ અને શાંત ચિત્તે અભ્યાસમાં જ રત રહીને સ્નાતક થયા. તે પછી એકાદ વર્ષ નોકરી પણ કરી લીધી, અને ફરીથી જરા આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવાની તૈયારી થતાં અનુસ્નાતક અભ્યાસક્રમ શરૂ કરી દીધો.

પોતે જે વાતાવરણમાં ઉછર્યા–પાંગર્યા તે તરફ તેમની હમેશ ઊંડી લાગણી રહી છે; એથી તેમનાં ચિત્રોમાં પણ એ ગ્રામજીવન પ્રતિબિંબિત થયા જ કરે છે. કોઈ કલાકારની શૈલીને અનુસરવાનો કે 'મૉડર્ન' બનવાનો જરા પણ પ્રયત્ન કર્યા સિવાય જ, શ્રી સુબ્રહ્મણ્યમની દોરવણી હેઠળ એમણે કામ કર્યા કર્યું, જે ધીરેધીરે ચોક્કસ આકાર પામતુંપામતું અંતે એમની નીજી આગવી શૈલી તરીકે આજે આપણને જોવા મળે છે. ઝાંખાં કે ઘેરાં રંગાવરણો, ઉષ્ણ કે શીતળ; ઉલ્લાસ કે શોક એવા માનસિક પ્રત્યાઘાતો ઊભા કરવાની રંગની શક્તિનો ખૂબ જ વિવેકભર્યો છતાં સચોટ ઉપયોગ તેમનાં ચિત્રોમાં ધ્યાન દોર્યા વિના રહેતો નથી. સામાન્ય રીતે ભૂખરા-ખાખી કે કથ્થાઈ જેવા લાગતા મુંજડા (grey) રંગો એમનાં ચિત્રોમાં એકબીજા સાથેના સંબંધમાં ચમકતા લાલ, લીલા, કેસરી જેવા દેખાય છે. રંગોની કક્ષાઓ (tonal value) તેજસ્વિતા ચિત્રમાં–ફલક પર–તેનું સ્થાન અને તેણે રોકેલી જગ્યા આ દરેક વસ્તુઓનો ખૂબ જ સૂક્ષ્મ રીતે ઉપયોગ થયેલો તેમના ચિત્રમાં જણાયા વિના રહેતો નથી. બાદશા' બાપનો બેટો ચિત્રમાં તો વાલ ને રતીનો ય હિસાબ રાખે છે.

વેડછીઆશ્રમ માંથી મળેલી તાલીમ તેમજ એમણે ત્યાં બે વર્ષ કામ કર્યું તે દરમ્યાનની શ્રી જુગતરામભાઇની મમતા અને ત્યાંના વાતાવરણનું ભાથું એમને જીવનભર કામ લાગવાની એમને ખાત્રી છે. એમણે ભીંતચિત્રો કર્યાં છે તેમજ જળરંગમાં પણ હાથ અજમાવ્યો છે ને હવે છેલ્લે છેલ્લે તૈલરંગોમાં કામ કરી રહ્યા છે. પણ એમના ચિત્રોના વિષયો તો એના એ જ રહે છે; ઘરઆંગણે દાણા





'હાલરડું' અને 'ગોઠડી' રોજિંદા ગ્રામજીવનનું આલેખન એ હકુભાઇનો એક પ્રિય ચિત્રવિષય છે. ઓછામાં ઓછી પણ સચોટ રેખાઓથી એ ચિત્રવસ્તુની બધી જ વિગત કહી દે. રંગનો ઉપયોગ પણ બહુ જ વિવેકભર્યો, અને એવો કે મુંજડા લાગતા એ રંગો પણ ચિત્રોમાં એકબીજાના સંબંધમાં ભભકભર્યા લાગે.

ઝાટકતી સ્ત્રીઓ, ગામને પાદર ઢોરાં ચારતા રાનીપરજ છોરા, તેલની બાટલી ઝાલીને હટાણે જતા લંગોટિયા, એમની ભાંગેલતૂટેલ છાપરી, પાણિયારું વગેરે. સામાજિક અસમાનતાને લીધે તેમજ એ લોકોની નિખાલસતા અને અજ્ઞાનના લેવાતા લાભને પરિણામે થયેલી એમની દુર્દશાની કથા હકુભાઈનાં ચિત્રોમાં રહેલી છે. બૂમબરાડા પાડ્યા વગર જોનારને ચીતરી ચડે એવું કર્યા વિના માત્ર ઊંડી લાગણીથી થએલાં, મૂંગાં આક્રંદ જેવાં એમનાં ચિત્રોનો ધ્વનિ તો છેવટે એ જ રહે છે કે આ અસત્ય છે. એ સ્થિતિ નિવાર્યે છૂટકો છે.

પોતાના માધ્યમ પરના સબળ કાબૂ અને તે દ્વારા અસર ઉપજાવવાની ફાવટથી સભાન હોવા છતાં હકુભાઇ તદ્દન નમ્ર રહ્યા છે. નથી એમના દેખાવમાં ફેર પડ્યો કે નથી એમની બોલવા-ચાલવાની રીતમાં; (બીજાઓ તો આટલું હાંસલ થયે વેંતવેંત ઊંચે હાલે); નથી એમના પે'રવેશમાં ફેર પડ્યો કે નથી એમની હસીને, અદના માણસની રીતે વાત કરવાની રીતમાં. પોતે કલાકાર છે–ચિત્રકાર છે એવું દેખાડવાને બદલે સૌથી પહેલાં તો પોતે માણસ છે એની જ પ્રતીતિ એમના વર્તનમાંથી થાય છે.

એકવાર કે' કે 'અમારા ગામમાં એક મિત્ર મંડળ શરૂ કર્યું છે. બધા જ જુદાજુદા વિષયના નિષ્ણાતો. કોઈ સંગીતનો, કોઈ કાવ્યનો.' થયું કે આ વખતે હકુભાઇ ઠીકલાગમાં આવ્યા છે; એટલે ધીમેધીમે ઊંડા પાણીમાં ઉતારવાનો પ્રયત્ન શરૂ કર્યો. પૂછ્યું 'હકુભાઈ, તમે પણ સભ્ય તો હશો જ ને? હકુભાઈ કે' કે 'હા.'

'કોઇ પણ સભ્ય થઈ શકે?'

'ના એવું તો નહિ. પોતપોતાના વિષયમાં પારંગત હોય એવા જ.'

'ત્યારે તમે શેના નિષ્ણાત–એ જરા કહેશો?'

અને એમને ખયાલ આવી ગયો કે આ રમત શી હતી...પણ મગનું નામ પાડે તો વાણિયો શાનો?

'હું...ચિત્રો...' એમની પહેલાં તો અમે વાક્ય પૂરું કર્યું 'ચીતરવાના નિષ્ણાત ખરુંને?'

'ના, રે! ચીતરવામાં નહિ, પણ ચિત્રો જોઇને કે ગીતો સાંભળીને આનંદ માણવામાં પારંગત'.

એમની સાથેની વાતોમાં વારંવાર સાંભળવા મળતા નીચેનાં વાક્યો વાચકોને એમનો નિકટનો પરિચય આપી રહે એવા છે.

'આમ તો ૧॥×૨॥ ફૂટથી માંડીને ૩×૪ ફૂટ સુધીનાં ચિત્રો કરું છું, ખાસ કરીને ઑઈલમાં—ક્યારેક ક્યારેક વળી કાગળ કાપીને ચોંટાડિયે પણ ખરા (પેપર-કટ્સ) તો કોઇ વખત ઈલસ્ટ્રેશન્સ પણ કરી નાખું છું.

મને જૂનુંપાનું હાલરડું, રમકડું, ચિત્ર કે કપડું એવું તો ખૂબ જ ગમે. ઘણી વાર થાય કે કોઈ બહેન ગાતી, નાચતી કે વાંચતી જ રહે તો કેવું સારું!

ગુજરાતીની પહેલી ચોપડી તૈયાર કરવામાં સારા ચિત્રકારો, સાહિત્યકારો અને સંગીત

નીચે : ગોળ વિંટાળેલી સાદડી પર સાડી લપેટીને વચ્ચે વચ્ચે જરૂરી ચીતરામણ કરી સરજેલી આ નારી ને વાંસના દંડ સાથે છાબ બાંધી દઇને કરેલું વૃક્ષ હકુભાઈની કલાદૃષ્ટિનો પરિચય આપે છે. જે કંઈ સામગ્રી હાથ ચડે એમાંથી આવાં સુંદર કલાસર્જનો ઊભાં કરવાની એમની એક આગવી ખાસિયત છે.



કારો શા માટે માથાં નહિ મારતા હોય? છાપાં-ચોપાનિયાં અને માસિકોમાં પણ તેઓ રસપૂર્વક ફાળો આપે તો કેવું સારું? તો લોકોની અને સરકારની રુચિમાંયે ફેરફાર થાય... એવું થાય તો મને ઘણું જ ગમે.'

ગામડાંની કલાકારીગરી તરફની બેદરકારી તેમજ તે વિષેનું અજ્ઞાન; કલાકારોમાં રહેલી નામનાની ભૂખ, કલા અંગેની તેમની ગેરસમજ તથા પૈસા પાછળની દોડાદોડી; શિક્ષણમાં કલાનું નહિ જેવું-ઉપરછલ્લું સ્થાન અને પોતાને રસિક ગણાવતા કહેવાતા ભણેલાઓની કલા તરફની નિર્માલ્ય અભિરુચિ...આ બધું તેમને વ્યગ્ર બનાવે છે એ પણ એમની સાથેની વાતોમાંથી આપણે જાણી શકીએ.

તાજેતરમાં જ તેઓ શ્રી ત્રિલુભેન સાથે લગ્નગ્રંથિથી જોડાયા છે અને મુંબાઇ જેવા મોટા શે'રમાં 'ચોટલા' સાથે નાનો ઓટલો અને રોટલો માંડવાનો પરિશ્રમ શરૂ કર્યો છે.

ડૉ. ડી. જી. વ્યાસનું બહુમાન

ડૉ. ડી. જી. વ્યાસના નામે મુંબાઈના કલાજગતમાં સુપ્રસિદ્ધ શ્રી ધરમશીભાઈ વ્યાસનું ગઈ છઠ્ઠી એપ્રિલે 'નાટ્યકલા દર્શન' સંસ્થા તરફથી જાહેર બહુમાન થયાનું જાણી ગુજરાતના કલાકારો ને કલા-ચિંતકોને જરૂર હર્ષ થશે.

વ્યવસાયે આંખના નિષ્ણાત ચિકિત્સક હોવા છતાં અંતરથી તેઓ એક જન્મજાત કલાભક્ત છે અને પોતાના અભ્યાસ, અધ્યયન અને અનુભવથી એક અગ્ર કલાવિવેચક તરીકે મુંબાઈનાં પત્રો, સભાઓ અને મંડળોમાં ભારતીય કલાના ધ્વજધારી બની રહ્યા છે.

કચ્છ ભૂમિના આ માનવરત્નનો પ્રકાશ પ્રકટતાં પહેલાં જીવનની અનેક કસોટીઓએ તેમના પર પહેલ પાડયા હતા. નાનપણમાં જ માતાપિતાનું છત્ર ગુમાવ્યાથી જીવનવ્યવસ્થાની ચિંતા માથે પડી, એટલે નિર્વાહ માટે પોરબંદરમાં માસિક રૂપિયા ૨૦ની નોકરી લેવી પડી હતી. પ્રારબ્ધ બળવાન થતાં સુયોગ મળ્યે નોકરી છોડી અભ્યાસ વધારી મુંબાઈમાં એમ. બી. બી. એસ.ની દાક્તરી પરીક્ષા પસાર કરી અને આંખના વિશેષજ્ઞ થવા ઇંગ્લંડ જઈ તે કામની શ્રેષ્ઠતા પ્રાપ્ત કરી આવ્યા. ત્યારથી એક સિદ્ધહસ્ત નેત્રચિકિત્સકતરીકેની ઉજ્જ્વળ કારકિર્દી તેમણે ઘડી છે. એ ઉપરાંત છેલ્લાં લગભગ ૩૦ વરસથી તેઓ મુંબાઈની કેટલીક પ્રતિષ્ઠિત ઇસ્પિતાલોમાં અવૈતનિક સર્જન તરીકે પણ સેવા આપી રહ્યા છે. ધંધાને તેમણે ધનોપાર્જનનું સાધન બનાવ્યો નથી. કોઈ કલાકાર, સાહિત્યકાર, વૈદ્ય, પંડિત કે પ્રોફેસર તેમની પાસે જાય છે ત્યારે આપ્તજન ગણીને તેનો ઉપચાર કરે છે. ઇસ્પિતાલોમાં તો સેંકડો નિર્ધનોને તેમનો લાભ મળે છે. ઉપરાંત, તેઓ અનેક નવીન નેત્રચિકિત્સકોને પોતાની શક્તિ અને અનુભવનો લાભ તથા તાલીમ આપી સમાજ-સેવામાં લગાડે છે. પોતે દાક્તર હોવા છતાં આયુર્વેદ માટે સદ્ભાવ અને પક્ષપાત ધરાવે છે. નેત્રચિકિત્સકનું કામ તેમના જીવન-વ્યવહારનું નિર્વાહક છે તો બીજી બાજુ કલા-ક્ષેત્રમાં તેઓ સર્વ પ્રકારે નિષ્કામ ને ત્યાગી છે. આથી તેમની પ્રતિભાની સાત્ત્વિકતાનો મુખ્ય પ્રભાવ સર્વત્ર અનુભવી શકાય છે.

અભ્યાસકાળથી જ તેઓ કલાના પ્રેમી રહ્યા છે. વિદ્યાર્થી-અવસ્થામાં તેઓ મુંબાઈની ડ્રૉઇંગ ગ્રેડની પરીક્ષાઓ પસાર કરી ચૂક્યા હતા, ને તે કાળે ભાઈ જગન્નાથ અહિવાસીનો પરિચય પણ તેમને થયો હતો. પરિણામે મંદિરનાં ધ્રુપદ ગાને તેમને સંગીતનો અભ્યાસ કરવા પ્રેર્યા. નાટ્યકળા માટે તો બચપણથી શોખ હતો જ. આમ વિવિધ કળાઓ પ્રતિ જાગેલા અનુરાગને લઈ તેનાં સાહિત્ય અને સાધકોના પરિચય તથા અધ્યયનમાં તે પ્રવૃત્ત થયા. મૅટ્રિક થતાં સુધીમાં ભાષાઓ પર સારો કાબૂ મેળવ્યો અને સંસ્કૃત તેમજ અંગ્રેજી નાટકોનું ખૂબ લગનીથી અનુશીલન કરવા માંડયુ. ઉપરાંત હિન્દી ભાષાનું પણ શિષ્ટ વાર્તાલાપ અને લેખન જેટલું જ્ઞાન પ્રાપ્ત કર્યું. હિન્દી સાહિત્યના તે પ્રૌઢ અભ્યાસી છે.

કલા અને સાહિત્યના અધ્યયન સાથે સંસ્કૃતિનો ગાઢ સંબંધ હોઈ તેઓ સમય મેળવી રૉયલ એશિયાટિક સોસાએટીની લાયબ્રેરીમાં જઈ સંસ્કૃતિ, સાહિત્ય, ઇતિહાસ, પુરાતત્ત્વ અને કલાના અધ્યયનમાં રત રહેતા તે સમયથી આજ સુધી તેઓ નિરંતર સાંસ્કૃતિક સાહિત્ય અને કલાનાં વિશ્લેષણ-સંશોધન-સંપોષણ-સંવર્ધનના એક અગ્રેસર રહ્યા છે. એમની દૃઢ શ્રદ્ધા છે કે કલા અને સાહિત્યનો વિકાસ ભારતીય પરંપરા અને સિદ્ધાન્તો અનુસાર જ થઈ શકશે. ભારતીય કલા પોતાની રીતે જ પલ્લવિત થઇને સમયાનુકૂલ અને અને સમાજોપયોગી થઇ શકશે અને પોતાની મૌલિકતાનું રક્ષણ કરી શકશે.

પોતાની આ શ્રદ્ધા સાથે ગહન મનન ને અધ્યયનના બળે ભારતીય સંસ્કૃતિ, સાહિત્ય અને કલાનાં મૂળતત્ત્વો તેઓ પ્રકાશમાં મૂકી શકે છે અને તેના સ્વાભાવિક વિકાસ માટે સર્વ પ્રકારે સક્રિય પ્રયત્નો કરે છે.

મુંબાઈમાં કલાવિવેચનનું સુકાન સ્વ. કનૈયાલાલ વકીલના અવસાન પછી ડૉ. વ્યાસે 'બૉમ્બે



ક્રૉનિકલ'ના કલાખંડોમાં યથાવત્ ચાલુ રાખી મુંબાઇની પ્રજાને કલા અને કલાકારો પ્રતિ સભાન રાખી છે. ઉપરાંત, મુંબાઇની સર જે. જે. સ્કૂલ ઑવ આર્ટના તેઓ એક પ્રખર હામી તરીકે હમેશાં ઊભા રહ્યા છે. તેની સુધારણા અને પ્રગતિની ચિંતા તેઓ અહોરાત્ર રાખે છે અને કલાસંસ્થાઓમાં વિદ્યાર્થીઓની પરીક્ષાના બૉર્ડના ચેરમેન તરીકે વર્ષો સુધી તેમણે અધિકાર ધરાવ્યો છે. મહારાષ્ટ્ર સરકારે કરેલી સર્વ કલાયોજનાઓમાં ડૉ. વ્યાસનું સ્થાન અગ્રભાગે અને પ્રતિષ્ઠાપૂર્ણ છે.

સંગીતકલાના તે એક પ્રમાણભૂત પંડિત ગણાય છે. ધ્રુપદ ગાયકીની જ્યારે ઉપેક્ષા થઈ રહી હતી ત્યારે તેમણે તેનું સૌંદર્ય અને મહત્ત્વ સમજાવ્યું અને પુષ્ટિમાર્ગીય કીર્તન શૈલીનાં શુદ્ધ તત્ત્વોનું દર્શન કરાવ્યું. ભારતીય સંગીતનું બહુમાન થાય, તે પલ્લવિત થઈ સંસ્કૃતિને શોભાવે તે માટે સરકાર દ્વારા યોજાએલી સર્વ સમિતિઓમાં તેમજ પરિસંવાદોમાં તેમનું અગ્ર સ્થાન હોય છે. તેમનો એક લેખ 'વૈશ્નવીઝમ ઍન્ડ મ્યુઝિક ફૉર્મ્સ' વિદ્વાનોની મુક્તકંઠ પ્રશંસા પામ્યો હતો. તે પછી ભારત સરકારે તેમની પાસે સંગીત પર વિશેષ લેખો લખાવી સર્વ દૂતાવાસો પર મોકલી આપ્યા છે.

ઈ. ૧૯૫૮માં દિલ્હીની સંગીત નાટક અકાદમીના પરિસંવાદમાં 'કથ્થક નૃત્ય અને ઉત્તર ભારતની શાસ્ત્રીય નૃત્યપરંપરા' ઉપર તેમણે અંગ્રેજીમાં રજૂ કરેલા લેખનો સર્વત્ર બહુ આદર થયો. અન્ય નૃત્ય શૈલીઓ તથા લોકનૃત્યના જુદાજુદા પ્રકારોના તેઓ પૂર્ણ મર્મજ્ઞ ને

અનુરાગી છે. તેમને ભાષા, જાતિ, સંપ્રદાય કે પ્રાન્તનો કોઈ ભેદ નથી. સર્વ પ્રાંતના લોકો તેમને આત્મીય ગણે છે. રાષ્ટ્રની ૫–૬ ભાષાઓના એઓ જ્ઞાતા છે. અને તેમાં લખવાનું કે ધારાપ્રવાહે બોલવાનું એમને સિદ્ધ છે. મહારાષ્ટ્રના સાંસ્કૃતિક પરિસંવાદોમાં તેઓ મરાઠી ભાષામાં સ્વલિખિત લેખો વાંચે છે.

વિસરાતા કલાસ્વામીઓનાં સંસ્મરણ ને સ્મૃતિ સાથે સંશોધન અને સંકીર્તન કરી ડૉ. વ્યાસે એ મહાન કલાનાયકોને અર્ઘ્ય આપ્યા છે. ઇ. ૧૯૪૮માં રાધાઅષ્ટમીને દિવસે તાનસેનના ગુરુ સ્વામી હરિદાસજી મહારાજના જન્મદિન મહોત્સવનું પ્રથમઆયોજન તેમણે કરેલું. રાજા વિક્રમનો દ્વિસહસ્રાબ્દિ મહોત્સવ પણ તેમની જ કલ્પનાનું કાર્ય હતું. આજથી અઢાર વર્ષ પહેલાં વિશ્વવિખ્યાત પુરાતત્ત્વાચાર્ય ડૉ. ભગવાનલાલ ઈંદ્રજીની કાંસાની પ્રતિમા બનાવવાના આગ્રહ અને તેનો ફાળો કરવાના કાર્યનો યશ ડૉ. વ્યાસને જ છે અને તેમના જ પ્રયાસથી મુંબાઈના એક રસ્તાને ડૉ. ભગવાનલાલ ઇંદ્રજીનું નામ અપાયું છે.

પ્રખ્યાત અભિનેતા, અદ્વિતીય દિગ્દર્શક, કવિ સંગીતકાર નવલલેખક અને દેશભક્ત શ્રી અમૃત કેશવ નાયકની અર્ધશતાબ્દ સંવત્સરીનું આયોજન સૌપ્રથમ તેમના માનસમાં થયું, અને તેમના જ પ્રયાસથી સારા ગુજરાતમાં તે ઉજવાઈ ને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને એક માર્ગને તેમનું નામ પણ આપ્યું.

ચલચિત્રોનો પ્રભાવ વધતો જઇ નાટ્યકળાનો હ્રાસ થવા લાગ્યો છે તે જોઈ નાટ્યકલાનાં રક્ષણ અને પુનરુત્થાન માટે ચિંતા કરનાર તથા પ્રયત્નો કરનાર નાગરિકોના સહકારથી નાટકનાં પ્રદર્શનો અને સમારોહની યોજનામાં તેમણે ખૂબ સહકાર આપ્યો. તે પછી મહારાષ્ટ્ર સરકારે પણ નાટકો પરથી મનોરંજન કર ઉઠાવી લીધો અને એ રીતે નાટ્યકળાને પ્રોત્સાહન મળ્યું.

ભારત સરકારે સ્થાપેલી લલિતકલા અકાદમી અને સંગીત નાટક અકાદમી તથા ઑલ ઇંડિયા રેડિયોની સેન્ટ્રલ ઍડવાઈઝરી બોર્ડના પ્રારંભથી આજ સુધી તેઓ સભ્ય છે. મુંબાઇની બૉર્ડ ઑવ મ્યૂઝિકની પ્રોગ્રામ એડવાયઝરી કમિટી, સંગીત મહોત્સવો, કલાપ્રદર્શનો વગેરે ક્રિયાપૂર્ણ સંસ્થાઓમાં તેમનો પૂરો સાથ હોય છે. મહારાષ્ટ્ર સરકારના સ્ટેઈજ પર્ફોર્મન્સ સ્ક્રૂટિની બૉર્ડ' અને 'પ્રિન્સ ઑવ વેલ્સ મ્યૂઝિયમ'ના ટ્રસ્ટી બોર્ડના પણ તેઓ સભ્ય છે.

મહારાષ્ટ્ર સરકારના મંત્રી મંડળના તેઓ વિશ્વાસપાત્ર ને આદરપાત્ર સર્જન છે. મુંબાઈ આકાશવાણી દ્વારા તેઓ પ્રાચીન સંસ્કૃત ગાન અને નાટ્ય-ગીતોનું રેકર્ડિંગ કરાવી રહ્યા છે. વર્ષોથી તેઓ રેડિયો પર કલાવાર્તા આપે છે. મોટે ભાગે એ અંગ્રેજી ભાષામાં હોય છે.

મુંબાઈ, વડોદરા તથા બનારસ વિશ્વવિદ્યાલયોની સેનેટ તેમજ અન્ય બોર્ડોના સભ્ય તરીકે તેમનો કાર્યભાગ સક્રિય રહ્યો છે. અનેક પ્રસંગે તેઓ પીએચ.ડી.ના પરીક્ષકપણ થયા છે.

આટલી બધી વિશિષ્ટતા ધરાવતા ડૉ. વ્યાસ સ્વભાવે મિલનસાર અને વિનમ્ર છે. એમનું વ્યક્તિત્વ આકર્ષક અને પ્રભાવપૂર્ણ છે. એમને કોઈ વ્યસન નથી. પાંડિત્ય ને સરળતાના યોગે તેમણે સમાજની અનેકવિધ સેવા કરી છે અને આપણે ઈચ્છીએ કે શતાયુ થતાં સુધી તેઓ તે કરે.

ર. મ. રાવળ

અથાણું

ક: મારી પત્ની મને 'સંપૂર્ણ' માને છે.

ખ: ખરી વાત છે; તેણે પણ એ જ શબ્દ વાપર્યો હતો.

ક: એમ? ક્યારે?

ખ: એણે તને બુદ્ધુ કહ્યો ત્યારે.

મગને છગનને કહ્યું: 'મને વીસ રૂપિયા ઉછીના આપીશ? એમાંથી હમણાં મને દસ આપજે; એટલે મારા તારી પાસે દસ રૂપિયા લેણા રહેશે; અને દસ રૂપિયા તારા મારી પાસે રહેશે, એટલે હિસાબ સરભર.

અસીલ (જેને ચોરીના તોહમતમાંથી છોડાવ્યો હતો તે): વારુ ત્યારે વકીલસાહેબ, જયજય; વળી આવી ચડીશ કોઈ વાર.

વકીલ: ભલે, પણ મહેરબાની કરીને દિવસના ભાગમાં આવજો.

'પણ તમે ચશ્માંની આ ત્રણ જોડ શા માટે રાખી છે, પ્રોફેસર?'

'કેમ વળી? એક નજીકનું જોવા-વાંચવા માટે, એક દૂરનું જોવા માટે, અને ત્રીજી એ બંનેને શોધવા માટે.'

દાક્તર (ગજવું ફંફોસતા દરદીને): 'મને આગોતરું કાંઈ આપવાનું નથી.'

'હું આપતો નહોતો, પણ તમે દવા સૂંઘાડો તે પહેલાં મારાં ગજવાં સંભાળી રહ્યો'તો.'

ઈંદોરનો એક મારવાડી મરતાંમરતાં, નાહક બળતી રહેલી એક મીણબત્તીને ફૂંક મારી ઓલવતો ગયો છે.







ત્રણ પ્રતીક-શોભનો

જાહેરાત માટે યોજાએલાં આ ત્રણ આલેખનો અભિનવ કલ્પના ને આકર્ષણમૂલ્ય ધરાવે છે. પહેલું સહકારી મંડળીની ભાવનાને મૂર્ત કરે છે. બીજો શાહીનો ડાઘો એક કંપનીની જાહેરાત માટેનું ને છેલ્લો કૂકડો કલાકાર બદરીનારાયણના ચિત્રપ્રદર્શનની પત્રિકાનું શોભન છે.

કંકાવટી

રુક્મિણી એરુંડેલ

ભારતીય નૃત્યોનાં શિરટોચ ઉન્નેત્રી અને અધ્યાત્મદષ્ટિપૂત કલચિત્રી રુક્મિણી એરુંડેલ





આધ્યાત્મિક ને ભક્તિરસપ્રચૂર નૃત્યોનાં સદા આગ્રહી છે. સંગીતના પણ ઊંડાં અભ્યાસી છે. બચપણથી જ ડૉ. ઍની બેસંટની થીઓસૉફિસ્ટ પ્રવૃત્તિઓમાં પિતાસાથે બહુભાગ લેતાં.

આમાંથી જ ડૉ. જ્યોર્જ સિડની એરુંડેલ સાથે પરિચય થયો, વધ્યો ને આખરે બંનેએ લગ્ન કર્યાં. ૩૮-૪૦ વર્ષના વિદેશી સાથે પંદર-સોળ વર્ષની હિંદી કન્યાના એ સ્નેહલગ્ને સમાજમાં ખળભળાટ મચાવેલો.

પતિ સાથે પરદેશમાં ઘણું રહેવાનું થતું. એ રીતે ઑસ્ટ્રેલિયામાં આના પાવલોવાનો પરિચય થયો. એની પ્રેરણાથી એમણે મયલાપોર ગૌરી ને મીનાક્ષી સુંદરમ્ પિલ્લૈ પાસે ભરતનાટ્યમ્‌ની આકરી સાધના કરી. માત્ર દેવદાસીઓએ જ કરવાનું આ અભદ્ર ગણાતું નૃત્ય કોઈ બ્રાહ્મણકન્યા શીખે એ સમાજ શેં સાંખે? રુક્મિણીને એની પરવા ન હતી. ચારેક વર્ષના અભ્યાસ પછી નૃત્યકલાને પતિતસ્થાનેથી ઉદ્ધારી અધ્યાત્મિક દષ્ટિથી એના પુનિત સ્વરૂપનું ગૌરવ વધાર્યું.

રેખાઓનું સૌંદર્ય છતું કરે ને શારીરિક લય, હિલ્લોળ, ભંગિ વગેરેને અનુકૂળ હોય છતાં મર્યાદાભંગ ન થાય એવા ભરતનાટ્યમ્‌ના આજના પોશાકોના યોજક પણ તેઓ જ છે. નૃત્યસાથેના સંગીતમાં પાશ્ચાત્યવાદ્યોને સ્થાને એમણે ભારતીય વાજિંત્રો દાખલ કર્યાં નૃત્યમાં અપાતા સંગીત સાથેના વિશિષ્ટ શબ્દભાર, ગીતોની પસંદગી. નૃત્યભૂષા તથા નૃત્યોના દિગ્દર્શન બાબત કરેલા મહત્ત્વના પ્રદાન બદલ સંગીત નાટક અકાદમીએ એમને પુરસ્કાર આપ્યો છે.'૫૬માં 'પદ્મભૂષણ' બન્યાં.૩૬માં' 'અદ્યાર ઍકેડેમી ઑાવ આર્ટ્સ'ની સ્થાપના કરી. પાછળથી એ સંસ્થા કલાક્ષેત્રને નામે ઓળખાતી થઈ. સંગીત ને નૃત્યની એ વિદ્યાપીઠ આજે દેશમાં તેમજ વિદેશમાં પણ ત્યાંના આગવા કલાશિક્ષણ માટે વિખ્યાત છે.





ફૂલપત્તીના આ બુટ્ટાનો ભરતકામમાં ઘણી રીતે ઉપયોગ થઈ શકશે. ઉપર ડાબી બાજુના એના આલેખનમાં તેના પર ખાનાં પાડેલા છે. આ છે, એથી નાનો મોટો બુટ્ટો ચીતરવામાં તમને એ ખાનાં સહાયભૂત થઈ પડશે. જમણી બાજુ એ જ બુટ્ટાને ભરતના ટાંકામાં આલેખીને બતાવ્યો છે. કયાં કેવો ટાંકો લેવો સારો લાગશે એ એના પર આંકડા મૂકીને અને નીચે એ જ આંકડાના ટાંકાની માર્ગદર્શક આકૃતિમાં સમજાવ્યું છે. અને રંગ તો વ્યક્તિગત પસંદગી પ્રમાણે લઈ શકાય.



ગરમ કપડાં મૂકી દેતાં પહેલાં

–શકય હોય તો એને ધોઇને સ્વચ્છ કરીને જ મૂકવાં. એના પરનો મેલ કે ડાઘ ઘણીવાર જીવડાંને આકર્ષે છે.

–ધોએલાં ધાબળા ને કપડાંને તડકે પણ નાખવાં, ને પછી એ ગરમગરમ સંકેલીને જ મૂકવાં. રંગ ઊડી જવાનો ભય હોય તો એવા કપડાંને તપેલી ખુલ્લી જગ્યામાં સૂકવવાં.

–પેટી કે કબાટમાં મૂકતાં પહેલા તળિયે છાપાંના સાફ કાગળ પાથરવા.

–સંકેલતાં પહેલાં કપડાંમાં કોલર, બગલ, ખિસ્સાં વગેરે જગ્યાએ ડામરની ગોળી પણ અવશ્ય મૂકવી. પેટીને તળિયે પણ થોડી ગોળીઓ રાખવી જ. (સોનેરી ભરત ભરેલું હોય તો આ ગોળી એને ખરાબ કરશે એટલે ત્યાં એ ન મૂકવી.)

–આ જ રીતે લીમડાનાં સૂકાં પાનને મસળીને પણ મૂકી શકાય. ઘણાં તમાકુનાં પાન પણ મૂકે છે, પણ એથી કયારેક ડાઘ પડે છે.


–અને છેલ્લે જેમાં આ કપડાં રાખ્યાં હોય તે પેટી કે કબાટને, અંદર વંદા કે કંસારી પ્રવેશે નહિ તેમ ચુસ્ત બંધ કરવા.


જાયફળને દૂધમાં ઘસીને થોડાદિવસ લાગલાગટ ખીલ પર લગાડી જોજો.

ઉલટી કેમે કરી બંધ થતી ન હોય તો મોરના પીંછાની ભસ્મ મધ સાથે ચટાડી જોજો.

ફૂલઝાડ કે તુલસીનું કૂંડું લટકાવવું હોય તો નીચેની આકૃતિ ને સમજણ પ્રમાણે સરળતાથી તારનું સાધન બનાવીને લટકાવી શકાશે.

આકૃતિ(૧) પ્રમાણે તારની એક રિંગ બનાવો. પછી ખીલી જેવું કંઈ પણ લઈને (૨ પ્રમાણે) એને ત્રણ જગ્યાઓથી આમળો. અને (૩ પ્રમાણે) વાળી દો.





ગયા ફેબ્રુઆરીમાં તા. ૧૬થી તા. ૨૫ દરમિયાન એટલેકે માત્ર દસ દિવસમાં ભારતની સામાન્ય ચૂંટણીઓ થઈ ગઈ. એ માટે ૪૨ કરોડ મતપત્રકો તૈયાર કરવા ૭૦૦ ટન જેટલો કાગળ વપરાયો હતો, અને ૨,૪૦,૦૦૦ મતદાન મથકોની અને ૧૬,૮૦,૦૦૦ કર્મચારીઓની વ્યવસ્થા કરવી પડી હતી. સ્વતંત્ર ભારતની પ્રથમ ચૂંટણી ચાર મહિનામાં ને બીજી ઓગણીસ દિવસમાં પતી હતી. આ વખતની લોકસભાની ૪૯૪ અને રાજ્યોની વિધાનસભાઓની ૨,૮૩૩ બેઠકો માટે ચૂંટણી યોજાઈ હતી. કેરળ (૧૨૬ બેઠકો) અને ઓરિસ્સા (૧૪૦ બેઠકો)માં વચગાળાની ચૂંટણીઓ થઈ ગઇ હતી. લોકસભાની કુલ ૫૦૭ બેઠકો છે, એમાં બે ઍન્ગ્લો-ઇન્ડિયન સહિત, કેન્દ્રશાસિત પ્રદેશોના સાત સભ્યોની નિમણૂક કરવામાં આવે છે. દાદરા નગરહવેલીનો એક પ્રતિનિધિ પણ એમાં સામેલ છે. જમ્મુ તથા કાશ્મીરની વિધાનસભા છ સભ્યો ચૂંટે છે જેમની રાષ્ટ્રપતિ વિધિસર લોકસભાના સભ્ય તરીકે નિમણૂક કરે છે. આ ચૂંટણીમાં આશરે ૧૦૬ કરોડ અને ૩૦ લાખ મતદારોએ મત આપ્યા છે જેમાંથી ૩૯ લાખ જેટલા રદ ગયા છે.

હિમાચલ પ્રદેશ, મણિપુર અને ત્રિપુરામાં વિધાનસભાને બદલે પ્રાદેશિક કાઉન્સિલો છે. ઉપર નકશામાં વિધાનસભાની બેઠકોની જગ્યાએ પ્રાદેશિક કાઉન્સિલના સભ્યોની સંખ્યા દર્શાવી છે



ઈ. ૧૯૬૨થી હોદ્દા પર આવેલું ભારતનું નવું પ્રધાનમંડળ

ગયા ફેબ્રુઆરીમાં થએલી ભારતની ત્રીજી સામાન્ય ચૂંટણી પછી રચાએલા આ નવા પ્રધાનમંડળ(કૅબિનેટ)માં મોટા ભાગના સભ્યો તો જૂના જ છે. ખાતાંઓના ફેરફાર અને પ્રધાનોની સંખ્યાના વધારા સિવાય એમાં બહુ ઝાઝો ફેરફાર થતો નથી. રાજ્યપ્રધાનો ને નાયબ પ્રધાનો મળી નવા પ્રધાનમંડળમાં લગભગ ૫૦ સભ્યો થવા વકી છે.

શ્રી જવાહરલાલ નેહરુ
વડા પ્રધાન

શ્રી મોરારજી દેસાઈ
નાણાં પ્રધાન





શ્રી લાલબહાદુર શાસ્ત્રી (ગૃહ ખાતું) **શ્રી કૃષ્ણમેનન** (સંરક્ષણ ખાતું) **શ્રી સદોબા પાટિલ** (અનાજ અને ખેતીવાડી ખાતું)
શ્રી જગજીવનરામ (વાહન અને સંદેશ વ્યવહાર) **શ્રી ગુલઝારીલાલ નંદા** (કામદાર, નિયોજન ને રોજગારી)



શ્રી કે. સી. રેડ્ડી (વ્યાપાર અને ઉદ્યોગ ખાતું) **સરદાર સ્વર્ણસિંહ** (રેલવે ખાતું) **શ્રી કેશવદેવ માલવીય** (ખાણ ને બળતણ)
શ્રી હુમાયૂં કબીર (વૈજ્ઞાનિક સંશોધન અને સાંસ્કૃતિક બાબતો) **ડૉ. કાળુલાલ શ્રીમાળી** (શિક્ષણ ખાતું)




શ્રી એસ. એન. સિંહા (પાર્લામેન્ટરી બાબતોનું ખાતું) **શ્રી બી. ગોપાલ રેડ્ડી** (માહિતી અને બ્રૉડકાસ્ટિંગ) **શ્રી અશોકકુમાર સેન** (કાયદા ખાતું) **શ્રી સુબ્રહ્મણ્યમ** (લોખંડ ને ભારે ઉદ્યોગ) **શ્રી હાફિઝમહમ્મદ ઈબ્રાહીમ** (સિંચાઈ ને વિદ્યુત શિક્ત)

શતરંજ

લેખક • સુરેશ મોદી


શેહ અને તેના પ્રકારો

શેહ દઈને સામો પક્ષ શેહમાંથી બચે ત્યાં શેહ દેતા મહોરાથી સામા પક્ષનું મહોરું મારી શકાય છે. ખરું જોતાં આ એક જાતનો ફૉર્ક જ થયો કહેવાય. પણ ક્યારેક એક મહોરાથી શેહ અપાતો હોય અને હુમલો બીજા મહોરાથી થાય છે. આનો એક સુંદર દાખલો જુઓ.



અહીં સફેદનું QP મરે તેમ છે તેના ઉપર કાળાના બે મ્હોરા–ઘોડા તથા વજીરનો હુમલો છે અને તેના રક્ષણમાં ફક્ત એક ઘોડો જ છે. પણ કાળો તે પ્યાદું જીતવા જાય તો અજબ જાળમાં ફસાઈ જાય. જુઓ 1... N×P; 2 N×N, Q×N; 3 B×Pch, ને બન્ને વજીર સામસામા આવી ગયા. ચાલ હવે કાળાની છે પણ તેણે પહેલાં તો શેહમાંથી બચવાનું છે એટલે 3...N×B પછી 4 Q×Q. ને સફેદને એક પ્યાદા અને ઊંટના બદલમાં વજીર મળ્યો.

આવા હુમલાને Discovered attack (છૂપો હુમલો) કહે છે. આનાથી ઊલટું જ્યારે એક મહોરું ખસીને શેહની લાઈન ખુલ્લી કરે તેને Discovered Check–(છૂપી શેહ) કહે છે. જે મહોરું ખસી જાય તે પણ જો શેહ આપતું હોય તો બેવડી શેહ (Double Check)




થાય છે. શેહનો આ સૌથી ખતરનાક પ્રકાર છે. તેને શતરંજની રમતનો એટમ બૉમ્બ કહે છે.

છૂપી શેહ અને બેવડી શેહના થોડા ઉદાહરણ જોઈએ: (જુઓ બીજું આલેખન.)

તેમાંની સ્થિતિમાં કાળો 1...P–K 7 રમે છે. વજીરની લાઈન ખુલ્લી થતાં છૂપી શેહ આવે છે. સાથેસાથે પ્યાદું હાથી મારીને વજીર બનવાની ધમકી આપે છે. 2 R–B 2, પછી 2... Q×R (R 8) ch શક્ય છે. કારણ કે QRનું રક્ષણ કરતા KRને ફરજિયાત પહેલી હરોળ છોડવી પડી હતી.

છૂપી શેહનો એક ખાસ પ્રકાર, See-Saw, આપણને નવ કાંકરીમાં એક ભરત છોડતાં બીજું ભરત થાય અને દર ચાલે સામા પક્ષની કાંકરી મરે એ પરિસ્થિતિની યાદ આપે છે. આની સમજ માટે એક અત્યંત જાણીતી રમત આપીશ. તેમાં આ છૂપી શેહના શિકાર બનનાર ૨૭ વર્ષ સુધી વિશ્વવિજેતા રહેનાર શ્રી ઇમેન્યુઅલ લાસ્કર હતા. આ સ્થિતિ મેળવવા તેમના પ્રતિસ્પર્ધિ શેરેને ઘણી જ મહેનત પડી હતી. એમ ન કહીએ તો એને અન્યાય થાય.




આ સ્થિતિમાં સફેદનો ઊંટ મરે તેમ છે, પણ તેને ખસેડે તો વજીર વજીરને મારે. આમ છતાં તે ઊંટને ખસેડીને શેરે શતરંજની રમતમાં સૌથી યાદગાર પરિસ્થિતિઓમાંની એક સર્જી, આવી રીતે —

1 B–B 6!!!, Q×Q (ન છૂટકે–કારણ વજીરને કોઈનું રક્ષણ નથી.) 2 R×Pch, K–R1; 3 R×P dis. ch., K–N1; 4 R–N7 ch., K–R1; 5 R×Bdis. ch., K–N1; 6 R–N7 ch., K–R1; 7 R–N5 dis. ch., K–R 2; 8 R×Q (સાત ચાલ પહેલા ગુમાવેલ વજીર પાછો મેળવ્યો અને વચ્ચે બે પ્યાદાં ને એક ઊંટ માર્યો તે નફામાં), K–N 3. હવે કાળાને ઊંટ પાછો મળશે. કારણ કે સફેદ હાથી અને ઊંટ બન્નેને બચાવી શકે તેમ નથી–રાજાનો ફૉર્ક.

9 R–R 3, K×B; 10 R×RPch, Resigns. ત્રણ પ્યાદાં ઓછા હોવાથી હવે તેને માટે રમવા જેવું રહ્યું નથી.


બેવડી શેહ તો સૌથી વધુ અસરકારક છે. આમ હોવાનું કારણ એ છે કે શેહનાં બચવાના ત્રણમાંથી બે રસ્તા અહીં નકામા છે. રાજાને ચાલવું જ પડે છે. નીમઝોવિત્શના શબ્દોમાં કહીએ તો બેવડી શેહ આળસુમાં આળસુ રાજાને ભગાડે છે.

1 R–N6 dbl. ch., K–R4 અથવા K×R; 2 Q–N5 mate.



જો અહીં બેવડી શેહ ન હોય ને ફક્ત હાથીની જ શેહ હોત તો કાળા વજીરથી કે પ્યાદાથી હાથીને મારી શેહ મિટાવી શકાત. વળી ફક્ત વજીરની શેહ હોત તો વજીરને હાથીથી મારીને કાળો શેહ મિટાવી શકત. પણ અહીં તો બેવડી શેહ હોઈને રાજાને ચાલવું જ રહ્યું. અને તે ગમે ત્યાં ચાલે 2 Q–N5 mate છે જ.

બેવડી શેહની મદદથી એક સુંદર Smothered mate થઈ શકે છે તે આપણે જોઈએ.




1 Q–Q5 ch., K–R1; (R–B 2 રમે તો વધુ જલ્દી થાય.) 2 N–B 7ch., K–N 1; 3 N–R6 dbl. ch., K–R1; 4 Q–N 8 ch., R×Q. 5N–B 7 mate.

આવા મ્હાતને Philidor's mate કહે છે.

છૂપી શેહ કે બેવડી શેહનો શિકાર શિખાઉ ખેલાડી જ થાય છે તેવું નથી. તેમાં મહાઉસ્તાદ

પણ ફસાય છે. આના એક દાખલા તરીકે ડૉ. ટાર્ટાકવર ૧૧ ચાલમાં કેવી રીતે મહાત થયા હતા તે જોઇએ.

1 P–K4, P–QB3; 2 P–Q 4, P–Q 4; 3N–QB3, P×P; 4 N×P, N–K B 3; 5Q–Q 3, P–K 4 ? (અહીં N×N સારી ચાલ હતી) 6 P×P, Q–R 4 ch.; 7 B–Q2, Q×K P; 8 0–0–0, N×N ? (અહીં B–K 2 વધુ સારી છે.)



8..., N×N પછીની સ્થિતિ

9. Q–Q 8 ch.! K×Q; 10 B–N5 dbl. ch , K–B2; 11 B–Q 8 mate. જો 10..., K–K 1; તો 11 R–Q 8 mate.

આ રમત જીતનારનું નામ છે રેતી, જેના નામની શરૂઆતની પદ્ધતિ આપણે અગાઉના હપતામાં જોઈ ગયા છીએ.

ટુર્નામેન્ટની પદ્ધતિઓ

અહીં વચ્ચે આપણે ટુર્નામેન્ટની પદ્ધતિઓ વિષે થોડું જોઈ લઇએ. બીજી બધી રમતોમાં Knock-out અને League પદ્ધતિથી ટુર્નામેન્ટ રમાય છે. આના અર્થ જાણીતા છે. શતરંજમાં Knock-out ભાગ્યે જ રમાય છે. League ઉપરાંત શતરંજમાં એક બીજી લોકપ્રિય પદ્ધતિ છે, Swiss પદ્ધતિ. હમણાં રમાઈ એ ટુર્નામેન્ટ પણ આ સ્વિસ પદ્ધતિથી રમાઈ હતી અને તેમાં ૧૪ રાઉન્ડ રમાયા હતા.

આ પદ્ધતિમાં પહેલા રાઉન્ડમાં ડ્રૉ પાડીને જોડીઓ ગોઠવવામાં આવે છે. પહેલા રાઉન્ડને અંતે ખેલાડીઓ ત્રણ વિભાગમાં વહેંચાઈ જાય છે: (૧) જે પહેલા રાઉન્ડમાં જીત્યા હોય (એટલે કે ૧ પોઈન્ટવાળા), (૨) જેની રમત ડ્રૉમાં પરિણમી હોય (½ પોઈન્ટવાળા) અને (૩) જેઓ હાર્યા હોય (O પોઈન્ટવાળા). હવે દરેક ખેલાડીને પોતાના વિભાગમાંના ખેલાડી સાથે રમવાનું હોય છે. (રમનારા જો એકી સંખ્યામાં હોય તો એક ખેલાડીને પછીના વિભાગના એક ખેલાડી સાથે રમવાનું આવે છે.) આમ, સારા ખેલાડી જીતતા જીતતા ઉપર અને સાધારણ ખેલાડી નીચે આવતા જાય છે.

આ ઉપરાંત, ૧૯૫૯માં આંતરપ્રાંતીય (ખરું જોતાં 'ઈન્ટર એસોસીએશન') ટુર્નામેન્ટ પણ શરૂ કરવામાં આવી છે. તેમાં દરેક પ્રાંત પોતાના ચાર ખેલાડી ને એક વધારાનો ખેલાડી મોકલી શકે છે. દરેક રાઉન્ડમાં જે બે ટીમ રમવાની હોય તેના ચાર ખેલાડી સામી ટીમના તે જ નંબરના ખેલાડી સામે રમે છે.

ઘરગથ્થુ ઔષધ .... ૫] ધાણા

'ગોળધાણા'માં શુકનદ્રવ્ય તરીકે પ્રયોજાતા સૂકા ધાણા અને દાળશાકના મસાલા તરીકે રોજ વપરાતા લીલા ધાણા (કોથમી)થી કોણ અપરિચિત હશે? આ સુલભ અને સુપરિચિત દ્રવ્ય એક ઉત્તમ ઘરગથુ ઔષધ પણ છે. પ્રાચીન કાળથી આયુર્વેદીય ચિકિત્સકો એનો ઔષધીય ઉપયોગ કરતા આવ્યા છે. લીલા ધાણાનો ખોરાકના મશાલા તરીકેનો ઉપયોગ પ્રાચીન કાળથી પ્રશસ્ત મનાયો છે. ખોરાક સાથે લીલા ધાણાને મેળવવાથી ખોરાક સ્વાદુ, સુગંધી અને હૃદ્ય બને છે એમ આચાર્યે સુશ્રુતે જણાવ્યું છે. હૃદ્ય એટલે હૃદયને પ્રિય તથા હિતકર.

ગુણકર્મ

ધાણા તૂરા, કડવા, મધુર તીખા. વિપાકમાં મધુર, શીતવીર્ય લઘુ, સ્નિગ્ધ, હૃદ્ય સ્રોતોની શુદ્ધિ કરનાર, રુચિકારક, અગ્નિદીપક, પાચન, ગ્રાહી, મૂત્રલ, તૃષાનું શમન કરનાર, ત્રિદોષહર, ચક્ષુષ્ય તથા તાવ, તરસ, દાહ, ઉબરસ, દમ, ઊલટી, આમ હરસ તથા કૃમિનો નાશ કરનાર છે.

તાવમાં

તાવની તરસમાં ધાણાનો ઉપયોગ લાભકારક છે. તાવમાં સાદું પાણી આપવું હિતાવહ નથી. કેમકે તાવમાં અગ્નિ મંદ થઈ ગયો હોય છે. પાણીને પચાવવાનો ભાર પણ અગ્નિને વધુ મંદ કરે આથી ધાણા નાખીને ઉકાળેલું લઘુતમ પાણી તાવના રોગીને આપવું જોઇએ. ત્રણશેર પાણીને ખૂબ ગરમ કરી ચૂલા ઉપરથી ઉતારી એમાં અર્ધો તોલા ધાણાનું ચૂર્ણ નાખી દેવું. આ પાણી ઠરી જાય એટલે ધાતુના પાત્રમાં ગાળી લેવું. તાવના રોગીને આજ પાણી થોડું પીવા આપવું. આ પાણી દીપન-પાચન અને સ્રોતોની શુદ્ધિ કરનાર છે. આ પાણી તરસને પણ છીપાવશે. ખાંસી અને દમના રોગીએ ધાણા સાથે પા તોલા સૂંઠનું ચૂર્ણ નાખી તૈયાર કરેલા પાણીનો ઉપયોગ કરવો.

આમવાત

આમવાતના રોગીઓ માટે વૈદ્યવર શાર્ઙ્ગધરે એક સરળ પ્રયોગ બતાવ્યો છે. આમવાત ભયંકર વ્યાધિ છે. આહારવિહારમાં સંયમ રાખી એ પ્રયોગનો લાંબા વખત સુધી ઉપયોગ કરવામાં આવે તો જરૂર ફાયદો થાય. પ્રયોગ નીચે પ્રમાણે છે.

ધાણા, સૂંઠ અને એરંડમૂળને લાવી સમભાગે અધકચરાં ખાંડી નાખવાં. રોજ સવારે ૩૨ તોલા પાણીમાં બે તોલા ઉપરનું મિશ્રણ નાખી ચૂલા પર કવાથ વિધિ પ્રમાણે કવાથ કરી લેવો. ચાર તોલા બાકી રહે એટલે ઠરી ગયા પછી ગાળીને પી જવો.

ધાન્યકહિમ

ધાણાને અધકચરા ખાંડી, માટીના વાસણમાં દસ તોલા પાણીમાં બે તોલા ધાણાનો ભૂકો નાખી આખી રાત પલાળી રાખવા. સવારે વસ્ત્રથી ગાળીને આ હિમમાં ચમચી સાકર મેળવીને પીવાથી અન્તર્દાહ તથા પિપાસા શાન્ત થાય છે. શરીરની અંદર બળતરા થતી હોય એમને માટે આ ધાણાનું હિમ ઘણું લાભદાયી છે. અનેક ગ્રન્થકારોએ એને ઉપયોગ સૂચવ્યો છે. આ હિમ પેશાબ છૂટથી લાવે છે તથા મૂત્રવહસ્રોતોની શુદ્ધિ કરી છે.

અજીર્ણમાં

ઉપર આમવાત માટે કવાથ આપ્યો છે એમાં એરંડમૂળ સિવાયનો, ધાણા અને સૂંઠનો કવાથ કરી અજીર્ણમાં પીવાથી ફાયદો થાય છે. અજીર્ણમાં ખોરાક છોડી દઈ ઉકાળીને ઠારેલું પાણી પીવાથી તથા સવાર સાંજ ધાણા-સૂંઠનો કવાથ પીવાથી અગ્નિ પ્રદીપ્ત થાય છે અનો આમનું પાચન થાય છે. બીજી કોઇ દવા લેવાની જરૂર પડતી નથી.

લાભશંકર ઠાકર

સાહિત્યસંપર્ક

શબ્દકથા—સોલંકી

'સોલંકી' એક પ્રચલિત અટક તો છે જ; પણ આપણને પહેલું સ્મરણ થવાનું ગૂર્જરનરેશ મૂલરાજ અને જયસિંહ સોલંકીનું. લોકોમાં એ વંશ 'સોલંકી' નામે જાણીતો છે, જ્યારે વિદ્વાનો અને પ્રબંધોમાં 'ચૌલુક્ય' નામે. દંતકથા તો એવી છે કે બ્રહ્મા સંધ્યાવંદન વખતે અંજલિ–ચુલુક–કરીને ઊભા હતા ત્યારે એ ચુલુકમાંથી ધરતીના રક્ષણ માટે જે વીર પુરુષ પ્રગટ થયો તે 'ચૌલુક્ય' કહેવાયો, અને સોલંકી કુળનો એ આદ્ય પુરુષ.

પણ આ તો પાછળથી પ્રચલિત થએલી કલ્પના છે. મૂળ શબ્દ 'સોલંકી'ને સંસ્કૃત રૂપ આપી 'ચૌલુક્ય' બનાવેલું જણાય છે. 'સોલંકી'ના મૂળમાં 'શૌલ્કિક' શબ્દ છે. 'શુલ્કી' કે 'શૌલ્કિક' એટલે 'શુલ્ક ઉઘરાવનાર' 'જકાત ઉઘરાવનાર'. 'શૌલ્કિક' ઉપરથી અપભ્રંશમાં 'સોલુંકિય' થયો, અને પછી 'સોલંકી'. મરાઠીમાં 'સાળુંકે' અટક છે, તેનો સંબંધ 'ચાલુક્ય' સાથે છે. દક્ષિણના રાજવંશોમાં 'ચાલુક્ય' નામ પ્રચલિત હતું. કોઈની કલ્પનાએ આ નામોનો સંબંધ સંસ્કૃત 'ચલુક' અને 'ચુલુક' સાથે જોડી દીધો. 'ચૌહાણ' 'ચાવડા' વગેરે રાજપૂત કુળનામોને પણ આ જ રીતે 'ચાહમાન' 'ચાપોત્કર' વગેરે સંસ્કૃત રૂપ આપી દેવાયાં છે.

—હરિવલ્લભ ભાયાણી

નવાં કાવ્યપ્રકાશનો

પુનરપિ—શ્રી કૃષ્ણલાલ શ્રીધરાણી

'કોડિયાં' દ્વારા ગુજરાતી કાવ્યસાહિત્યમાં



અગ્રગણ્ય સ્થાન પ્રાપ્ત કરી ચૂકેલા આ કવિ 'પુનરપિ'માં નવા સ્વરૂપે ખીલે છે. બે સંગ્રહોની વચમાં આવ્યો છે રામના ચૌદ વર્ષના વનવાસ જેવો ચૌદ વર્ષનો ભાષાકીય દેશવટો: એ સમયમાં એમના શ્વાસોચ્છ્વાસમાં અંગ્રેજી ભાષા વણાઈ રહી હતી. તેઓ પરદેશથી પાછા આવ્યા ને એમના હૃદયમાં પાછી માતૃભાષા રણકવા માંડી. આ પુનઃ રણકાર તે 'પુનરપિ'. કવિને આ વચગાળાનાં સંવેદનો ને તેનાં પરિણામો ઘણાં મનનીય લાગ્યાં છે. અને તેમણે સંગ્રહના અંતે 'કાવ્યવસ્તુવિચાર'માં તેના સહ-સંવેદનની વાચકને સુંદર તક આપી છે. શ્રી ઉમાશંકર જોષીના કહેવા મુજબ 'એ સર્જકની કેફિયતમાં કાવ્યના રચયિતાઓ તેમ જ આસ્વાદકોને કીમતી સૂચનો સાંપડશે. કેટલીક કંડિકાઓમાં વિચારની અને ગુજરાતી ગદ્યની દીપ્તિ જોવા મળશે.'

કવિને પરદેશગમનથી અભિવ્યંજનાના નવા કીમિયા, વિસ્તૃત વિચારફલક અને શબ્દોની ચોક્કસતા તથા લાઘવ હાથ સાંપડયા છે. એમનાં ભાવપ્રતીકો બિલકુલ નવાં તથા કટાક્ષયુક્ત છે. આ કટાક્ષ 'હાસ્યમય તમતમતી ટીકાખોરી જ નથી, પણ ભિન્નભિન્ન આભાસોને વક્રદર્શનથી સાંકળી સત્યને ઉઠાવ આપતું લક્ષણ છે' (ઉમાશંકર જોષી). એમનાં ભાવપ્રતીકો તથા જોડકણાં જેવી સામાન્યકાવ્યપંક્તિઓ કયારેક તો એટલી વિલક્ષણ અને વિચિત્ર થઇ જાય છે કે એ વાચક પાસે સારી એવી મગજની કસરત માંગી લે છે. પરિણામે શ્રી શ્રીધરાણી પર દુર્બોધતાનો આક્ષેપ મુકાવાનો પૂરો ભય રહે છે. 'એક વાછડાને' જેવા માત્ર બે શબ્દના કાવ્યનું લાઘવ તો ભલભલાને મૂંઝવી દે એમ છે. અને એટલી મૂંઝવણ તથા કસરત પછી પણ એમનાં બધાં કાવ્યો સંપૂર્ણપણે સમજવાં તો લગભગ અશક્ય લાગે છે.

છતાં એમાંનું જે કંઈ સમજાય છે તે અત્યંત રસપ્રદ છે અને એમનાં કાવ્યોને ફરી ફરીને (પુનરપિ) વાંચવા-માણવા પ્રેરે એમ છે.

રણજીતરામ સુવર્ણચંદ્રકે એમની યોગ્યતા પર મ્હોર મારી છે.

આર્દ્રા—શ્રી 'ઉશનસ્' : કાવ્યસૃષ્ટિમાં સુપ્રતિષ્ઠિત કવિ ઉશનસ્‌નો આ સંગ્રહ કાવ્યરસિકોમાં સારો આવકાર પામ્યો છે. એમની ઘડાયેલી શૈલી, રસમય અભિવ્યક્તિ તથા ચિંતનની પરિપક્વતા મનને આકર્ષે છે. કવિની વિશેષતા ઋતુકાવ્યોમાં ખાસ ખીલે છે. 'હેમન્તની એક અનુભૂતિ' તો કોઈ ઘૂંટાઇ ઘૂંટાઇને જાગેલા સૂર જેવી ચિરસ્થાયી છાપ મૂકી જાય છે. 'ચૈતન્યલીલા'નું ચિંતનમાધુર્ય પણ એવું જ મનોહર છે. કવિના દેશદર્શનની વ્યાપકતા ને ઊંડાણ પણ ધ્યાન ખેંચે એવાં છે. 'ગાંધીજીને'ના નાનકડા મુક્તકમાં શબ્દોની હળવી ચાતુરી દ્વારા પણ કવિ તીક્ષ્ણ વ્યંગ કરી જાય છે. નિસર્ગદર્શનના આ વિશિષ્ટ કવિ પાસે વિષયવૈવિધ્ય પણ સારું છે. પરંતુ ગહન શબ્દોના અકારણ પ્રયોગથી એમની કવિતા ઘણી વાર ભારેખમ થઈ જતી લાગે છે. ગીતરચનામાં લાંબા સમાસ આવતાં એમની વિશદતા તથા પ્રવાહિતા જોખમાય છે. અને કયાંક હ્રસ્વ-દીર્ઘની વધારે પડતી છૂટ આવા સિદ્ધહસ્ત કવિને માટે અનુચિત લાગે છે. બાકી એકંદરે જોતાં કવિ એમનાં લાક્ષણિક વર્ણનો, મનોરમ્ય પ્રતીકો ને ચિંતનભર્યાં સંવેદનોથી વાચકના મનને પોતાની સાથે વ્હેતું કરે છે.

આલાપ (સંવર્ધિત આવૃત્તિ)—**શ્રી પિનાકિન્ ઠાકોર**—પંદર નવાં કાવ્યો તથા શ્રી સુન્દરમ્‌ના મનનીય આમુખના ઉમેરા સાથે 'આલાપ' પુનઃપ્રકાશિત થાય છે. તદુપરાંત પહેલી આવૃત્તિમાં પ્રગટ થયેલાં કાવ્યો પણ અહીં બારીકાઈથી મઠારાયાં છે. કવિએ સરળ લલિત ભાષામાં ભાવમય હૃદયને લયબદ્ધ ઉદ્‌ગારો આપ્યા છે. એમના સંવેદનોની કોમલતા–ખાસ કરીને સ્મૃતિકાવ્યોની આર્દ્ર મધુરતા–આકર્ષક છે. કવિ પાસે ચિંતનની કોઈ અનોખી વિશેષતા નથી તેમ જ એમનાં અલંકારોનો વૈભવ કયારેક વધુ પડતો લાગે છે. છતાં એમની વાણીની આહ્‌લાદકતા 'આલાપ'ને પોતાનું આગવું સ્થાન અર્પી જાય છે. વર્તમાન કવિતાની દુર્બોધ પ્રયોગશીલતા 'આલાપ'ની કવિતાને કુરૂપ નથી થવા દેતી શ્રી સુન્દરમે એમની લાક્ષણિક શૈલીમાં આ કવિને અંજલિ આપતાં લખ્યું છે કે, 'આલાપ'કારે સારા ઝવેરી જેમ પોતાની રચનાઓને આકારના, વાણીના અને અલંકારના સૌષ્ઠવ તથા ચારુત્વથી મઢી છે. નવતર કવિતાના રસમય ફાલમાં 'આલાપ'કારનો ફાળો યે અગ્રગણ્ય છે.

નન્દિતા—શ્રી વિનોદ અધ્વર્યુ—હૃદયના અત્યંત સૂક્ષ્મ સંવેદનોને આ સંગ્રહમાં એવી જ મનોરમ્ય અભિવ્યક્તિ મળી છે. માત્ર છ દિવસ માટે જીવન-આકાશમાં ઝબકીને ઓલવાઇ ગયેલી એક તારલીની સ્મૃતિમાં પ્રગટ થયેલ 'નન્દિતા'નો કરુણરસ વાચકને પણ આર્દ્ર કર્યા વગર રહેતો નથી. 'સ્મૃતિ'ની મુલાયમ વેદનામાં સંવેદનોની સચોટતા ભારોભાર ભરી છે. 'ખાલી ઘર'માં પણ એ જ ભીનાશ નીતરે છે. 'તૃષ્ણા', 'જીવનસંઘર્ષ', 'કાળચક્ર'નાં પરિવર્તનો જેવા સનાતન અનુભવોને લેખકે અભિનવ ભાવપ્રતીકો દ્વારા વ્યક્ત કર્યાં છે. જ્યારે 'માણેકડું' ઘણી હળવી રીતે ગંભીર વાત કહી જાય છે. કવિની કલમની ચિત્રશક્તિ 'મેઘલી રાત'માં સુંદર રીતે આલેખાઈ છે. 'શ્રદ્ધા'નો કરુણ રસ એ કાવ્યના અંત સાથે હૃદયના

ઊંડા સ્તરને હચમચાવી શકે છે.

આ નાનકડા કાવ્યસંગ્રહ દ્વારા કવિની વિશિષ્ટ કાવ્યશક્તિનો અભિનંદનીય પરિચય થાય છે. અને હજી આપણને તેઓ કૈંક આપતા રહે એવી આતુરતા જ ઊભી થાય છે. સંવેદનોની સહજ સુમધુર અભિવ્યક્તિ ને શૈલીની પરિપક્વતાથી શોભતી 'નન્દિતા' વાચકને જરૂર આનન્દિત કરશે.

પંચામૃત-ડૉ. બટુકરાય પંડ્યા ઊર્મિકાવ્યો, ગીતો, ગઝલો તથા હળવાં કાવ્યોથી શોભતા આ કાવ્યસંગ્રહમાં કવિની છંદરચનાની હથોટી સારું ધ્યાન ખેંચે છે. કેટલાંક કાવ્યો સામાન્ય છે જ્યારે 'આરોહણ' જેવાં સૉનેટો અભિનંદનીય છે. કવિનો વિશેષ પક્ષપાત ગઝલ પર લાગે છે. કાવ્યસંગ્રહની શરૂઆતમાં જે થોકબંધ અભિપ્રાયોના (પોતાની પ્રશંસાના) પત્ર અ તરણે મૂકવામાં આવ્યાં છે તે કાવ્યોના તેજને અવરોધકતા નથી થતાં ને?

પલ્લવ-શ્રી ચંપકલાલ વ્યાસ-રામાયણ, મહાભારતના તથા બીજા કેટલાક પ્રસંગોને 'પલ્લવ'માં ખંડકાવ્યરૂપે વણ્યા છે. પુસ્તકની પ્રસ્તાવનામાં કવિએ ખંડકાવ્યનાં લક્ષણોની ટૂંકી પણ મુદ્દાસરની છણાવટ કરી છે. તેમનાં આ ખંડકાવ્યોમાં એ લક્ષણોને યથોચિત સ્થાન મળ્યું છે. પરંતુ ક્યાંક ક્યાંક આત્મસંભાષણ(monologue)નું તત્ત્વ આવે છે. તેની ઉચિતતા વિષે પ્રશ્ન થાય છે. પુસ્તકના ફ્લેપ પર કાવ્યસર્જનની પ્રક્રિયાની મનનીય આલોચના કરી છે.

બારી બહાર-સ્વ. શ્રી પ્રહ્લાદ પારેખ જેમનાં કાવ્યોને શ્રી ઉમાશંકર જોષીએ 'નીતરાં પાણી' તરીકે બિરદાવ્યાં છે તેવા કવિનો આ સંગ્રહ છે. માનવપ્રકૃતિના તેમ જ બાહ્યપ્રકૃતિના સૂક્ષ્મ ભાવોને કવિએ વાચા આપી છે. રચના ઇંદ્રિયગ્રાહ્ય તેમ જ શૈલી સરળ છે. ગીતો કરતાં પણ કાવ્યોમાં તે ઓર ખીલ્યા છે.

સોહમ-શ્રી સુધાંશુ-કવિહૃદયનો 'અધીરો ઘોડલો', 'સોહમ'માં સાગરનું ઊંડાણ અને ગેબનું ઊંચાણ માપવા થનગને છે. કાળક્રમે દેશ તેમ જ સમાજ પલટ્યા કરે છે પરંતુ આ કવિ તો એ જ આત્મનિષ્ઠાથી પોતાની અન્તઃપ્રેરણાને વફાદાર રહીને બેત્રણ દાયકાથી ગાયા કરે છે. એમના હૃદયને ભાષા મળી છે ભજનની. ભજનને શોભે તેવી વાણી ને પ્રતીકો એમને સહજ સિદ્ધ છે. એમણે માનવઅભીપ્સા ઉપરાંત પ્રેમ, આનંદ ને નૈરાશ્યને પણ પોતાના એકતારે સુંદર રીતે ગુંજતા કર્યા છે. પરંતુ એમના સંવેદનશીલ ગુંજનમાં ક્યાંક ક્યાંક શબ્દાળુતા તેમજ પ્રાચીન પરિભાષાની દુર્બોધતા રસક્ષતિ કરતાં હોય એવો ભય રહે છે.

આરત-શ્રી દેવજી રા. મોઢા સાદી સરળ શૈલીમાં ગાતાં હૃદયને 'આરત'માં પ્રાસાદિક અભિવ્યક્તિ મળી છે. પ્રભુશક્તિ તથા નીતિમત્તાનો આદર્શ કવિને વિશેષ આકર્ષે છે. એમની પાસે જીવનના પરમ ભદ્ર તત્ત્વોમાં શ્રદ્ધા તથા કર્મમાં શૌર્ય પ્રગટાવવાની શક્તિ છે. 'મન મારાને કહીં ન પડે ચેન'ની આર્તવાણી સચોટ સંવેદનથી ભરેલી છે. આખા કાવ્યસંગ્રહનું નામ જેને આધારે ટેકવ્યું છે તે કાવ્ય 'આરત' કંઈક મોળું લાગે છે. આ કવિની વિશેષતા એનાં કાવ્યોની સર્વભોગ્યતામાં સમાઈ છે. શ્રી રામપ્રસાદ બક્ષીએ એનાં વિશિષ્ટ તત્ત્વો તરીકે 'સ્વસ્થ શૈલી સમથલ સીધો રાહ અને ક્વચિત્ આછા અલંકાર સજતી શુચિ-સરલ વાણી' વર્ણવ્યાં છે.

માનસર-શ્રી બરકત વીરાણી 'બેફામ'

ગુજરાતી ભાષાના ગઝલકાર તરીકે શ્રી 'બેફામ' અત્યંત લોકપ્રિય છે. તેમનાં કાવ્યો માત્ર લોકપ્રિય નહીં પણ કાવ્યતત્ત્વથી સભર છે. તેથી તેઓ લોકભોગ્ય તેમ જ વિદ્વદ્ભોગ્ય પણ થયા છે. તેઓ કાવ્યમાં વાચ્યાર્થ ને વ્યંગાર્થ બન્નેમાં રમણીયતા સાધી શકે છે. વાચ્યની સપાટી પર તરનારા સામાન્ય શ્રોતાઓને એમનાં કાવ્યનાં જળ આહ્લાદક શીતળતા ને પ્રસન્નતાનો અનુભવ કરાવે છે, તો વ્યંગાર્થના ઊંડાણમાં ડૂબકી મારનારાઓને એમાંથી સાચાં પાણીદાર મૌક્તિકો પણ સાંપડે છે. જેમ કે,

"જીવન માફક નથી મારું
મરણ પણ સંકુચિત 'બેફામ',
કે હું આ આખી ધરતીને જ
સમજું છું કબર મારી."

એમનાં કાવ્યોને શ્રી જ્યોતિન્દ્ર દવે એ નિત્યનૂતન કહ્યાં છે. એમની ગઝલોમાં પણ ખુદીની ખુમારી ને પ્રેમની ખુવારી વગેરે છે. પણ એ પોતાની આગવી પ્રતિભા દ્વારા એમાંથી જ કોઈ નવી જ સૃષ્ટિ રચે છે. એમનો સ્વભાવગત સંયમ એમને વિશિષ્ટતા અર્પે છે.

કલ્પનાની સુંદરતા ભાષાની સરળતા ને સફાઇ, દિલની સચ્ચાઈ ને પારદર્શકતા, ઉપમા દૃષ્ટાંત, આદિ અલંકારોની અભિનવતા ને સચોટતાથી એમનાં કાવ્યો ઉચ્ચતા પ્રાપ્ત કરી શક્યાં છે.

મહેક-શ્રી ગની દહીંવાલા એક સત્ત્વશાળી ગઝલકારની મધુર દર્દભરી ગઝલો, ગીતો તથા કાવ્યોનો સંગ્રહ. કવિ પાસે પ્રેમની ખુમારી ચિંતનનો ઝોક અને નાજુક ચિત્રશક્તિ છે. 'ઉપવને આગમન'માં એવી મુલાયમ સુંદર કલ્પનાઓથી રમ્ય ચિત્રો અંકાયાં છે. એમની કલમને ગઝલનું વાહન સૌથી વધુ શ્રેયસ્કર નીવડ્યું છે. ગીતોમાં એ ક્યારેક ગદ્યાળુ તથા બોઝિલા થઈ જવાનો ભય રહે છે. આ કવિ પાસે સંગીતશક્તિ છે પણ કાવ્યસર્જન સમયે કવિ કાવ્યને સ્વતંત્ર રીતે ન્યાય આપે તે આવશ્યક છે. બાકી કાવ્યતત્ત્વોથી વારંવાર ચમકતી ગઝલોએ સાહિત્ય-ઉદ્યાનમાં આ કવિને અવશ્ય મહેકતા કર્યા છે.

ઝરણાં (મુક્તકસંગ્રહ) **શ્રી અંબાલાલ 'ડાયર'** ગઝલક્ષેત્રે પોતાની વિશિષ્ટ કાવ્યશક્તિથી જાણીતા થયેલા શ્રી 'ડાયર' 'ઝરણાં'માં દર્દભર્યાં મુક્તકો વહાવે છે. ઝડપથી દોડતા આજના યુગમાં આવાં નાનાં પ્રકાશનો વધુ લોકભોગ્ય બને છે. ઉપમાઓની સમૃદ્ધિ, ઊર્મિની ચોટ અને વિચારના ચમકારાને લીધે આ મુક્તકો આસ્વાદ્ય બને છે. પરંતુ કવિનું આવું ઉદાસ વલણ તેમ જ ઇશ્વર પ્રત્યેની આટલી અશ્રદ્ધા શા માટે છે તે સમજાતું નથી.

અણસાર-શ્રી મીનુ દેસાઈ શુદ્ધ ગુજરાતી ભાષામાં કવિતા લખતા પારસી કવિઓ જૂજ છે ત્યાં મીનુ દેસાઈની કવિતા ધ્યાન ખેંચે એમ છે. એમની ભાષા સરળ અને ભાવમય છે. 'કોણ' જેવાં કેટલાંક કાવ્યો સુંદર છે. પરંતુ વિષયો તેમ જ તેને આલેખતાં પ્રતીકોમાં કોઇ નવીનતા નથી. પરિણામે આ કાવ્યસંગ્રહ મન પર કોઈ વિશિષ્ટ છાપ પાડી શકતો નથી. છંદ-રચના પણ ક્યારેક પ્રયત્નપૂર્વક જાળવવી પડી હોય એમ લાગે છે.

પ્રદાન-શ્રી છોટાલાલ ધ. થેકડી કિશોરાવસ્થામાં કવિએ લખેલી આ કાવ્યકૃતિઓમાં એ વયે થયેલી સાધનાની અપરિપક્વતા દેખાય એ સહજ છે. કવિને કાવ્ય લખવાની ઝંખના તથા છંદની સમજ છે. પણ એનું કાવ્યસંગ્રહ રૂપે પ્રદાન કરતાં પહેલાં એને વધુ વિકસવા દેવી આવશ્યક છે. 'દાનેશ્વરી' જેવું લાંબુ કાવ્ય ધ્યાન ખેંચે છે. જ્યારે 'વાડાશિનોરનો વાણિયો' 'કામેલકાકા' જેવાં કાવ્યો તો કેવળ બાળભોગ્ય છે. આ કાવ્યસંગ્રહ 'કવિ' નહીં પણ 'ઉગતા કવિ'ની મનોદશાનું સારું દૃષ્ટાંત પૂરું પાડે એમ છે.

ઉચ્ચાર-લે. શ્રી હિમાંશુ વોરા એક નવોદિત કલમની આશાસ્પદ પ્રસાદી. કવિ પાસે સૂક્ષ્મ મનોહર કલ્પના છે. 'રાત મૂંગી હતી' —એ એનું ઉત્તમ ઉદાહરણ છે. કાવ્યોચિત સંવેદન અને નવતર દૃષ્ટિ પણ છે. પણ ક્યાંક ક્યાંક છંદની ઘણી કચાશ ને રચનાનો આયાસ દેખાયા વગર રહેતાં નથી. એમનો ઉચ્ચાર હજી વધુ ઘૂંટાઇને પોતાનું આગવું વાતાવરણ સર્જી શકશે એવી આશા રહે છે.

જર્મનીમાં સ્વાવલંબનથી વિદ્યાભ્યાસ કરવા ઇચ્છનાર વિદ્યાર્થીઓને અતિ ઉપયોગી એવાં

લેખક દુર્લભ કાકડિયાનાં જાતઅનુભવનાં સલાહસૂચનો

પરદેશમાં ભણવાની ઇચ્છા ઘણાંને થતી હશે. પાસે પૈસા હોય કે ક્યાંકથી મેળવી શકે તેમ હોય તેવાઓને પણ પરદેશની યુનિવર્સિટીઓમાં પ્રવેશ મેળવીને ભણવામાં આડે આવતી મુશ્કેલીઓનો પાર નથી હોતો તેવે વખતે સ્વાવલંબનથી પરદેશમાં ભણવાની વાત પણ પરીકથા જેવી લાગે. આમ છતાં જર્મનીમાં સ્વાવલંબનથી ભણવાનાં સ્વપ્નાં સેવનારાંઓ માટે મારા અનુભવોમાંથી કંઈક આપવાના હેતુથી હું આ લખવા પ્રેરાઉં છું.

અમદાવાદની સરસ્વતી હાઈસ્કૂલમાં રહી લગભગ અંગ્રેજી ધોરણ ત્રીજાથી, એટલેકે ૧૯૪૩થી હું સ્વાવલંબી રીતે ભણતો આવ્યો છું. તે વખતે હું છાપાંઓ, ખાવાની ગોળીઓ, પુસ્તકો, વારતહેવારે મીણબત્તીઓ અને કટલરીનો સામાન ફેરી કરીને વેચતો. અવારનવાર નાનાં-મોટાં ઘરનાં કામો અને નોકરીઓ પણ કરી લેતો. નિશાળના સમયે હમેશાં ભણવા જતો; સાંજના વળી પાછો ફેરી કરતો કે સિનેમા ઘરોની પાસે બાફેલા ચણા, વટાણા અને એવી ગરમાગરમ વસ્તુઓ વેચતો. મૅટ્રિક સુધી એટલે કે ૧૯૪૮ સુધી આવા લગભગ સફળ એવા અનેક અખતરાઓ મેં કર્યા છે. ભારતમાં યુનિવર્સિટીના અભ્યાસ દરમિયાન પણ આવા પ્રયોગો મેં અમદાવાદ, મુંબઈ, બનારસ, દિલ્હી, અલ્લાહાબાદ અને કલકત્તામાં કરેલા. તેમાં મને દેખીતી સફળતા નથી મળી, પણ તે વખતની મારી નિષ્ફળતાનાં કારણોમાં તો મારી બહુવિધ પ્રવૃત્તિઓ અને લગભગ અસ્થિર અને વિચિત્ર કલ્પનાઓથી ઘડાયેલા સિદ્ધાન્તોવાળું ધૂની જીવન વગેરે હતાં તે મારે કબૂલ કરવું જોઈએ. આમ છતાં, ૧૯૫૩માં મેં રમતાંરમતાં જ કલકત્તા યુનિવર્સિટીની ઇન્ટર કૉમર્સની પરીક્ષા પાસ કરેલી. મારા આવા જીવનના નામી અને અનામી અનેક સાક્ષીઓ ભારતમાં ઠેરઠેર છે. તેમાંના કેટલાકની પ્રેમાળ લાગણીઓને મેં મારી ધૂનમાં દુભાવ્યાનું મને ભાન છે અને તેનું મને દુઃખ પણ થાય છે.

૧૯૫૫માં એક તકના આધારે પુત્રી-પત્નીની આસક્તિને નેવે વળગાડીને મેં જર્મની જવાનું વિચાર્યું. તે વખતે હું સૌરાષ્ટ્રના એક ગામડામાં કાર્યકર્તા તરીકે માસિક રૂા. ૧૧૫ના પગારથી નોકરી (કે સેવા) કરતો હતો. તેમાંથી રૂા. ૧૫ સંપત્તિદાનમાં જતા અને પાસે રોકડા રૂા. ૧૦૦ રહેતા. તેમાંથી રૂા. ૨૦થી વધુનો ખર્ચ સાહિત્ય માટે હું અવશ્ય કરતો, એટલે કે રૂા. ૮૦માંથી ઘરખર્ચને બાદ કરતાં જે વધતું તેવી નાનકડી બચતના આધારે જર્મનીમાં આગળ યુનિવર્સિટીનો અભ્યાસ કરવાનાં સ્વપ્નો મેં સેવેલાં. સદ્ભાગ્યે આજે એ સિદ્ધ થયાં છે.

૧૯૫૫ના અંતમાં મને ખબર મળી કે જર્મનીની એક કંપનીએ મને નોકરી આપવાની તૈયારી બતાવી છે. નોકરી અપાવનાર અને આપનારના ઉદ્દેશો તો મને જર્મન દેશને ઓળખવાની તક આપવાનાં હતાં; પણ મેં તો ત્યાંની યુનિવર્સિટીઓમાં અભ્યાસ કરવાના જ વિચારો કર્યે રાખેલા. આ માટે બધાં સંકટો સહી લેવાની મેં તૈયારી રાખેલી. પાસે પૈસા હતા નહિ.

સગાંસંબંધીઓ અને મિત્રો પાસેથી ઉછીનાપાછીના કરીને અને કંઈક પુસ્તકો વેચીને તથા કોઈકની મદદ મેળવીને રૂા. ૯૦૦ જેટલી રકમ મેં ભેગી કરી. શુભેચ્છકોની સહાયથી પાસપોર્ટ અને બીજાં જરૂરી કાગળિયાં પણ મેળવ્યાં. મુંબઈના ચોરબજારમાંથી બે જૂનાં પાટલૂનો, કોટ અને એવા ખાસ જરૂરી કપડાં પણ ઉપરની રકમમાંથી ખરીદ્યાં અને આવી તૈયારી કરીને હું તા. ૧૭મી માર્ચ ૧૯૫૬ના રોજ સ્ટીમર રસ્તે મુંબઈથી બસરા જવા ઊપડ્યો. ત્યાંથી રેલ રસ્તે નોકરીના સ્થળે જર્મનીમાં પહોંચ્યો. રસ્તામાં કરાંચી, બગદાદ આંકારા, ઈસ્તંબૂલ, બેલગ્રાડ, મ્યુનિક વગેરે જગવિખ્યાત શહેરો જોયાં અને એશિયા-યુરોપની ધરતીના રસ્તામાં આવતા દેશોનાં દર્શન કર્યાં. મુસાફરીમાં શ્રી શેખઆદમ આબુવાલા અને શ્રી દશુ મહેતા મારી સાથે હતા. શ્રી આબુવાલાએ આ મુસાફરીનું વર્ણન ક્યાંક લખ્યું છે તેવું મેં સાંભળ્યું છે. અહીં તો મારે એટલું જ કહેવાનું છે કે રૂા. ૯૦૦ જેવી રકમથી પણ કપડાં લત્તા ખરીદીને યુરોપ જવું શક્ય છે.

જર્મની પહોંચ્યા પછી પ્રથમ તો મેં ૮ મહિના નોકરી કરી અને સાથેસાથે જર્મન ભાષા શીખવા માંડી. વળી, યુનિવર્સિટીમાં આગળ ભણવાની શક્યતાઓ પણ શોધવા માંડી. જર્મન વિદ્યાપીઠોમાં પ્રવેશ મેળવવા માટે સામાન્ય રીતે આપણી (ભારતની) વિદ્યાપીઠોની ઇન્ટરની પરીક્ષા અને જર્મન ભાષાનું જ્ઞાન જરૂરી છે. એ વિના પ્રવેશ મેળવવો મુશ્કેલ પડે. કેટલીક વિદ્યાપીઠો અપવાદ તરીકે પહેલાં બે સત્ર 'મહેમાન વિદ્યાર્થી' તરીકે ઇન્ટરની યોગ્યતા વિના પણ પ્રવેશ આપે છે. આ બે સત્રો પછી જો તમે તેમની પ્રવેશપરીક્ષા પાસ કરો તો તમને નિયમિત વિદ્યાર્થી તરીકે દાખલ કરવામાં આવે અને જો આ બે સત્રો દરમ્યાન તમે જે દિશાનો (વિષયનો) અભ્યાસ કરવા માગતા હો અને તે વિષયના વર્ગો ભર્યા હોય તો એ બે સત્રોની ગણતરી તમારી પરીક્ષા માટેનાં જરૂરી સત્રોમાં કરવામાં આવે. આ અપવાદનો ઉપયોગ કરવો એ સામાન્ય રીતે ઘણું ખર્ચાળ અને સમયનો વ્યય કરવા જેવું છે. એટલે ભારતમાંથી જર્મનીમાં અભ્યાસ કરવા આવનારે ઓછામાં ઓછું પ્રમાણિત વિદ્યાપીઠનું ઇન્ટરનું પ્રમાણપત્ર લઇને જ અહીં આવવું ઉચિત છે.

આ ઉપરાંત, તમે કોઈ વ્યવસાયનું શિક્ષણ લેવા માગતા હો તો તમારે એવો જ વ્યવસાય કરતી કોઈ એક ઑફિસમાં કે કારખાનામાં છ માસથી એક વરસના વ્યહવારુ અનુભવની જરૂર પણ પડે. ધારો કે તમે વેપારશાસ્ત્રનો એટલે કે કૉમર્સનો અભ્યાસ કરવા માગો છો. તો તે વિષયના શિક્ષણ સારુ અહીંની વિદ્યાપીઠમાં પ્રવેશ મેળવવા માટે તમે વેપાર કે ઉદ્યોગમાં એક વરસ પ્રત્યક્ષ કામ કરેલું હોવું જોઇએ. તમે મિકેનિક્સ કે એન્જિનિયરિંગ વિષે ભણવા માગતા હો તો તમારે કોઇક કારખાનામાં છ મહિના કે વરસ દિવસની તાલીમ લેવી જરૂરી છે.

યુનિવર્સિટીના અભ્યાસની પૂર્વ તૈયારીરૂપ આ બે પ્રમાણપત્રો તો ભારતમાંથી અહીં અભ્યાસ કરવા આવનારે ત્યાંથી સાથે લાવવાં જ.

આ ઉપરાંત, નીચેની વિગતો સાથે અરજી પણ કરવાની હોય છે :

(૧) પ્રવેશ મેળવવાની ઇચ્છા દર્શાવતી અરજી

(૨) પોતાનો ટૂંકો પરિચય મા-બાપનાં નામો, તેમનો ધંધો, પોતાની જન્મ-તારીખ અને સ્થળ, પ્રાથમિક શાળા, માધ્યમિક શાળા તથા બીજા અભ્યાસનાં વર્ષો, પોતે મેળવેલી વ્યવહારુ તાલીમ અને ભવિષ્યમાં શો વ્યવસાય કરવાની ઇચ્છા છે તે મુદ્દાઓનો સમાવેશ થવો જોઈએ. સામાન્ય રીતે આ જીવનચરિત્ર જર્મન ભાષામાં અને હાથથી લખીને આપવાનું હોય છે; પણ પરદેશી વિદ્યાર્થીઓ અંગ્રેજી

ભાષામાં ટાઈપ કરાવીને મોકલે તો ચાલે.

(૩) પોતાના પાસપોર્ટ સાઈઝનાં ત્રણ ફોટોગ્રાફ્સ

(૪) ઇન્ટરની પરીક્ષાના પ્રમાણપત્રની નકલ

(૫) જર્મન ભાષાની જાણકારીનું પ્રમાણપત્ર

(૬) વ્યવહારુ તાલીમનું પ્રમાણપત્ર

(૭) તમે છેલ્લે જે ગામમાં કે શહેરમાં રહેતા હો ત્યાંના પોલીસ અમલદારનું તમારી સારી વર્તણૂક માટેનું પ્રમાણપત્ર

(૮) તમારી જન્મતારીખનો દાખલો

જર્મન વિદ્યાપીઠોમાં પ્રવેશ મેળવવાનાં બે પગથિયાં છે. તેમાંનું પહેલું તો તમે ટપાલ વ્યવહારથી પતાવી શકો. ઉપર જણાવેલાં કાગળિયાંઓમાંના પહેલા ચાર મુદ્દાઓ પ્રમાણેના કાગળો તમે ટપાલથી મોકલો તો તમને કામચલાઉ પ્રવેશના ખબર ટપાલથી આપવામાં આવે. બાકીના ૫ થી ૮મા મુદ્દાના કાગળો તમે જ્યારે યુનિ. ના કાર્યાલયમાં રૂબરૂ જાઓ ત્યારે હાથોહાથ આપો તો ચાલે ત્યાં પણ તમારે પ્રવેશવિધિ માટે કેટલાંક ફૉર્મ્સ ભરવાનાં હોય છે. ક્યારેક વિદ્યાપીઠ આમાંનાં કેટલાંક ફૉર્મ્સ તમને ટપાલથી પણ મોકલે જ્યારે પ્રવેશનો વિધિ પતાવવા જાઓ ત્યારે હાથોહાથ આપે. આ ફૉર્મ્સ જર્મન ભાષામાં હોય એટલે એ ભરવામાં તમને ત્યાંથી કોઇક મદદ પણ કરે.

આટલો વિધિ પત્યા પછી તમારે કયાં કેટલી ફી આપવાની છે વગેરે માહિતીઓ પણ તમને આપોઆપ કાર્યાલયમાંથી મળી રહે. આવી માહિતીઓ તમે અગાઉથી પણ મેળવી શકો. જર્મન સરકારનું એલચી ખાતું, ભારત સરકારનું કેળવણી ખાતું, Deutche Ackademische Austaucsh Dieust (DAAD–Bonn) કે તમે જે યુનિવર્સિટીમાં ઇન્ટર સુધીનો અભ્યાસ કર્યો હોય ત્યાંનું પરદેશ ખાતું પણ આપી શકે કે મેળવી આપે. આવી માહિતીઓ મળવાનાં ઘણાં સત્તાવાર સ્થળો હોવાથી એની વિગતમાં ન ઊતરતાં, સ્વાવલબનથી ઉચ્ચ અભ્યાસ કરવાની જાતઅનુભવની ઉપયોગી વાતો જ કહું.

આપબળે આગળ જનારાઓએ વધુ શ્રમ, શ્રદ્ધા અને કુનેહથી કામ લેવું પડે તે સ્વાભાવિક છે. આવા વિદ્યાર્થીઓએ ગોખલે અને જયપ્રકાશ નારાયણ જેવાઓનાં જીવનચરિત્રો વાંચી જવાં જોઇએ. દરેક વિદ્યાપીઠમાં આવા પુરુષાર્થી વિદ્યાર્થીઓ શોધનારને મળી જ આવશે. માત્ર તેમને ઓળખવાની અને તેમની પાસેથી કંઈકને કંઈક શીખવા જેવું શોધી કાઢવાની દૃષ્ટિ આપણે કેળવવી જોઇએ.

જર્મનીમાં સ્વાવલંબનથી આગળ ઉચ્ચ અભ્યાસ કરવાની ઇચ્છા ધરાવનારે ઉપર્યુક્ત ભૂમિકા તૈયાર કરીને પોતે વિદ્યાર્થી છે અને ભણવા જવા ધારે છે તેવું થોડી વાર ભૂલી જઇને, પોતે વ્યવહારુ તાલીમ લેવા જર્મનીના કોઈક કારખાનામાં દાખલ થવાના અથવા કંઈક કામ મેળવવાના પ્રયત્નો શરૂ કરવા. અહીં જર્મનીમાં મજૂરોની ઘણી જ ખોટ છે એટલે આવી રીતનું કામ મળવું મુશ્કેલ નથી. શરૂઆતમાં ખોટી શરમ કે નાનમ અનુભવ્યા વગર કોઈપણ કામ કરી લેવાની તૈયારી બતાવનારને અહીં કામ મળી રહે તેવો મારા ઉપરાંત પણ ઘણાંનો અનુભવ છે. કામ હમેશાં મનગમતું ન હોય, સાથે કામ કરનારા મજૂરોનું વર્તન પણ આપણને ગમે તેવું ન હોય અને લોકો આપણને પરેશાન કરવા માગતા હોય તેવું પણ ક્યારેક ક્યારેક બનવાનો સંભવ ખરો; પરંતુ આપણે ઉચ્ચ અભ્યાસના પવિત્ર ધ્યેયને લક્ષમાં રાખીને ખપ પૂરતા પૈસા કમાવા ને સાથેસાથે બની શકે તો કંઈક શીખવાના આશયથી થોડો વખત પૂરતા કામ કરતા હોઇએ અને બીજા લોકો સાથે મળતાવડો સ્વભાવ રાખીએ તો આપણી મુશ્કેલીઓ હળવી થઈ જ જાય છે.

અહીં નવાં સત્રો મે અને નવેમ્બરમાં શરૂ થાય છે. ઉનાળુ સત્ર મેથી જુલાઈ અને શિયાળુ સત્ર નવેમ્બરથી ફેબ્રુઆરી સુધી ચાલે છે. ઑગસ્ટથી ઑક્ટોબર સુધી અને માર્ચથી એપ્રિલ સુધી અહીં વર્ગોમાં રજા રહે છે. આ મહિનાઓમાં વિદ્યાર્થીઓ યા તો વ્યહવારુ તાલીમ મેળવે અથવા નોકરી કરીને પૈસા કમાય કે પછી સત્ર દરમ્યાન ચડી ગયેલું કામ પૂરું કરે. જ્યારે વિદ્યાર્થીઓને કોઈ નિર્ધારિત પરીક્ષા માટે આઠ સત્રનો અભ્યાસ ફરજિયાત હોય ત્યારે શરૂઆતના ચાર સત્રોની રજાઓના ગાળામાં તેઓ કામ કરીને પૈસા કમાય છે.

પુરુષાર્થી વિદ્યાર્થીઓ કામ મેળવીને શરૂઆતમાં જર્મની આવે, કામ કરતાં કરતાં આઠેક મહિના પૈસા કમાય, સાથેસાથે ભાષા શીખી લે અને વિદ્યાપીઠમાં પ્રવેશ મેળવવાની પૂર્વતૈયારીઓ કરે તો એ શક્ય છે એટલું જ નહિ, પણ આવી ભૂમિકા તેમના અભ્યાસના માર્ગને ઘણી રીતે સરળ પણ કરે છે.

બીજું કામ મેળવવા માટે તમે જર્મનીમાં જ્યાં અરજી કરો ત્યાં તમારા અભ્યાસ કરવાના આશયની, તમારી યોગ્યતાઓની ને તમારી બીજી પરિસ્થિતિની સ્પષ્ટ જાણ પણ કરવી. તમારો જન્મ-દિવસ, જન્મસ્થળ અને તમારા અનુભવો વિષે લખવાનું પણ ભૂલશો નહિ. સાથેસાથે હાથે લખેલો તમારો ટૂંકો પરિચય અને તે જ લખાણની ટાઈપ કરેલી એક નકલ, તમારો ફોટોગ્રાફ અને તમારાં પ્રમાણપત્રોની નકલ પણ તમારી અરજીની સાથે જ મોકલવાં. લખાણ અને બીજા કાગળો આંખને ગમે તે રીતે ગોઠવીને મોકલવાં જોઇએ. મેં પોતે એવી ઘણી જ અરજીઓ અમારી ઑફિસમાં જોઈ છે, જેની ભાષા ઢંગધડા વિનાની હોય, અક્ષરો વાંચવા તો શું જોવા પણ ન ગમે, લખાણના વસ્તુમાં વિચારોની સમન્વયતા ન હોય અને સાથે મોકલેલા કાગળો પણ કઢંગી રીતે જેમતેમ ભરાવેલા હોય. આવી અરજીઓનો જવાબ કોણ આપે? પણ વ્યવસ્થિત અને સુઘડ રીતે કરેલી અરજીઓમાંથી કોઈકના હકારાત્મક જવાબની આશા જરૂર રખાય. અલબત્ત, કામ મેળવતાં થોડો વખત પણ લાગે. થોડોઘણો પત્રવ્યહવાર પણ જરૂરી થઈ પડે. ક્યારેક એક જ અરજીએ સફળતા પણ મળી જાય. આવી શક્યતાઓ જેમને અહીં જરાયે ઓળખાણ કે સંબંધો ન હોય તેવાઓને માટે પણ છે. અને જેમને કંઈ કે ઓળખાણ કે પરિચય હોય, તેમને તો વધારે અનુકૂળતા રહે.

આમ, આઠ કે દસ માસ માટે કામ મળ્યા પછી જર્મની આવીને સૌથી પ્રથમ તો જર્મનભાષા શીખવા માંડવી. અહીં સામાન્ય રીતે કારખાનાંઓમાં અને ઑફિસોમાં અઠવાડિયે ૪૩½ કલાક કામ લેવામાં આવે છે. કામનો સમય સવારના ૬થી ૫ાની વચ્ચે હોય છે. ઘણે ભાગે દર શનિ અને રવિવારે તથા વરસમાં ૧૨થી ૧૫ તહેવારોની રજા હોય છે. એટલે ભાષા શીખવા માટે પૂરતો સમય મળી રહે તેવો મારો જાતઅનુભવ છે. વધુમાં મળતાવડો સ્વભાવ અને જિજ્ઞાસા હોય તો અહીંના યુવાનોમાંથી એવા મિત્રો પણ મળી રહે, જેઓ કોઈ પણ જાતનું મહેનતાણું લીધા વિના શિખવાડે અને બીજી ઘણી રીતે પણ મદદગાર થાય.

અહીં પણ આળસુ, ઉડાઉ, બીજાની પાસેથી હરામનું ખાવાની દાનતવાળા અને કુટેવોથી ભરેલા યુવાનો છે. પણ સારા અને ખરાબની વચ્ચે ભેદ પારખીને પોતા પૂરતો વિવેક કરનારને પોતાની રુચિ અનુસારના મિત્રો મળી રહે તેમાં શંકા નથી. આપણે આપણી દૃષ્ટિને સાફ કરીએ અને આપણા ખપ પૂરતું શોધીએ તો આપણને આપણા જોગું જરૂર મળી રહે.

(મે ૧૯૬૨) ૧૯૪

હવે અહીંનાં વેતન અને ખર્ચ અંગે જોઇએ.

તમારી પાસે તમારા અભ્યાસ માટે જરૂરી વ્યવહારુ તાલીમનું પ્રમાણપત્ર હોય અને તમને જર્મનીમા કામ દેનાર કંપની પાસેથી આવી તાલીમની અપેક્ષા ન રાખતા હો, તો તમને સૌથી પ્રથમ 'પ્રાકટીકાન્ટ' તરીકે રાખવામા આવે. તમારી પાસેથી સામાન્ય મજૂર તરીકેનું કામ લે અને એ જ કામ માટેનો પગાર ચૂકવે. જર્મનીમાં મજૂરીના દર મજૂરની ઉમર, ધંધાની તાલીમ, અનુભવ, શહેરનો ક્રમ અને કામના પ્રકાર પ્રમાણે નક્કી કરવામા આવે છે. આ દર અહીંનાં મજૂર-મંડળો અને માલિક મંડળોની વચ્ચે કરારોથી નક્કી થાય છે, અને અહીંના બજારભાવોની પરિસ્થિતિ પ્રમાણે તેમાં સમયે સમયે ફેરફારો પણ થયા કરે છે. આ કરારો પણ ઉદ્યોગોના પ્રકારો અને જર્મનીના રાજકીય વિભાગો પ્રમાણે જુદાજુદા હોય છે. આમ છતા સામાન્યરીતે મજૂરીના કલાકના દર ૨૧ વર્ષથી ઉપરના અણશિખાઉ મજૂરો માટે લગભગ ૧૬૫ ડી. માર્કથી ૨૨૫ ડી. માર્કની વચ્ચે હોય છે. (૧ ડી. માર્ક=લગભગ રૂા. ૧-૨૦ ન.પૈ) એટલેકે તમને તદ્દન અણશિખાઉ મજૂર તરીકે ક્યાંક કામ મળે તોપણ મહિને ઓછામા ઓછા ૩૩૦ ડી. માર્ક તો મળી શકે.

જો તમને માત્ર 'ટ્રેઇની'(શિખાઉ ઉમેદવાર) તરીકે દાખલ કરવામાં આવે અને તમારી પાસેથી કામની અપેક્ષા રાખવાની ન હોય તો તમને અમુક ખિસ્સાખર્ચીની રકમ આપવામા આવે. આ રકમ ૧૦૦ ડી. માર્કથી ૫૦૦ ડી. માર્કની વચ્ચે હોઈ શકે.

આ રીતે મળતી રકમ તમે જો પ્રથમ વાર જર્મની આવતા હો તો પહેલા છ મહિના આવકવેરાથી મુક્ત હોય છે. ત્યારપછી તમારે આવકવેરો ભરવો પડે. આ ઉપરાંત, તંદુરસ્તીના વીમાનું પ્રિમિયમ પણ તમારે આપવાનું હોય છે. જર્મનીમાં દાક્તરની ખાનગી સેવાઓ લેવાનું ઘણું મોંઘું છે. એટલે આવી ફરજિયાત કપાતના બાદ કરતાં મહિનાના અંતે તમારા હાથમાં ૨૭૫ થી ૩૦૦ ડી. માર્ક સુધીની રકમ રહે. આથી વધુ મળવાની શક્યતા પણ ખરી. તમે વધુ કલાક કામ કરો કે અમુક કામ વધુ કુશળતાથી ને ઝડપથી કરો તો તેના પ્રમાણમાં વધુ રકમ પણ મળે. મજૂર તરીકે મેં હમેશ મહિને ૫૦૦ થી ૭૦૦ ડી. માર્ક મેળવ્યા છે.

ફરજિયાત ખર્ચમાં ઓરડીનું ભાડું અને ખાવા-પીવાનો ઓછામાં ઓછો ખર્ચ માસિક ૧૫૦ થી ૧૭૫ ડી. માર્ક સુધીનો આવે. આ આંકડો માત્ર હળવા સૂચન તરીકે લેખવો. બાકી જર્મનીમાં ખર્ચ કરવાનાં પ્રલોભનસ્થળોના પણ તોટો નથી. મોટાં શહેરોમાં એવા કેટલાય ભારતીય અને એશિયાના વિદ્યાર્થીઓ મળી આવે, જેઓ ઘેરથી દર મહિને ૩૦૦ થી ૫૦૦ ડી. માર્ક સુધીની રકમો નિયમિત મેળવતા હોય, વરસમાં ૫ મહિનાના વેકેશન દરમ્યાન કામ કરીને ૧૫૦૦ ડી. માર્કથી વધુ કમાતા હોય અને છતાંયે પૈસાની તાણની ફરિયાદ કરતા હોય. આવા વિદ્યાર્થીબંધુઓને મારી વાતો હાસ્યાસ્પદ લાગે તેમાં નવાઈ નથી. એવી રીતે ભણવાની કલ્પના કરનારાઓને ધ્યાનમાં રાખીને હું આ લખતો પણ નથી. અહીં મારા ખ્યાલમાં તો મારા જેવા છાપાં-પુસ્તકો વેચીને કે સ્ટેશન ઉપર મજૂરી કરીને ભણનારા અને ૨૦૦થી ૩૦૦ રૂપિયાની મધ્યમ આવકવાળાં કુટુંબોના ધગશવાળા યુવાનો છે, જેઓ થોડુંક સૂચન મળે તો પોતાના પુરુષાર્થને આગળ ધપાવે.

આમ, વિદ્યાર્થીઓ વિવેકપૂર્વક પોતાના ખર્ચની લગામ કાબૂમાં રાખે તો પોતાની નાનકડી આવકમાંથી પણ સહેજે મહિને ૭૫થી ૧૦૦ ડી. માર્કનો બચાવ કરી શકે. જો આ લગામ છટકે તો તેમની ભારતીય મજૂરો કરતાં ૩થી ૫ ગણી આવક પણ અહીં જીવવા માટે ઘણી ઓછી પડે, અને મરવા માટે ઘણી વધુ. આમ થાય તો તેઓ દુઃખીદુઃખી થઈ જાય તે વાત પણ તેમણે ધ્યાનમાં રાખવી જોઇએ.

સ્વાભાવિક છે કે આવી રીતે એક વખત ૮ મહિનાની બચતથી કે વરસમાં પાંચ મહિના કામ કરીને બચાવેલી રકમથી આખા વરસનો ખર્ચ ન ઉપાડી શકાય. આ માટે આવા દોસ્તોએ સત્ર દરમ્યાન પણ નાનાંમોટાં કામો કરવાં જોઇએ. આ માટે અહીં ઘણાં કામ વિદ્યાપીઠની 'આસ્ટા' (Asta) પાસેથી મળી રહે છે. જર્મન વિદ્યાર્થી પ્રવૃત્તિની આ શાખા આ દિશામાં આવા વિદ્યાર્થીઓને ઘણી આશીર્વાદરૂપ છે.

Asta એ વિદ્યાપીઠના વિદ્યાર્થીઓનું લોકશાહી ઢબે કામ કરતું ને વિદ્યાર્થીઓના હિતો જાળવતું એક ફરજિયાત મંડળ છે. વિદ્યાપીઠના બધા જ વિદ્યાર્થીઓ એના ફરજિયાત સભ્યો હોય છે. એની ઑફિસ પણ વિદ્યાપીઠના મકાનમાં જ અનુકૂળ સ્થળે હોય છે. તેના હોદ્દેદારો ચૂંટાએલા વિદ્યાર્થીઓ અને તેમાં કામ કરનારા ક્યારેક યુનિ.ના નિયમો પ્રમાણે રખાયેલા પગારદાર કાર્યકર્તાઓ તો ક્યારેક પાર્ટ ટાઈમ કામ કરનારા વૈતનિક વિદ્યાર્થીઓ હોય છે. વિદ્યાર્થીઓની તકલીફોને સેનેટ પાસે રજૂ કરવી, રમત-ગમ્મતની વ્યવસ્થા કરવી, મનોરંજનના કાર્યક્રમો અને વિદ્યાર્થીઓના પ્રવાસો ગોઠવવા, સસ્તી કિંમતે વિદ્યાર્થીઓને પુસ્તકો અપાવવાં વગેરે અનેકવિધ પ્રવૃત્તિ આ મંડળ કરે છે. સ્વાવલંબી વિદ્યાર્થીઓ માટે કામ શોધવાની તેમની પ્રવૃત્તિએ મારુ ખાસ ધ્યાન દોરેલું એટલે એ અંગે થોડું વિસ્તારથી લખું.

જ્યાં વિદ્યાપીઠ હોય ત્યાં અથવા ત્યાંની આજુબાજુના વિસ્તારમાં પ્રજાજનોને, વેપારીઓને, સંસ્થાઓને અને સમાજના ઘણાં એકમોને બીજાની થોડા સમય માટે મદદ લેવાની જરૂર પડે દા.ત. કોઈ સ્ત્રીને પોતાના માંદા પતિને ઘેર એકલા મૂકીને કંઈક કામે ત્રણ-ચાર કલાક માટે બહાર જવાનું હોય અને આ સમય દરમ્યાન તેના પતિને એકાદ વખત દવા આપવાની હોય, બહારથી કોઈ આવે અને ઘંટડી વગાડે તો તેનો જવાબ આપવાનો હોય કે 'હમણાં કોઈ ઘેર નથી; ભાઈ માંદા છે અને બહેન બહાર ગયાં છે; તમારે કાંઈ આપવાનું હોય તો આપતા જાવ, કંઈ કહેવાનું હોય તો કહેતા જાવ અથવા આ કાગળમાં લખી આપો' વગેરે, અથવા ટેલિફોન આવે તો તેનો જવાબ આપવાનો હોય. જો ઘેર કોઈ આવું કામ કરનાર ન હોય તો ક્યારેક ખાસ જરૂરી જવાબ સમયસર ન આપી શકાય. આવું કામ કોઈ વિદ્યાર્થી કે વિદ્યાર્થિની સહેલાઈથી કરી શકે. આ માટે પેલી બહેન વિદ્યાર્થીને શોધવા નીકળે તો ન મળે, પણ 'આસ્ટા'ની મદદથી ઘણા જ થોડા સમયમાં અને ઘણા જ મામૂલી ખર્ચે તે મેળવી શકે. આવી જ રીતે, વેપારીને ત્યાં પણ ટૂંકા સમય માટે ઘણાની મદદની જરૂર પડે. એટલે આવા કામ માટે તે બધાં 'આસ્ટા' પાસે પોતાની જરૂરિયાતો નોંધાવે. બીજી બાજુ વિદ્યાર્થીઓને કામની જરૂર હોય. તેઓ 'આસ્ટા' પાસેથી પોતાને અનુકૂળ કામ લઈ જાય. આ રીતે, 'આસ્ટા' બન્ને પક્ષની જરૂરિયાતો પૂરી પાડે.

કેટલીક વખતે સહેલું તો કેટલીક વખતે અઘરું કામ પણ મળે. મેં પોતે ઘણી વાર પડીકાં બાંધવાનું, પુસ્તકો ગોઠવવાનું, પીરસવાનું, ઘરકામમાં મદદ કરવાનું, જાહેરખબરનાં ચોપાનિયા વહેંચવાનું, માંદાની સેવા કરવાનું અને ફર્નિચર ફેરવવાનું કામ કર્યું છે. આથી મને ઘણાં કુટુંબોનો પરિચય થયો છે અને હું ઘણુંઘણું શીખ્યો છું વધુમાં પૈસા પણ ઠીકઠીક કમાયો છું.

ટૂંકમાં, આવું છૂટક કામ કરીને ભણતાંભણતાં પણ મહિને ૫૦થી ૭૫ ડી. માર્ક સહેજે કમાઈ શકાય તેવો મારો અનુભવ છે. આ રકમ જો પેલી પાંચ મહિનાનું કામ કરીને બચાવેલી રકમમાં ભળે તો અહીંનો અભ્યાસ લગભગ પૂર્ણ સ્વાવલંબનથી કરી શકાય. વળી, આવા પુરુષાર્થી અને મહેનતુ વિદ્યાર્થીઓને જર્મન પ્રજાજનોમાંથી પણ ઘણાં કુટુંબો સંમાનથી આવકારે અને બનતી મદદ કરે તેવો મારો વિશ્વાસ છે.

૧૯૫ ('કુમાર' અંક ૪૬૧)

અનુસંધાન] **ફાંસીઘરને આંગણેથી** [પૃ. ૧૭૧થી

ગિરફતાર કરો, નહિ તો પછી તે કોઈ આપના હાથમાં આવશે નહિ!'

પછી તો પોલીસે જનાબાઈની ઓરડીની જડતી લઈ એક લોખંડી ટ્રંક કબજે લીધી. બાતમીને આધારે પોલીસે સાક્ષી પુરાવા અને મુદ્દામાલ મેળવવા ખૂબ દોડધામ કરી, તપાસ ચલાવી અને અલીબાગની સેશન્સ અદાલતમાં મુકદ્દમો આવ્યો. લગભગ ૫૦ સાક્ષીઓની જુબાની લેવાઈ, જેમાં મોટે ભાગે મરનાર ખલાસીઓનાં સગાં, વહાણ પરના માલના માલિકો ને દલાલો વગેરે હતા. મહત્ત્વના સાક્ષીઓ માત્ર બે હતા: એક રસોઇયો વિશ્વનાથ પરબ ને બીજી જનાબાઈ રેવતકર.

વિશ્વનાથ બનાવને નજરે જોનાર સાક્ષી હોઈ એની જુબાની ઉપર કેસના મોટા ભાગનો આધાર હતો. જનારા સેંકડો પ્રેક્ષકોનો રસ પણ એને સાંભળવામાં જ હતો.

સરકારી વકીલની સરતપાસમાં વિશ્વનાથે જણાવ્યું કે,

'શ્રીવર્ધનના દરિયામાં અમારી ફતેમારી ચાલી રહી હતી. બધા જમી રહ્યા હતા અને રસોડાની ઓરડીમાં હું કાંઈ આઘું-પાછું કરતો હતો. શિવરામ ટંડેલ સુકાન પર બેઠો હતો. ખલાસીઓ ઊંઘી ગયા હતા. મહાદેવ પદમા સોમતાંડેલ, શિવરામ તાંડેલ સાથે વાતોના તડાકા મારતો હતો. બાકીના આરોપીઓ અને મિચેલબાબુ કુંડીમાં બેઠા હતા. મારાથી પાંચ-સાત ફૂટના અંતર પર તેઓ હશે. મારું કામ પૂરું થયું હતું ને થોડી વાર હું સૂઈ જવા ઇચ્છતો હતો. એટલામાં કાળી ચીસ મારા કાને પડી. 'મરી ગયો રે, મરી ગયો રે!' એવી શિવરામ તાંડેલની એ ચીસ હતી. રસોડામાંથી ફૂદતોક ને હું નાળી પાસે પહોંચ્યો. મેં જોયું કે શિવરામ તાંડેલ દરિયાનાં મોજાંમાં ગળકાં ખાતો હતો. થોડી વારમાં એ ડૂબી ગયો! મારું ધ્યાન ગંગારામ ભણી ખેંચાયું. ગંગારામ મદદનીશ તાંડેલ હતો. મહાદેવ પદમા તેની ઉપર તૂટી પડ્યો અને હાથમાંના છરાને તેણે ગંગારામની છાતીમાં જોરથી હુલાવી દીધો. મિચેલ બાબુ, કાશીનાથ, શેખ રસૂલ અને માધવ તે વખતે બીજા ખલાસીઓની કતલ કરતા હતા. મિચેલબાબુએ, શ્રીધર બાબુ, શ્રીધર કાંળવી અને દામુને ઊંઘમાં ને ઊંઘમાં જ ઠાર કરી નાખ્યા. બાકીના ત્રણે આરોપીઓ વાસુદેવ બાપર્ડેકર, વાસુદેવ તાંડવળકર, નાના પરૂળેકર અને દાજી તાંડવળકર એમના પર તૂટી પડ્યા. વાસુદેવ અને દાજી તો બંને એકવાર પછડાયા તે ઊઠ્યા જ નહિ! નાના પરૂળેકર પેટનો જખમ એક હાથે મજબૂત પકડીને લથડતો લથડતો નાળી સુધી આવ્યો અને મારી સામે જ પછડાયો. તેની પાછળ શેખ રસૂલ દોડતો આવ્યો. તે તેના પર છરાનો ઘા કરવા જતો હતો ત્યાં નાનાએ પોતે જ દરિયામાં ફૂદકો માર્યો. હું તો બીકનો માર્યો અવાચક જ બની ગયો હતો. હુંયે દરિયામાં કૂદી પડવા વિચારતો હતો ત્યાં કાશીનાથે મને પાછળથી ખેંચ્યો. એ જ વખતે મિચેલ બાબુ પણ આવ્યો. હું સીધો તેના પગે પડ્યો અને જીવતદાન માટે કરગરવા લાગ્યો. આ બનાવની વાત હું કોઇને કહીશ નહિ એવું મેં વચન આપ્યું. ખૂબ જ વિનવણીઓ કરી.'

સરકારી વકીલે પૂછ્યું. 'પછી વહાણમાંનાં મુડદાંનું શું થયું?'

વિશ્વનાથે જવાબ આપ્યો, 'વાસુદેવ અને નાના દરિયામાં કૂદી પડીને ડૂબી ગયા. મરી ગએલા સાત માણસોનાં મુડદાં તે પાંચ આરોપીઓએ થેલાઓમાં ભર્યાં અને વહાણપરનાં લોઢાનાં લંગર સાથે બાંધીને દરિયામાં ફેંકી દીધાં. એ જ વખતે વહાણની આસપાસ દરિયાના પાણીમાં માછલાનાં ટોળાએ ખૂબ દોડાદોડી માંડી દીધી. મુડદાંને તે ખાઈ ગયાં હશે. પછી આરોપીએ પોતાના છરા પાણીમાં નાખી દીધા અને વહાણમાં જ્યાં ત્યાં લોહીનાં ધાબાં પડ્યાં હતાં. તે ધોઈ નાખ્યાં. કેટલીક જગ્યાએ ચૂનો લગાવીને ડાઘ ઢાંકી દીધા. માલની થપ્પીઓ ઊલટસુલટ કરીને પણ થોડી ઢાંકપિછોડી અને દેખાવની સફાઈ કરવામાં આવી. મહાદેવ પદમાએ સુકાન પકડ્યું અને વહાણની નાળ ફેરવી. કેટલેક વખતે અમારું વહાણ મુરુડના ડુંગર પાસેના પડી ગએલા કિલ્લા નજીક આવ્યું ને મહાદેવ પદમાએ લંગર નાખ્યું. પછી કાશીનાથ અને મિચેલબાબુ બંદર પર ગયા. જતી વખતે બે લોખંડી પેટીઓ તેમણે પોતાની સાથે લીધી. થોડી વારે કાશીનાથ પાછો આવ્યો અને બોલ્યો કે મિચેલબાબુ નાસી ગયો અને મહાદેવ પદમા પેટીઓ લઇને મુંબાઈ ગયો. વહાણ પરનો માલ લઈ જવા માટે હોડીઓ લાવવાનો હતો. પણ બે-ત્રણ દિવસ થયા તોયે તે પાછો આવ્યો નહિ. તે વખતે અમે ત્રણ જણ વહાણ પર હતા. અમે ડરી ગયા એટલે પછી ત્યાંથી નાસી ગયાં.'

આરોપીઓના વકીલ તરફથી વિશ્વનાથની ઊલટતપાસ કરવામાં આવી, તેમાં વકીલે તેને જૂઠાબોલો સાક્ષી પુરવાર કરવા માટે ઉપયોગી નીવડે એવા પ્રકારના ને વિશ્વનાથના બાપના નામના ઉલ્લેખમાં કાંઈ ગેરસમજ થઈ હતી તે વિશે થોડા પ્રશ્નો પૂછ્યા હતા. છેવટે વકીલે આક્ષેપ કરતાં વિશ્વનાથને કહ્યું: 'તા. ૫મી માર્ચથી તું પોલીસના રક્ષણ હેઠળ રહ્યો છે ને પોલીસને બાતમી આપવાનું કામ કરે છે, ખરું ને?'

'ના, તમે ખોટું કહો છો.'

'તું સફરમાં 'દેવકીકૃષ્ણ' વહાણ પર હતો જ નહિ. તારી બધી જુબાની ખોટી છે. તું પોલીસનો પઢાવેલો પોપટ છે!'

'હું પોપટ નથી, ખલાસી છું'

'તો સાંભળ વિશ્વનાથ, તારો સોબતી મિચેલબાબુ ક્યાં છે તે કહી દે, એટલે બસ.'

'મને તેની ખબર નથી; પણ વકીલસાહેબ! તમે કહો છો કે, હું વહાણ પર હતો જ નહિ, તો પછી મિચેલબાબુ મારો સોબતી હતો એમ કેવી રીતે કહો છો?'

એ રીતે વિશ્વનાથે વકીલને પાછા પગ લેવડાવ્યા હતા!

જનાબાઇની જુબાની એટલી મહત્ત્વની નીવડી નહોતી, પણ પોતાની ઓરડી પર એ કાવતરું યોજાયું હતું એ વાત તેણે પોલીસ સમક્ષ કબૂલ રાખી હતી, તે અદાલતમાં યે કબૂલ રાખી. પણ તેમાં તેણે થોડી હકીકતમાં ફેરફાર કર્યો હતો. તેમાં તેણે આરોપીઓના પડી ગએલા ચહેરા સામે જોઇને અને લાગણીવશ થઇને કાવતરું યોજનારા પાંચ નહિ પણ મહાદેવ પદમા તથા કાશીનાથ સિવાયના ત્રણ હતા એમ જણાવ્યું હતું. પોલીસ સમક્ષના નિવેદનમાં તેણે પાંચેનાં નામ આપ્યાં હતાં એટલે તેની આ જુબાનીનું મહત્ત્વ રહ્યું નહોતું.

ચારે આરોપીઓને જેલમાં જુદાજુદા રાખવામાં આવ્યા હતા, અને બધાએ પોતાને નિર્દોષ જણાવ્યા હતા. બનેલા બનાવ વિષે બધા આરોપીઓએ પોતાની બિનમાહિતીગારી જણાવી હતી.

કોઇની જુબાનીમાંથી કે જવાબમાંથી પેલી પેટીનું રહસ્ય છતું થયું નહોતું, બલ્કે તેના સ્પર્શ પણ કોઈ તરફથી કરાયો નહોતો.

મિચેલબાબુ પેટી લઈ ગયો હતો એવું મહાદેવ પદમાના નિવેદનમાં હતું, પરંતુ પોલીસ તેનો પત્તો જ લગાડી શકી નહોતી! તે નાસતો છુપાતો ફરતો આરોપી ઠર્યો હતો ને તેની ગેરહાજરીમાં બાકીના ચારે આરોપીઓ પર અદાલતમાં કેસ ચલાવવામાં આવ્યો હતો.

જનાબાઇની ઓરડીમાંથી મળેલી પેટી મહાદેવે પોતે જ વહાણમાંથી આણી હતી એ વાત જનાબાઇએ જડતી વખતના નિવેદનમાં પોલીસ સમક્ષ જણાવી હતી; અને વિશ્વનાથે પોતાની જુબાનીમાં જણાવ્યું હતું કે મહાદેવ વહાણમાંથી એક પેટી લઈ ગયો હતો.

અલીબાગની સેશન્સ અદાલતમાં ક્રમેક્રમે મુકદ્દમાની સુનાવણી પૂરી થઈ. તા. ૧૫મી એપ્રિલે બે કલાક સુધી જ્યુરીએ મસલત કરીને ચારે આરોપીઓને નવ માણસોનાં ખૂન માટે તથા ચાંચિયાગીરી માટે અપરાધી ઠરાવ્યા. જ્યુરીએ સર્વાનુમતે પોતાનો નિર્ણય આપ્યો હતો.

પછી સેશન્સ જજે ચુકાદો આપ્યો :

'જ્યુરીના સન્માન્ય સભ્યોએ આરોપીઓને એકમતે ગુનેગાર ઠરાવ્યા છે. તેમનો એ નિર્ણય મને માન્ય છે. 'દેવકીકૃષ્ણ' નામના કમનસીબ વહાણ પર ભરદરિયે હલ્લો કરી તે પરના આઠ ખલાસીઓ તથા એક અજાણ્યો માણસ એમ નવ માણસોનાં અમાનુષીય ખૂન કરી, વહાણમાંની માલમત્તા લૂંટવાનો ગુનો આરોપીઓ પર સાબિત થયો છે. કોંકણના કિનારા પરના ખલાસીઓમાં આ ગુના બદલ ખળભળાટ મચી ગયો છે અને બધે ભયનું વાતાવરણ પ્રસરી ગયું છે. માટે આ ગુના બદલ હું ચારે આરોપીઓને દેહાંતની સજા ફરમાવું છું. હાઇકોર્ટની મંજૂરી મળતાં જ એ સજાનો અમલ થશે. સજા વિરુદ્ધ અપીલ કરવાનો આરોપીઓનો હક્ક છે તે આજથી સાત દિવસમાં દાખલ કરવી.'

તા. ૧૦મી જૂન ૧૯૫૩ના રોજ મુંબઈની હાઇકોર્ટમાં અપીલની સુનાવણી ન્યાયમૂર્તિ વ્યાસ અને ન્યાયમૂર્તિ દેસાઈ સમક્ષ ચાલી.

આરોપીઓના બચાવનો મુખ્ય મુદ્દો એ હતો કે વહાણમાં વિશ્વનાથ આપ્પા પરબ નામે રસોઇયો હતો જ નહિ! કસ્ટમ ખાતાની નોંધણીમાં 'વિશ્વનાથ અપ્પુ પરબ'ના નામની નોંધ હતી, પણ તે મૃત્યુ પામેલો હતો. આ મુકદ્દમામાંનો વિશ્વનાથ પોલીસે ઊભો કરેલો અને પઢાવીને તૈયાર કરેલો સાક્ષી છે એવી વકીલની દલીલ હતી. મહાદેવ પદમાએ આપેલા નામવાળો જગન્નાથ રસોઇયો જીવતો હોત તો તેણે તેને જીવતો રહેવા દીધો જ નહોત એમ કહીને વકીલે દલીલ કરી હતી કે વિશ્વનાથ ખરો સાક્ષી હોત તો તે આટલા દિવસ ગુપ્ત કેમ રહ્યો? વિશ્વનાથની જુબાની જો રદ કરવામાં આવે તો આરોપીઓને સજા કરી શકાય એવો બીજો કોઇ પુરાવો નથી.

તે ઉપર સરકારી વકીલે એવો જવાબ આપ્યો હતો કે, ખૂનને વાચા ફૂટે છે એમ કહેવાય છે, તેવી રીતે આ મુકદ્દમામાં બન્યું છે. મહાદેવ પદમાનું પ્રાથમિક નિવેદન, વિશ્વનાથની જુબાની અને આનુષંગિક પુરાવો, એ બધું તંતોતંત મળતું આવે છે, અને ગુનાની બધી જવાબદારી આરોપીઓ પર આવે છે.

પણ સરકારી વકીલની દલીલો ન્યાયમૂર્તિઓને બરાબર લાગી નહિ. વિશ્વનાથની જુબાની તેમની દૃષ્ટિને સચ્ચાઇની કસોટીમાંથી પાર ઊતરતી લાગી નહિ. તેણે જાણે બંધ બેસે તેવી વાત ગોઠવી ગોઠવીને કહી હોય એમ ન્યાયમૂર્તિઓને લાગ્યું. ઘણા દિવસ તે પોલીસના કબજામાં રહ્યો હતો અને તેણે પોલીસનો મુકદ્દમો પુરવાર થાય એ પ્રકારની જુબાની આપી હતી; પણ તે સંપૂર્ણ રીતે યથાસ્થિત અને ગુનો પુરવાર કરી શકે તેવી ન્યાયમૂર્તિઓ માની નહિ.

જનાબાઈના ઘરની ઝડતીમાં પોલીસે જે લોખંડી પેટી કબજે લીધી હતી એ પેટીમાંની વસ્તુઓ વહાણના ટંડેલ શિવરામે મુંબઈમાંથી ખરીદ કરેલી હતી. તે બદલનો પુરાવો મળ્યો હતો; એટલે એ વસ્તુઓ ચોરી લેવાનો ગુન્હો મહાદેવ પદમા પર સાબિત થયેલો માનવામાં આવ્યો. અંધેરીના કૂવામાંથી જે પેટી કાઢવામાં આવી હતી, જેને માટે આરોપીઓ લડી પડ્યા હતા, જે ઉઠાવીને મિચેલ બાબુ ગુમ થઇ ગયો હતો અને પોલીસને હાથ નહિ પડવાથી તેની ગેરહાજરીમાં કેસ ચલાવવામાં આવ્યો હતો, તે પેટીની વાત કોઈ આરોપીએ કાઢી નહોતી! પોતાના અદાલતમાંના જવાબોમાં પણ તેમણે તે વાત છુપાવી હતી. એટલે ન્યાયમૂર્તિઓએ એક મહાદેવ પદમા સોમતાંડેલને કલમ ૪૧૧ મુજબ ચોરીનો ગુનેગાર ઠરાવી એક વર્ષની કેદની સજા ફરમાવી હતી.

આમ બધા આરોપીઓ ખૂનના ગુનામાંથી મુક્ત થઈ ગયા. ચુકાદો ફરમાવવામાં આવ્યો ત્યારે આરોપીઓ હાઇકોર્ટમાં હાજર નહોતા. તેઓ થાણાના ફાંસીઘરને આંગણે મૃત્યુની રાહ જોતા હતા.

સાંજે ફાંસીઘરનાં તાળાં ખોલવામાં આવ્યાં ત્યારે આરોપીઓ માની બેઠા હતા કે હવે ફાંસી પર ચડવા જવાનાં બોલાવા આવવાનાં છે, પણ તેથી ઊલટું બધા ખૂનના આરોપમાં નિર્દોષ ઠર્યા હોવાથી તેમને મુક્ત કરવામા આવનારા હતા! માત્ર મહાદેવ પદમાને ચોરીના ગુના માટે બાર મહિના જેલમાં રોકાઈ રહેવાનું હતું. પોતે નિર્દોષ ઠરે એમ તેને લાગતું જ નહોતું.

મુકદ્દમો પત્યા પછી છૂટી આવેલા આરોપીઓ અને પોલીસને હાથ નહિ લાગેલો મિચેલબાબુ પણ છડેચોક અંધેરીની પોલીસચોકી પાસેથી આવજા કરવા લાગ્યો તેઓ એકબીજાને મળતા પણ ખરા. પણ 'દેવકીકૃષ્ણ'માંથી ઉપડી ગએલી પેલી બે પેટીઓમાંથી બીજીનો તો કંઈ પત્તો લાગ્યો નહિ. વહાણ પર પોતાની એવી પેટી હોવાના ફરિયાદ પણ કોઇએ કરી નહોતી, તેમજ જુબાનીઓમાં પણ કોઈએ એનો ઉલ્લેખ કર્યો નહિ. જ્યારે આ આખા બનાવનું ખરું રહસ્ય એ પેટી જ હતી. મિચેલબાબુના કહેવા પ્રમાણે, 'ગોવાની હદ પર આવેલા તેરેખોલના એક વેપારીએ સોનાની લગડીઓ ભરેલી એ પેટી શિવરામ ટંડેલને આપી હતી. નક્કી થયા પ્રમાણે મુંબઈ બંદરે એ વેપારી પેલી પેટી લેવા પણ આવેલો પણ શિવરામે તેને તે આપી નહિ. એ પેટી અબુ હસન નામે એક દાણચોર અરબ વેપારીની માલિકીની હતી. શ્રીવર્ધનના દરિયામાં એ અરબના દસબાર માણસો 'દેવકીકૃષ્ણ' પર ચડી આવેલા જેમાં આ ચારે આરોપીઓ અને મિચેલબાબુ પોતે પણ સામેલ હતા. વહાણ પરના સર્વે ખલાસીઓએ આ ચાંચિયાઓનો સામનો કર્યો, પણ બધા માર્યા ગયા ને ચાંચિયાઓએ એમને દરિયામાં પધરાવી દીધા. અને ફુગાવાની નીચેના એક ચોરખાનામાંથી પેલી પેટી ઉઠાવી એ સૌ જહાજ છોડી નાસી ગએલા.

વસ્તુતઃ દાણચોરીના સોનેરી રાક્ષસે પેલા નવ ખલાસીઓનું બલિદાન લીધું. માર્યા ગએલા એ નવે ખલાસીઓનું ન્યાયદેવતાએ કશું જ મૂલ્ય આંક્યું નહિ. વિધિનિર્મિત આ કેવું કરુણ સત્ય હતું!

(ઍડવૉકેટ શાન્તારામ ભાલેકરે 'કિર્લોસ્કર'માં આપેલા એક મુકદ્દમાના વૃત્તાંતને આધારે)

ગુજરાત સાહિત્ય સભા તરફની વાર્ષિક વાઙ્મયસમીક્ષા

અમદાવાદની ગુજરાત સાહિત્ય સભા તરફથી કરવામાં આવતી વર્ષોવર્ષનાં લલિત તેમજ લલિતેતર વાઙ્મય પ્રકાશનોની સમીક્ષાનું કામ ૧૯૬૨ માટે પ્રો. રમણલાલ ચી. શાહ (રણવીર બિલ્ડિંગ, ચોથે માળે, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ-૨)ને સોંપવામાં આવ્યું છે. સૌ લેખકો-પ્રકાશકોને સાહિત્ય સભાની વિનતિ છે કે પોતાના તરફથી પ્રકટ થતાં પ્રકાશનો પ્રસિદ્ધ થતાં ઉપરને સરનામે મોકલીને આભારી કરશે.





આવડત!

જીવનનું નાવ તાર્યું છે અમે એવી ઢબ મિત્રો,
તરંગોના હૃદય ઉપર અસર પડવા નથી દીધી;
રુદનનાં સેંકડો તોફાન ભેટયાં માર્ગમાં, કિન્તુ
નયનજેવાં નયનને પણ ખબર પડવા નથી દીધી.

—વજ માતરી

સ્વ. ભારતરત્ન સર મોક્ષગુંડમ્ વિશ્વેશ્વરૈયા


'કાર્યથી જ સંપત્તિ જન્મે છે. કાર્ય, કાર્યની શક્તિ, કાર્યનું બાહુલ્ય, કાર્યમાં જોડેલી બુદ્ધિ અને યોજકતા જ કોઈ પણ પ્રદેશનાં ઉત્પાદન અને ઉપયોગિતામાં વૃદ્ધિ કરીને તેને સમૃદ્ધ કરી શકે છે.... સ્વાસ્થ્ય અને જીવનના સંતોષ અર્થે કાર્ય એ એક માનસિક આવશ્યકતા છે. કાર્ય મૂર્ખને હોશિયાર ને હોશિયારને પ્રતિભાવાન બનાવે છે.' આ શબ્દો છે એકસોને એક વર્ષનું લાંબુ અને ગૌરવવંતુ આયુષ્ય ભોગવીને સમગ્ર દેશના માન અને પ્રેમ સંપાદિત કરી, ગઇ તા. ૧૪મી એપ્રિલે અવસાન પામેલા દેશના ઈજનેર શ્રેષ્ઠ વિશ્વેશ્વરૈયાના. 'શક્તિ, પ્રગતિ અને સમૃદ્ધિ'ના એ મંત્રસાધકની દેશને લાભકારી જીવનસિદ્ધિઓથી કોઈ અજાણ નથી. એમના મૃત્યુથી ભારતે ખરેખર એક બહુમૂલ્ય રત્ન ગુમાવ્યું છે.

સામાન્ય સ્થિતિના કુટુંબમાં જન્મ છતાં પોતાના દૃઢાગ્રહ અને ખંતથી એમણે કોલર, બેંગ્લોર અને છેલ્લે પૂનામાં ઘણી જ ઉજ્જવળતાથી અભ્યાસ કર્યો ને મુંબાઇના જાહેર બાંધકામ ખાતામાં જોડાયા. ત્યાં યે ખંત, શાંતિ અને સબૂરી-પૂર્વક પોતાનું કામ કરતા રહી એમણે સિંચાઈ અને પાણીના પૂરવઠા બાબતના ઇજનેરી કાર્યોમાં પોતાની પ્રતિભા ઝળકાવી. એમાં પૂનાના ફાઈફ સરોવરનાં જે ટાંકાં દ્વારા મૂતા નહેરને પાણી પૂરું પાડવામાં આવે છે એનાં સ્વયંસંચાલિત દરવાજાના કલ્પક, નિર્માતા અને એની રચનાના પેટન્ટધારક તરીકે તેમની ઇજનેરી પ્રતિભાનો ખ્યાલ તજજ્ઞો સિવાયનાને કદાચ પૂરેપૂરો ન આવે, પણ એ માટે એટલું કહેવું બસ છે કે પાછળથી ૧૯૧૪માં પનામાની નહેરમાં એવાં જ દ્વારોનો ઉપયોગ થયો છે. એમણે પોતાની રચના આથી યે પહેલાં લગભગ છ વર્ષ અગાઉ કરી હતી.

૪૭ વર્ષની વયે મુંબાઈની કામગીરીમાંથી નિવૃત્તિ લીધા પછી નિઝામ, તે પછી મ્હૈસુર અને ત્યાર પછી બ્રિટિશ હિન્દની ઘણીખરી પ્રાંતસરકારોએ એમની જુદી જુદી રીતે સહાય લીધી છે. મ્હૈસુર રાજ્યે એમને દીવાનપદ પણ સોંપ્યું હતું ને એમણે એ પદ પરથી ટૂંકા ગાળામાં અનેક પ્રકારની નવી યોજનાઓ વડે એ રાજની આર્થિક સ્થિતિમાં જે સુધારો લાવી બતાવ્યો તેને લીધે તથા એમની વિલક્ષણ બુદ્ધિ અને વહીવટને કારણે જ તો ઈ. ૧૯૧૩માં એ રાજ્યને એમણે સ્વાયત્ત દેશી રાજ્ય તરીકેની પ્રતિષ્ઠા મળી શકી હતી. ત્યાંના ભદ્રાવતી આયર્ન ઍન્ડ સ્ટીલ વર્કર્સ, સાબુનું કારખાનું, કન્નબાડી પુરતો, મ્હૈસુર બૅંક, ઇજનેરી કૉલેજ ને મ્હૈસુર યુનિવર્સિટી તથા ત્યાંનો અતિ વિખ્યાત કૃષ્ણરાજસાગર બંધ તથા વૃંદાવન ગાર્ડન અને અર્વિન કેનાલ માટે ટેકરીઓમાં થઇને જમીન નીચેથી જતો પોણા બે માઈલ લાંબો બુગદો એ વિશ્વેશ્વરૈયાની યોજક બુદ્ધિનું ને કુશળ વહીવટનું પરિ-



હિપોપોટેમસ



સ્થૂળતાની સાક્ષાત મૂર્તિ સમું આ ભીમકાય પ્રાણી માત્ર આફ્રિકામાં જ થતું હોઇ અન્ય સ્થળે તો માત્ર પ્રાણી સંગ્રહસ્થાનમાં જ જોવા મળી શકે. આફ્રિકામાં પણ એ મોટી નદીઓ પાસે જ રહે છે એટલે એમના વસવાટનો વિસ્તાર બહુ મોટો નથી. 'હિપોપોટેમાઇડ' કુળનું આ પ્રાણી શાસ્ત્રીય રીતે 'હિપોપોટેમસ એમ્ફિબીઅસ' નામે ઓળખાય છે. 'જળઘોડા'ને નામે પણ એ ઓળખાય છે પણ તેનામાં ને ઘોડામાં કંઇ સામ્ય નથી. ભૂંડ એ એનું સૌથી વધુ નજીકનું પ્રાણી છે.

ચારેક ટન વજનની તેની તોતિંગ કાયા ચૌદેક ફૂટ લાંબી ને ખભા પાસે ૩ થી ૪ ફૂટ ઊંચી હોય છે. ને એ પહાડ જેવા શરીરને ટેકવતા પગ ટૂંકા ને સપાટ તળવાળા. કાન નાના ને ગમે તેમ ફરી વળી શકે તેવા. નસકોરાં અને આંખની રચના એવી કે જ્યારે એ પાણીમાં તરતું હોય ત્યારે તે બંને પાણીની સપાટી બહાર રહી શકે. અને મોંફાડ તો ગુફા જેવી વિશાળ. એમાં દાંત પણ મોટા અને સતત વધતા રહેતા. ચામડી કોઇકોઇ ભાગ પર તો બબ્બે ઈંચ જાડી. વાન ઘેરો બદામી. નદીમાં કે નજીકના કિનારા પર ૨૦ થી ૪૦ના ટોળામાં એ રહે છે ને મોટે ભાગે રાત્રે ચરવા નીકળે છે. જમીન પરની કે પાણીમાં ઊગેલી વનસ્પતિ એ એનો આહાર. નજીકમાં ખેતરવાડી હોય તો ચોખા ને શેરડીને ગજબનું નુકસાન કરી જાય. સ્વભાવે નરમ અને શાંત, પણ ચિડાય તો એની ગજબની તાકાત અને સ્ફૂર્તિ બતાવી દે. હાથીની પેઠે મોટી ઉમરનો હિપો પણ ઘણી વાર હુમલાખોર બની જાય છે.

પશ્ચિમ આફ્રિકામાં એની એક નાની છએક ફૂટની જાત પણ થાય છે. હજારો વર્ષ પહેલાં ક્રેઇટ, માલ્ટા, સિસિલી, ભારત ને બ્રહ્મદેશમાં પણ એ વસતા હોવાના પુરાવા મળ્યા છે. પણ આજે આફ્રિકા બહાર તો માત્ર માડાગાસ્કરમાં એની એક જાત જોવા મળે છે.

ણામ છે. એટલું જ નહિ પણ એમના એ કાર્યકાળ દરમ્યાન દેશના લગભગ બધા જ મોટા ઈજનેરી કાર્યોમાં એમનો સહકાર લેવાયો છે જ. હિન્દમાં જિલ્લા વિકાસ યોજના પણ સૌ પ્રથમ એમણે જ ઘડેલી ને અમલમાં મૂકેલી. આમ દેશહિત ને જનહિતના ધ્યેય સાથે એમણે જે જે મોટી સિદ્ધિઓ મેળવી છે એ બધી તો હવે સુવિદિત છે; અને એને યોગ્ય માનઅકરામો પણ એમને મળ્યા છે. ઇ. ૧૯૧૧માં સી. આઈ. ઈ., '૧૫માં કે. સી. આઈ. ઈ. જેવા સરકારી ખિતાબો તથા કલકત્તા, મુંબાઇ, બનારસ વગેરે વિદ્યાપીઠોની ડૉકરેટની માનદ્ ઉપાધિઓ ને 'ભારત રત્ન'નો ખિતાબ વગેરે મુખ્ય ગણી શકાય.

'પ્લાન્ડ ઇકોનૉમી ફૉર ઈંડિયા' અને 'રીકન્સ્ટ્રકટિંગ ઇંડિયા' નામનાં એમનાં બે પુસ્તકો તો દેશના આર્થિક વિકાસની યોજનાઓ વિચારવામાં ઘણાં ઉપયોગી સાબિત થએલાં છે. હિંદના શિક્ષણ વિષયક, આર્થિક વિકાસ પર, ઈજનેરી યોજના અને કાર્યો પર, ટૂંકમાં હિંદી પ્રજાના ભૌતિક ને નૈતિક વિકાસ પર અનેક વાર એમણે લખ્યું છે.

પણ યંત્રોની ધમાલમાં માનનારા તેઓ સ્વભાવે એકાંતપ્રિય અને સંપૂર્ણ શાંતિના ચાહક હતા. શારીરિક સ્વાસ્થ્ય પાછળની એમની કાળજી તથા નિયમિતતાના દૃઢ આગ્રહ વગેરેને કારણે જ એમને આટલું લાંબુ ને યશસ્વી આયુ પ્રાપ્ત થયું હશે એ સહેજે સમજી શકાય. છેલ્લા એકાદ વર્ષથી તેઓ લગભગ અર્ધભાન જેવા રહેતા હતા ને અવારનવાર હેડકી ઉપડી આવતી. પણ એ પહેલાં તબિયતની નાદુરસ્તીનો એમને કદી અનુભવ લેવો પડયો નહોતો. એમનું કાર્ય, એમની પ્રત્યેક આદત બધું જ નિયોજિત હતું. સવારના વહેલા ચાર વાગે ઊઠી જઈ કામે વળગી જતાં તે છેક સાંજ સુધી. સાંજે એ નિયમિત ફરવા નીકળતા—જાણે દોડતા. આમ, જેટલા કાર્ય દ્વારા એટલા જ પ્રત્યક્ષ જીવન દ્વારા હિંદની નવી પેઢીને ઉદ્‌બોધિત કરતા રહેલા દેશના આર્થિક નવનિર્માણના એ મંત્રદ્રષ્ટાને ગુમાવવાથી દેશને ઘણી ભારે ખોટ પડી છે.

સ્વ. 'સાલિક' પોપટિયા

'કોણ સ્વીકારે અરે મારું કવન?' હતાશાના આ દુઃખ સાથે ઉઘાડ પામતા 'ખંડિત સમણાં'ના કવિ 'સાલિક' પોપટિયાને ગુજરાતી ગઝલકારો ઘણી સારી રીતે પિછાને છે. પાકિસ્તાન-કરાચીમાં અસ્તવ્યસ્ત જેવી ગુજરાતી સાહિત્ય પ્રવૃત્તિને સુગઠિત કરનાર આ યુવાન કવિનું ગઇ તા. ૨૪મી એપ્રિલે અવસાન થયું. મૂળ એ ભાવનગરના. જન્મ પણ ત્યાં જ ઈ. ૧૯૨૭માં. અભ્યાસ પણ ત્યાં જ કર્યો. અલ્લારખ ઉસ્માન પોપટિયા એ એમનું પૂરું નામ.



બચપણથી કોમની સેવા ને સાહિત્યની પ્રવૃત્તિમાં ઊંડો રસ. મુસ્લિમ વિદ્યાર્થી મંડળો ને ભાવનગર સ્ટેટ મુસ્લિમ લીગની પ્રવૃત્તિમાં સક્રિય ભાગ લેતા. ગઝલ-ક્ષેત્રે પણ આ કાળમાં જ શરૂઆત કરી ને 'સાલિક'ને નામે મુશાએરાઓમાં ભાગ લેવા માંડયો. દેશના ભાગલા પછી કરાચી જઈ વસ્યા ને ત્યાં મોટાભાઈ સાથે તમાકુના ધંધામાં લાગી ગયા. દરમ્યાન કિસ્મત કુરયશી સાથે 'સંગમ' નામે એક રૂબાઈ-સંગ્રહ પ્રકટ કરેલો. પાકિસ્તાનમાં ગુજરાતી ગઝલમંડળ, સાહિત્યસભા ને ગુજરાતી કલ્ચરલ એસોસીએશનની સ્થાપના ને સંચાલનમાં તેઓ અગ્રણી હતા. 'નયનધારા' એ એમનું પ્રથમ કાવ્યપુસ્તક. મસ્તીભરી ઉદાસીનતાનું એમાં કવન છે. તે પછી હતાશા ને દર્દના ચિત્કાર સમાં 'ખંડિત સમણાં' પ્રકટ થયું. પાકિસ્તાન રાઇટર્સ ગિલ્ડે ૧૯૬૧ના સર્વોત્તમ ગુજરાતી કાવ્યસંગ્રહ તરીકે તેને ૧૦૦૦ રૂપિયાનું ઈનામ આપી નવાજ્યું. માધ્યમિક શાળા માટે એમણે પાઠ્યપુસ્તકો પણ તૈયાર કરેલાં. છેલ્લાં બે વર્ષથી કેન્સરથી પિડાતા હતા. અને એમાં જ એમનો ઈન્તકાલ થતા પાકિસ્તાનના ગુજરાતી કાવ્યક્ષેત્રે એક તેજસ્વી તારક ગુમાવ્યો. અલ્લાહ મર્હૂમની રૂહને ગરીકે રહમત અને એમના બહોળા કુટુંબને સબ્રે જમીલ અતા કરે!

૧૯૯ ('કુમાર' અંક ૪૬૧)

બનફશા

હિમાલય ને કાશ્મીર તરફની આ વનસ્પતિનાં ફૂલનો ઉપયોગ હકીમો ગુલાબ જેટલો જ કરે છે. જર્મન, સ્વીસ અને ઑસ્ટ્રિયન વૈદકમાં પણ એના ઔષધીય ગુણોનો સ્વીકાર થયો છે.

બનફશાનો નાનો છોડ થાય છે. મેંદી જેવાં ઝીણાં પાન, ફૂલ અને ફળ સાથે એ આખો છોડ ઔષધ તરીકે ઉપયોગી છે. પણ વધુ તો એનાં ફૂલ વપરાય છે. એના પિત્તશામક અને કફઘ્ન ગુણને કારણે પિત્તજ વિકૃતિઓમાં ને ફેફસાંના રોગોમાં એનો ઉપયોગ થાય છે. દરરોજનો ઝીણો તાવ, ગમે ત્યારે પસીનો થઈ શરીરમાં થાક વરતાય, શરીર સૂકાતું જઈ કાળું પડતું જતું હોય, ચામડી રુક્ષ થતી હોય તેવા દર્દમાં બનફશાનું શરબત ગુણ કરે છે. આ ઉપરાંત, ગળો, શતાવરી, જેઠીમધ, ખડસલિયો, અને બનફશાનાં ફૂલને સમાન ભાગે લઇ, અધકચરાં ખાંડી એમાંથી એક તોલો ભૂકી રાત્રે પાણીમાં પલાળી રાખવી ને સવારે ઉકાળીને ચોળી-ગાળીને પી જવું. ગળેલા કૂચાને સાંજે ફરી ઉકાળીને એ પાણી ગાળીને પીવું.

વળી, કોઈ પણ પ્રકારના રક્તપિત્તજ વ્યાધિમાં રક્તસ્રાવ થતો હોય તો જેઠીમધ, અશોકછાલ, ધાણા ને અરડૂસી સાથે બનફશાનાં ફૂલની સમાન ભાગે ફાકી બનાવી ઘી સાકર સાથે બબ્બેઆની ભાર લેવાથી રક્તસ્તંભન થઈ લોહીમાંની પિત્તજ વિકૃતિ દૂર થાય છે.

બનફશાનાં ફૂલ, લોદર, સાચું નાગકેસર, ઈસબગુલ અને કમળકાકડીનું સમાન ભાગે બનાવેલું વસ્ત્રગાળ ચૂર્ણ સવાર સાંજ ઘી સાકર સાથે બબ્બેઆની ભાર ચાટવાથી સ્ત્રીઓના શરીરને ઘોઈ નાખતા પ્રદરમાં ફાયદો કરે છે. રતવામાં પણ બનફશાનું શરબત ગુણ કરે છે.


ગરમીથી મોંમાં પડતાં ચાંદાં, સોજો ને સ્વરભંગમાં બનફશા, જેઠીમધ, બહેડાની છાલ, હળદર ને બાવળની છાલનું ચૂર્ણ કરી સવાર સાંજ એક એક તોલા ચૂર્ણનો ઉકાળો પીવાથી તથા એમાં મીઠું નાખી દિવસમાં બેત્રણ વખત કોગળા કરવાથી ગળાની ફરિયાદો મટે છે.

વિદગ્ધાજીર્ણ ને પિત્તજ વિકૃતિથી થતા કબજિયાતમાં બનફશાનાં ફૂલ, વરિયાળી, ગુલાબનાં ફૂલ, કાળી દ્રાક્ષ ને હરડેનું મિશ્રણ પા પા તોલો સવાર-સાંજ પાણી સાથે લેવાથી મળની વિષ્ટબ્ધતા છૂટી જાય છે. ઉનાળામાં બનફશાનું શરબત ઔષધીય પીણું છે. 'ફુલુ'માં પણ બનફશાનાં ફૂલ, ખડસલિયો, હળદર, અરડૂસી, કાળીપાટ, મોથ અને ધમાસાને સમાન ભાગે અધકચરું ખાંડી એમાંથી એકએક તોલો રાતે પાશેર પાણીમાં પલાળી સવારે એનો ઉકાળો કરી ગાળીને પી જવો.

બનફશાનાં ફૂલ, બદામનાં મીંજ, દૂધીનાં બીજનાં મીંજ, ગુલાબનાં ફૂલ, તબાસિર, નિસાસ્તો, કતીરો, ગુંદર ને ધાણા (દરેક પોણા બે તોલા) તથા અનીસુલ અને રૂમી મસ્તકી (પા પા તોલો) લઈ એનું વસ્ત્રગાળ ચૂર્ણ બનાવી એને ઇસબગુલના લુઆબના ચીકણા પાણીમાં એક દિવસ લઢી પા પા તોલાની ગોળીઓ બનાવી લેવી. આવી એકથી બે ગોળી દૂધ પાણી કે બનફશાના શરબત સાથે લેવાથી શરીરની પોષણશક્તિ વધે છે ને પિત્તજ વિકૃતિ દૂર થાય છે. ફેફસાંના વરમ, મૂત્રપિંડની શિથિલતા ને કાસ જેવા વ્યાધિમાં પણ એ ગુણ કરે છે.

આમ, હકીમી જગતમાં વધુ જાણીતી આ ઔષધીને આપણે ઉનાળાની ઋતુમાં ગરમી સામે રક્ષણ મેળવવા અને શરીરની પ્રતિકાર શક્તિ વધારવા અપનાવવા જેવી છે. —પ્રવાસીમાં 'ચિકિત્સક'

જલસ્થલચર વાહન : હાઇડ્રોસ્કીમર



બાવીસ ટન વજનનું એલ્યુમિનીઅમનું આ તોતિંગ 'હાઇડ્રોસ્કીમર' પાણીની સપાટીથી બે ફૂટ અદ્ધર હવાની ગાદી પર ૭૦ નૅાટની ગતિએ દોડવા માટે સરજાઇ રહ્યું છે. જો કે જરૂર પડે એ જમીન પર પણ આ જ રીતે દોડી શકશે. ૬૨ ફૂટ લાંબું આ વાહન બેલ એરોસિસ્ટમ્સ કંપની દ્વારા અમેરિકન નૌકાદળને માટે તૈયાર થઇ રહ્યું છે. અને અત્યાર સુધીમાં તૈયાર થએલાં આવાં અમેરિકન વાહનોમાં એ સૌથી મોટું બનશે. ભવિષ્યમાં આવાં વેપારી કે લશ્કરી જહાજોની બનાવટ માટે ઉપયોગી સંશોધનાર્થે એનો ઉપયોગ થવાનો છે. ૧૦૮૦ હૉર્સપાવરનું એક એવાં ચાર મશીન ગેસ ટર્બાઈન ઍંજિન વડે ચાલતા ચાર પંખાઓ વડે એના તળમાં હવાની ગાદી સરજાઈ ને એ અદ્ધર ઉપડે છે અને પાછળના ભાગમાં ગોઠવાએલા બે પ્રોપેલર એને આગળ ગતિ આપે છે. ત્રણેક માણસનો કાફલો અને પાંચેક ટન જેટલું વજન ઊંચકી જવાની એમાં સગવડ અને તાકાત રહેશે. આશા રખાય છે કે આવતા વર્ષની લગભગ મધ્યમાં આ હાઇડ્રોસ્કીમર તૈયાર થઈ જશે.

ભારતીય પત્રકારત્વમાં વ્યંગચિત્રો

આજે તો ભારતનાં લગભગ દરેક દૈનિક અખબારોમાં કટાક્ષ-ચિત્રોનું કાયમી સ્થાન નિશ્ચિત થઈ ગયું છે.

પણ અખબારો છપાતાં થયાં એની યે પહેલાં બંગાળના લોકકલાકારો કટાક્ષમય ચિત્રો આલેખતા. કાલિઘાટના પાટુઆ તરીકે તેઓ ઓળખાતા. ચિતારાની આ કોમનું સ્થાન ઊતરતા દરજ્જાનું ગણાતું પણ આજના કલાકારો અને વિવેચકો એમની આલેખન શક્તિને વખાણે છે. આજના 'કાર્ટૂનો'નું પ્રતિનિધિત્વ તેમાં નથી, છતાં એમાં કટાક્ષની ભાવના તો સ્પષ્ટ જણાય છે. બહુપત્નીત્વ, મદ્યપાન, સામાજિક બંધનોનાં ઉચ્છેદન અને ઢીલા ચારિત્ર્ય જેવી હિંદી સમાજને પ્રતિકૂળ એવી બાબતો પરની ટીકા એમાં જોવા મળતી અને એ રીતે ઓછેવત્તે અંશે પણ સમાજને એક પ્રકારનું ઘડતર મળતું.

ભારતીય સામયિકોમાં વ્યંગચિત્રોની શરૂઆત ઓગણીસમી સદીના મધ્યકાળથી થઇ. એ શરૂઆત પણ કદાચ અંગ્રેજોએ જ કરી. 'પંચ' અને 'લંડન ચારીવારી' જેવા પત્રોની અસરે પરદેશમાં વસતા અંગ્રેજોને માટે પણ એવા પત્રોની જરૂરત ઊભી કરી. પણ એ કાળે અહીં કે બ્રિટિશ રાજના બીજા મુલકોમાં 'પંચ' વગેરે મેળવવાં સરળ તો નહોતાં જ. એટલે કેટલાક ઉત્સાહી પ્રકાશકો ને મુદ્રકોએ અહીંથી જ એવું સામયિક પ્રકટ કરવાની જવાબદારી ઉઠાવી. આ રીતે 'ધી ઇન્ડિયન પંચ' એ કદાચ ભારતમાં પ્રકટ થએલું પહેલું જ વ્યંગચિત્રમય માસિક હતું. '૫૭ના બળવા પછી બે વર્ષે, ૧૮૫૯ની પહેલી જાન્યુઆરીએ મિ. એલિયાસ નામના એક અંગ્રેજે એ પ્રકટ કરેલું. સંપાદકનું કે બીજા કોઇનું નામ એમાં આવતું નહિ એટલે એને વિષે માહિતી મળતી નથી. નાના સાહેબ, ઝાંસીની રાણી અને એ કાળનાં ઉચ્ચ સરકારી વ્યક્તિવિષેનાં તથા રાજકીય ને સામાજિક એમ બંને પ્રકારનાં વ્યંગચિત્રો એમાં પ્રકટ થતાં. એના આલેખકનાં નામ પણ અપ્રકટ જ રહેતાં.

ઇ. ૧૮૭૧માં કલકત્તાની ૭ ડૅક્રીસ લેન (Dacres Lane)માંથી 'ઇન્ડિયન ચારીવારી' નામક એક પખવાડિક શરૂ થએલું. એમાં પુષ્કળ ઠઠ્ઠાચિત્રો આવતાં. આ પત્ર અંગ્રેજો અને દેશી લોકોમાં ઘણું લોકપ્રિય થએલું. 'પંચ' અને 'લંડન ચારીવારી'ની શરૂઆતમાં થતું એમ આ પત્રોમાં પણ આત્મગોપનની ભાવનાથી જ કદાચ સંપાદકોનાં કે ચિત્રકારનાં નામ પ્રકટ થતાં નહોતાં.

આ ઉપરાંત, કલકત્તાથી એક દ્વિભાષી માસિક પણ નીકળતું. ૧૮૭૪ના જાન્યુઆરીમાં એનો પહેલો અંક બંગાળી ભાષામાં પ્રકટ થયો. 'હરબોલા ભાંડ' (a polygot wit) એનું નામ. બીજે જ મહિને એ 'હરબોલા ભાંડ' યા 'ન્યૂ ઇંડિયન પંચ' નામે દ્વિભાષી બની ગયું.

'બસંતક' અને 'પંચાનંદ' નામક બીજાં બંગાળી સામયિકો પણ આ ક્ષેત્રે જાણીતાં થએલાં. એમાંની શિષ્ટ અને ઉચ્ચ રમૂજવૃત્તિથી બંગાળી સમાજમાં એ વિખ્યાત હતાં. 'બસંતક'નો પ્રથમ અંક ઈ. ૧૮૭૪ની ૩૧મી જાન્યુઆરીએ પ્રકટ થએલો. એના સંપાદક અને ચિત્રકાર પણ અજ્ઞાત જ હતા, પણ પાછળથી મળતી માહિતી અનુસાર પ્રાણનાથ દત્ત એનું સંપાદન કરતા ને ગિરીન્દ્રનાથ દત્ત એમાં કાર્ટૂનો દોરતા એમ જાણવા મળે છે.

આ ઉપરાંત, લખનૌથી 'અવધ પંચ' ને મુંબાઈનું 'હિંદી પંચ' પણ સારી ખ્યાતિ પામેલાં. 'અવધ પંચ' તો ઉર્દુ ભાષાનું સૌ પ્રથમ વ્યંગચિત્રમય પત્ર હતું. ૧૮૭૭ની ૧૬મી જાન્યુઆરીએ એ શરૂ થએલું. મુનશી મુહમ્મદ સજ્જાદ હુસેન એના સ્થાપક હતા.

વીસમી સદીની શરૂઆતમાં હિંદમાં ને ખાસ કરીને બંગાળમાં કૅરીકેચરની કળાએ નવો જ વળાંક લીધો. વિખ્યાત ચિત્રકાર અવનીન્દ્રનાથ ટાગોરના મોટાભાઈ ગગનેન્દ્રનાથ ટાગોરનો એમાં ઘણો હિસ્સો હતો. વિષયોની પસંદગી અને રજૂઆતની સચોટતા માટે તેઓ વિખ્યાત હતા. અલબત્ત, તેઓ સામાજિક કટાક્ષ ચિત્રો જ કરતાં છતાં રાજકીય કટાક્ષ ચિત્રકારો કરતાં એમની શક્તિ સહેજ પણ ઊતરતી નહોતી જ Adrut Lok Birupba ra અને Noba Hullore (નવ હુલ્લોર) નામે એમનાં વ્યંગચિત્રોના સંગ્રહો પણ ૧૯૧૪થી ૧૯૨૫ દરમિયાન પ્રકટ થએલાં છે.

અને આજે ભારતીય પત્રકારત્વમાં વ્યંગચિત્રોએ પોતાનું આગવું સ્થાન જમાવી લીધું છે. પોતાની અદ્વિતીય નર્મશક્તિ વડે કેટલાક વ્યંગચિત્રકારોએ તો અમુક છાપાંઓમાં એને સૌથી વધુ આકર્ષક અંગ બનાવી દીધું છે.

આ જ રીતે ભવિષ્યમાં પણ વ્યંગચિત્રો ચાલુ જ રહીને પત્રકારત્વનું એક અનિવાર્ય અંગ બની રહેશે અને જો દુનિયાના બધા વ્યંગચિત્રકારો એક યા બીજા પ્રકારની અદાવતો ને ઘૃણાની અસર નીચે આવ્યા વિના કાર્ય કરશે તો હજી યે વધુ બોધક ને વધુ રમૂજી તથા આકર્ષક અંગ તરીકે તેનો વિકાસ થઈ શકશે.


(કમલ સરકારના 'હિસ્ટરી ઑાવ મૉડર્ન કેરીકેચર' 'નામે 'રીદમ'માંના એક લેખના ભાગ પરથી)

(મે ૧૯૬૨) ૨૦૦

'બૉન સાઈ' વિષે વધુ

ઠીંગણાં વૃક્ષો ઉછેરવાની જાપાની કળા 'બૉન સાઈ'નો થોડો પરિચય અગાઉ 'કુમાર'માં આવી ગયો છે. મર્યાદિત પોષણ અને વૃક્ષછોડનાં મૂળિયાંને વિકસવા માટેની મર્યાદિત જગ્યાની પરિસ્થિતિથી વૃક્ષો ઠીંગણાં બને છે. આવી રીતે વૃક્ષ ઉછેરવા માટે ખાસ પ્રકારનો ઢાળો તૈયાર કરવાની એક રીત 'બેટર હૉમ્સ ઍન્ડ ગાર્ડન્સ'માં આવેલી તે ઉપયોગી હોઈ અહીં ઉતારી છે.

અઢી પ્યાલા (કપ) સિમેન્ટ, અઢી પ્યાલા જાડી સાફ રેતી અને એક એક પ્યાલો કોલસો, લાકડાનો વહેર, સડેલ શાકભાજી, કોરો ચૂનો અને સખત પથ્થરની કાંકરીઓ (કુલ દસ પ્યાલા)નું કોરું મિશ્રણ કરવું ને પછી ધીરેધીરે તેમાં પાણી ઉમેરતા જઈ પીંડો બનાવવો. હવે એકાદ પતરા પર લગભગ અરધા ઈંચ જેટલો જાડો સળિયો ઊભો રાખી તેની આસપાસ આ મિશ્રણને આકૃતિ પ્રમાણેના ઢાળામાં ગોઠવી દેવું. સાથોસાથ ઢાળાના ઉપલા ભાગ પાસે સળિયામાં પરોવીને એક મોટો બટાટો પણ રાખવો. (જુઓ આકૃતિ) હવે આ ઢાળાને આમને આમ પાણીમાં મૂકી દો. આઠ-દસ દિવસ પછી એને પાણી બહાર કાઢી સળિયો ખેંચી લેવો. ને બટાટાને કોરી કાઢવો. બટાટાને લીધે ઢાળામાં બનેલા પોલાણમાં કૉમ્પોસ્ટ ખાતર અને રેતીનું મિશ્રણ તથા તેમાં જે વૃક્ષ વાવવું હોય એનો નાનો રોપ રોપી દેવો. હવે આ ઢાળાને દસેક ઇંચના પહોળા ને દોઢેક ઈંચ ઊંડા તાસકમાં મૂકી ચારે પાસ પાણી ભરી દેવું. રોપ ખુલ્લી હવામાં, પણ સખત તાપ, પવન અને વરસાદથી દૂર રાખવો. જે તે પ્રદેશમાં થતાં વૃક્ષો આ રીતે વધુ સારી રીતે ઊગે છે.



—સિદ્ધાર્થ ન. ત્રિવેદી

કાગળની દુનિયા

કાગળ એ ફાડી ડૂચો વાળી શકાય તેટલો નરમ છે એ વાત હવે ભૂલી જવી જોઈએ. બીજા વિશ્વયુદ્ધ સમયે અમેરિકન લશ્કર માટે યુદ્ધભૂમિના નકશા દોરવા સારુ શોધવામાં આવેલો ખાસ કાગળ એટલો બધો મજબૂત હતો કે તે ભીનો હોય ત્યારે પણ તેના પરથી ફરી જતી લશ્કરી ટૅન્ક તેને કંઈ અસર કરી શકતી નહીં. લશ્કરના સૈનિકોના લોખંડી એડીવાળા બૂટ નીચે સતત ચગદાવા છતાં એ કાગળ આખો ને આખો રહેતો! સુંદર ચિત્રકામવાળા મોટા ભીંત–કાગળથી ઘરની દીવાલો અને છતો શણગારાય છે એ વાત જાણીતી છે. પણ હવે આવા ભીંત–કાગળમાં સુશોભનની સાથે ઉપયોગિતાનું તત્ત્વ પણ ઉમેરવામાં આવ્યું છે. એવા કાગળ શોધી કાઢચા છે જે પોતાની સપાટી પર ધૂળ જ ચોંટવા દેતા નથી! બીજી જાતનો એક ભીંત–કાગળ માખીના ત્રાસમાંથી મુક્તિ આપે છે. એના પર માખી બેસે કે તરત જ મરી જાય છે! શરીર શણગારવા માટે કાગળનાં કપડાં પણ હવે શોધી કાઢચાં છે. આ કપડાં એક વખત પહેરીને ફેંકી દેવાનાં હોય છે. આ કપડાં કાપડ કરતાં સરવાળે સસ્તાં પડશે એવો દાવો છે, કારણ કે ઝડપીમાં ઝડપી યંત્ર-સાળ કરતાં પણ આ જાતનો કાગળ બનાવનાર મશીન લગભગ ઓગણીસ ગણી વધારે ઝડપથી કામ કરે છે.

કાગળનાં નેપકીન અને હાથરૂમાલ તો સૌએ જોયાં હશે. પણ કાગળની એક શોધ એવી છે જેમાં કાગળ માત્ર હાથરૂમાલનું નહીં પણ સાબુ અને પાણીનું પણ કામ કરે છે. ચામડી સાફ કરનારા દ્રાવણમાં બોળેલા કાગળના ટુકડાને દીવાસળીની પેટી જેવડી નાની પેટીમાં બંધ કરી રાખવામાં આવે છે. એ કાગળ ભીનો રહે છે. જ્યારે તમારે હાથ કે મોં સાફ કરવાં હોય ત્યારે તમારે પેટી તોડી તેનાથી હાથ અને મોં લૂછી લેવાનાં હોય છે. ભીનું દ્રાવણ ગણતરીની સેકંડોમાં ઊડી જાય છે અને તમારાં હાથ અને મોં તાજાં જ ધોયાં હોય એવાં સ્વચ્છ થઈ જાય છે. કાગળની વાડ બાંધી શકાય એવું કલ્પનામાં પણ આવે છે? અમેરિકામાં ધાતુના સળિયાની મદદથી ક્રાફ્ટ-પેપરની વાડ બનાવવામાં આવી છે અને તે પીંછા જેવા બરફને ઘર તરફ આવતો રોકી રાખે છે.

દરિયો ખેડનારા માટે કાગળના શઢનો પ્રયોગ પણ થઈ રહ્યો છે. ગમે તેવાં તોફાનોમાં પણ ટકી રહે તેવા મજબૂત કાગળના શઢની શોધ એક અમેરિકન કંપની કરી રહી છે આ સફળ થશે તો કાપડ જેટલો જ મજબૂત શઢ લગભગ અરધી કિંમતે મેળવી શકાશે. સામાન્ય કાગળને ફાડીએ કે ડૂચો વાળીએ તો અવાજ થાય. પણ અમેરિકામાં સિનેમાગૃહોમાં વેફર તેમ જ ધાણીનાં પડીકાં તોડી ખાનારા જ્યારે પડીકાં તોડતા ત્યારે તેના અવાજથી પ્રેક્ષકોને ખલેલ પડતી. આ માટે હવે એવો કાગળ શોધાયો છે જેને ફાડતાં કે ડૂચો વાળતાં સહેજ પણ અવાજ થતો નથી. રેડિયો પર સમાચાર વાંચનાર માટે પણ આ ધ્વનિ-રહિત કાગળ ખૂબ ઉપયોગી નીવડચો છે. મોટા મેળાવડાઓના મંડપની સજાવટ માટે કાગળ મોટા પ્રમાણમાં વપરાય છે. તે માટે આગ ન લાગી જાય એવા કાગળ પણ શોધવામાં આવ્યા છે. આનાથી ઊલટો એવો કાગળ શોધાયો છે જે તરત જ સળગી જાય એટલું જ નહીં પણ સળગી ગયા પછી તેની રાખ પણ પડી ન રહે. જાસૂસો માટે આ જાતનો કાગળ ખૂબ જ ઉપયોગી થઈ પડચો છે, કારણ કે તેમની પર આવતા ખાનગી કાગળિયાંનો તેમણે વાંચીને સદંતર નાશ કરવાનો હોય છે.

સામાન્ય રીતે કાગળ ઝાડના માવામાંથી બને છે. પણ કાગળમાં પ્લાસ્ટિક, રબર અને બીજાં રાસાયણિક દ્રવ્યો નાખી હવે એવો બનાવવામાં આવ્યો છે કે કેટલીક વખત તેને કાગળ સ્વરૂપે ઓળખી શકાતો પણ નથી. કેટલીક જાતનો કાગળ તો માત્ર પ્લાસ્ટિકમાંથી જ બનાવવામાં આવે છે! એક સમય એવો દાવો છે કે એક સમય એવો આવશે કે જ્યારે આપણે કાગળ બનાવવા માટે જંગલો કાપવાની જરૂર નહીં રહે. પણ ત્યાર પછી શું? કાગળની આ દુનિયા ક્યાં અટકશે? કે પછી આખી દુનિયા જ કાગળની થઈ જશે?

(લોકજીવન) —જિતેન્દ્ર દેસાઈ

નવાં મકાનોની આકૃતિઓ માટે યાંત્રિક મગજો

સ્થપતિઓને મકાનોની આકલ્પન ઉપરાંત તેવી આકૃતિઓ દોરવાનું તથા તેને લગતાં લાંબાં ગણિતો કરવાનું જે કામ કરવું પડતું તે હવે યાંત્રિક મગજો અમેરિકામાં કરશે. હાથ વડે એક જ વિકલ્પની ગણતરીપાછળ થતા ખર્ચના એક ટકા જેટલા ખર્ચમાં એક ઈજનેર યાંત્રિક મગજના ઉપયોગ વડે હવે સો જેટલા વિકલ્પો, તૈયાર કરી શકે છે. એ ઉપરાંત નકશાઓનું આલેખન, જરૂરી માલની ખરીદી અને અંદાજો ઈત્યાદિ કાગળ પરનું બધું જ કામકાજ યંત્ર દ્વારા જ કરવામાં આવશે.

ℂ ઘોંઘાટ માણસની તંદુરસ્તીને હાનિ કરે છે એ તો હવે સિદ્ધ હકીકત છે. નિરંતરનો ઘોંઘાટ માણસને માદક પદાર્થોનું સેવન અને વિચારહીન કાર્યો કરવા પ્રેરે છે. ઉપરાંત એનાથી માનસિક નબળાઇ પણ આવે છે. જર્મનીમાં આ માટે કડક કાયદાઓ છે. ઍરોડ્રોમ ને મોટાં કારખાનાંઓથી વસતિને દૂર વસાવાય છે. દેવળો, નિશાળો ને ઇસ્પિતાલોને માટે ખાસ સ્થળો નક્કી કરાય છે. વાહનો પણ ઓછામાં ઓછા અવાજ કરે એવાં બનાવાય છે તથા ધોરી માર્ગો પણ વસતિથી દૂર રખાય છે.

—યુ. પી. એસ.

વિલિયમ બ્લેઈક (અનુસંધાન પૃષ્ઠ ૧૬૫થી) પડયો, અને થઈ રહ્યું! સામેથી બ્લેઈક એના પર ઊકળી ઊઠયો! એને તેણે છડેચોક ઉતારી પાડયો. મિત્ર હેયલેને તેણે દુશ્મનપદે સ્થાપ્યો અને ગાયું:

'My friendship oft has made my heart to ache;
So be my enemy for friendship's sake.'

(મારી જ મૈત્રી મુજ હૈયું દૂભવે,
છો દુશ્મની કેવળ સંભવે હવે!)

બ્લેઈકને સ્વાતંત્ર્ય તરફ પ્રથમથી જ હમદર્દી હતી. હજી પોતે એન્ગ્રેવરને ત્યાં શિખાઉ તરીકે કામ કરતો હતો ત્યારે પણ, અમેરિકામાં ચાલતા બ્રિટિશવિરોધી યુદ્ધ વખતે તે અમેરિકન સંસ્થાનવાસીઓની સ્વતંત્રતાની તરફેણ કરતો. ફ્રેન્ચ ક્રાંતિનો જુવાળ ફાટી નીકળ્યો ત્યારે ફ્રેન્ચ પ્રજાની સ્વતંત્રતાની ભાવના તેને મન વસી ગઈ અને ફ્રાન્સના સ્વાતંત્ર્યની ભાવનાથી પ્રેરાઇને તે લંડનની શેરીઓમાં માથે સ્વાતંત્ર્યની લાલ ટોપી ઓઢીને ઘૂમતો! વળી તેણે 'ધ ફ્રેન્ચ રેવોલ્યુશન' અને 'એ સૉંગ ઑવ લિબર્ટી' નામે કાવ્યો લખ્યાં. 'ધ સૉંગ્સ ઑવ ઇનોસન્સ' એ તેનું આ વખતનું કાવ્ય-પ્રકાશન. એમાં તેનું શ્રેષ્ઠ કાવ્યત્વ ઝળકે છે. અહીં વિસંવાદનો ઓછાયો સરખો નથી. પ્રસાદ અને પ્રસન્નતાથી તેની આ કવિતા સભર છે. સુકોમલ ને મધુર આશાનું તેમાં સહજગાન છે, અને તેની ભાષા પણ એટલી જ સરળ ને સુવાહ્ય છે.

પરંતુ બ્લેઇકે જોયું કે ફ્રાન્સની લોકક્રાંતિનું પરિણામ આવ્યું નેપોલિયનની સમ્રાટશાહીમાં. આથી જનસ્વાતંત્ર્યની તેની આશાના ચૂરેચૂરા થઈ ગયા. આ નિરાશાનો આઘાત હવે તેણે 'સૉંગ્સ ઑવ એકસ્પારિયન્સ'માં ઠાલવ્યો. એમાં 'સૉંગ્સ ઑવ ઇનોસન્સ'નાં તેનાં સપનાં હારેલાં છે. 'સૉંગ્સ ઑવ ઇનોસન્સ'માં તેણે ગાયું હતું:

'Mercy has a human heart,
Pity a human face.'

(કારુણ્ય એ તો વર માનવી ઉર,
દયાર્દ્રતા એ વર માનવી મુખ.)

જ્યારે 'સૉંગ્સ ઑવ એક્સ્પીરિયન્સ'માં હવે તે ગાય છે.

'Cruelty has a human heart,
And jealousy a human face.'

(છે ક્રૂરતા કુત્સિત માનવી ઉર,
ઈર્ષ્યા અને કુત્સિત માનવી મુખ.)

પોતાના રાજકીય સ્વાતંત્ર્યવાદી વિચારોથી જગતભરમાં ચકચાર ફેલાવનાર અને આડકતરી રીતે ખુદ ઈંગ્લંડની રાજાશાહીને પડકારનાર ટૉમસ પેઇનને, તેના પર બ્રિટિશ રાજ્ય તરફથી ગિરફતારીનું વૉરન્ટ છૂટે તે પહેલાં દસ મિનિટ ગુપચુપ ફ્રાન્સ ચાલ્યા જવાની સૂચના આપનાર પણ બ્લેઈક હતો. ઈ. ૧૮૦૫માં તો તેના સ્વાતંત્ર્યવાદી વિચારો માટે અને તેવો દેખાવ કરવાના આરોપસર તે ગિરફતાર પણ કરાએલો. પરંતુ રાજકીય ચળવળ એ કંઈ તેનું જીવનકાર્ય નહોતું; અલબત્ત એ તેનો અલ્પકાલીન વ્યક્તિગત શૉખ બની હતી ખરી.

તેનું ચિત્ત તો ચોંટેલું 'પ્રૉફેટિક બુક્સ'નાં રહસ્યમય કાવ્યો લખવામાં. એ કવિતા સમજવી અઘરી પડે તેમ છે અને કયાંકકયાંક તે દુર્બોધ પણ બની જાય છે; પરંતુ તેના અમુક ફકરા તો કોઇ અલૌકિક ઘેરો ગૂઢ ભાવસ્પર્શ કરાવી જાય છે.

ઈ. ૧૮૦૩ના અરસામાં બ્લેઈક લંડન આવ્યો એ પછી તેણે ખૂબ જ ઓછું સાહિત્યસર્જન કર્યું. ઈ. ૧૮૦૯ના મેથી સપ્ટેમ્બર સુધી તેણે પોતાની કૃતિઓનું એક પ્રદર્શન પણ તેનાં જન્મસ્થાને, હાલના તેના ભાઇને ઘેર ભર્યું હતું. ચિત્રો વિષે સમજણ આપતું એક માહિતીપત્ર પણ સાથે બહાર પાડવામાં આવેલું. એમાં તેણે પોતાનાં ચિત્રો વિષે ઘણું મૂલ્યવાન માર્ગદર્શન તેના લાક્ષણિક સીધા, સબળ અને મુક્તકાત્મક ગદ્યમાં કર્યું છે. કવિ રૉબર્ટ સધી એ પ્રદર્શન જોવા ગએલો. એને તો આ બધું ચિતરામણ બ્લેઇકે ગાંડપણની ક્ષણોમાં કર્યું હોવાની પાકી ખાતરી થઈ ગઈ! અને કવિ લે હન્ટે ઘેટાં પર વરુ ત્રાટકે એવો હિંસક હુમલો બ્લેઈકની કલા પર પોતાના વિવેચન દ્વારા કર્યો. જ્યારે ચાર્લ્સ લૅમ્બે તેની ભવ્ય રહસ્યમય કલાનો હાર્દિક પુરસ્કાર કરેલો.

ઈ. ૧૮૧૮ના અરસામાં જહૉન લિનલ અને સૅમ્યુઅલ પામર જેવા જુવાન કલાકારો તેના મિત્રો અને શિષ્યો બન્યા. લિનલ પોતે ગરીબ હતો, પરંતુ તે આ બુઝુર્ગ કલાસ્વામીની પ્રતિભાને સારી રીતે પિછાનતો હતો. આથી તેણે 'બુક ઑવ જૉબ'ને માટે અલ્પસાધન બ્લેઈકને ડિઝાઇનો કરવા આપ્યાં અને તેનું સારું વળતર પણ આપ્યું. આ વખતે બ્લેઈક જીવનમાં પહેલી વાર આર્થિક ચિંતાઓમાંથી મુક્ત થયો. આવી મળેલા મિત્રો-શિષ્યોના સંપર્કે વિરોધી વાતાવરણથી ખિન્ન થએલા તેના માનસને શાંતિ ને રાહતનો અનુભવ કરાવ્યો. પ્રસ્તુત 'બુક ઑવ જૉબ'નાં એ આલેખનો તેની સુંદરતમ કૃતિઓ છે. ઈ. ૧૮૨૨માં રૉયલ ઍકૅડેમીએ તેને ૨૫ પાઉંડની ગ્રાન્ટ આપી. આ જ વર્ષે તે ઈટાલિયન ભાષા પણ શીખ્યો.

હવે કર્તવ્યપૂર્તિના સંતોષની ઝલક તેના ચહેરા પર સ્થિર થઈ હતી. આર્થિક સંકડામણમાંથી પણ તે લગભગ નિવૃત્ત થયો હતો. અંતે ઊંડી અને સઘન શાંતિની ક્ષણોમાં, ૭૦ વર્ષની વયે ઈ. ૧૮૨૭ની ૧૨મી ઑગસ્ટે કોઈ મધુર ગાન આલાપતાં તેણે છેલ્લો શ્વાસ મૂકયો.

બ્લેઈકને કોઇ સંતાન નહોતું, અને તેના મૃત્યુ પછી ચોથે વર્ષે કૅથેરાઈનનું પણ અવસાન થયું. બ્લેઈક પોતાની પાછળ આલેખનોનો વિરાટ સંગ્રહ, અને કહે છે કે એકસો જેટલા ગ્રંથો ભરાય તેટલાં કાવ્યો મૂકતો ગયો છે, જેનો આજ સુધી કોઈ પત્તો નથી. (ચાલુ)

આ માસ (મે) ઇતિહાસમાં

વ્યક્તિવિશેષ : બાલ્ઝાક

ઘણાને મતે ફ્રાંસનો સર્વોત્તમ નવલકથાકાર ગણાતો બાલ્ઝાક–હૉનરી દ બાલ્ઝાક ઈ. ૧૭૯૯ની ૨૦મી એ જન્મેલો. પિતા રીપબ્લિકન સૈન્યમાં અમલદાર હતા. અનેક શિક્ષકો, વિદ્વાનો ને વકીલો પાસે એણે જ્ઞાન મેળવવા ઉમેદવારી કરી. ભણતરમાં એ બહુ હોશિયાર નહોતો.



વકીલાત કરવાની દાનત તો હતી જ નહિ અને સાહિત્યનો પંથ સરળ તો નહોતો જ. શરૂઆતની લગભગ ૪૦ જેટલી કૃતિઓ એણે મિત્રોની સહાય સાથે અને તખલ્લુસ નામ હેઠળ લખી. ઇ. ૧૮૨૫થી'૨૮ દરમ્યાન એણે પ્રકાશક મુદ્રક ને ટાઈપ ફાઉન્ડર તરીકે પણ કામ કરી જોયું. પણ એમાં પુષ્કળ દેવું થઈ ગયું.

અત્યાર સુધીના ઢગલાબંધ લખાણે પણ એને કંઇ ખાસ નામના અપાવી નહોતી. પણ 'ધી કોઆન્સ' નામે નવલકથાથી અને તે પછી 'ધી વાઈલ્ડ એસિઝ સ્કીન'થી સાહિત્યક્ષેત્રમાં એનું નામ ઉમેરાયું.

પછી તો એણે ખૂબ લખવા માંડયું. વીસેક વર્ષમાં એણે લગભગ નેવું જેટલી નવલકથાઓ લખી. લખાણના આવા મોટા ફાલ પાછળ એનું શારીરિક જોમ અને દેવું પતાવી દઈ નિરાંતે સુખમાં જીવન ગાળવાની ઈચ્છા પણ કારણભૂત હોવાનું મનાય છે. જીવનભર એને અનેક મિત્રો તરફથી સહાય અને પ્રોત્સાહનો મળતાં રહેલાં, જેમાં માદામ હાન્સ્કા નામની એક પૉલિશ બાઈ મુખ્ય છે. ઈ. ૧૮૩૩માં એ એને મળી. પોતાના અવસાન પહેલાં થોડા વખત પર જ બાલ્ઝાકે એ બાઇ સાથે ઇ. ૧૮૫૦માં લગ્ન કરેલાં. દરમ્યાનમાં સત્તર વર્ષ સુધી એ બંને વચ્ચે જે સતત પત્રવ્યવહાર ચાલેલો એનું સાહિત્ય અને આત્મચરિત્રની દષ્ટિએ ઘણું મુલ્ય છે. બાલ્ઝાકના મરણ પછી ઘણે વર્ષે એ પત્રો પ્રકટ પણ થયા છે.

એની સંખ્યાબંધ નવલોમા યુજિત ગ્રાંદેત ફાધર ગોરિયોત, સિઝર બિરોટો અને કઝિન બેટ્ટી નોંધપાત્ર છે. પણ આમાં 'ધ હ્યુમન કૉમેડી' સર્વોત્તમ છે. એની કથા જુદાજુદા વિભાગોમાં વહેંચાએલી એક લાંબી માળામાં લખાઇ છે. ૧૯મી સદીના પ્રથમ અડધના ઉચ્ચ ઉમરાવોથી માંડી ગામડાના રંક, દાક્તર, પાદરી, વકીલ, વેપારી, પત્રકાર કે સરકારી અમલદાર વગેરે એકેએક થરમાંથી આવતાં પાત્રો ને તત્કાલીન સમાજનું ખૂબ જ ઝીણવટ ભર્યું ને જીવંત વર્ણન ભરેલી આ કથા દ્વારા એણે ત્યારના ફ્રાંસનો ઘણો અચ્છો ખયાલ આપ્યો છે. માણસના જીવન પર અને એના શારીરિક વ્યક્તિત્વ પર એની આસપાસના સમાજની, એની પોતાની ઈચ્છા ને લાગણીઓની ઊંડી અસર પડે જ છે એમ બાલ્ઝાક માનતો અને એટલે જ એ એનાં પાત્રની સાચી ઓળખ આપવા એના વ્યક્તિત્વનું ને એની આસપાસના વાતાવરણનું ઘણું ચીવટપૂર્વક વર્ણન કરે છે. આ દષ્ટિએ એની આ કથા શ્રેષ્ઠ ગણાઇ છે. એમાંથી જોવા મળતું એનું માનવ અનુભવોનું બહોળું ને ઊંડું જ્ઞાન, સર્જક કલ્પનાશક્તિ ને તીવ્ર અવલોકનોની રોચક રજૂઆતને લીધે એ ફ્રાંસનો સર્વોત્તમ નવલકથાકાર ગણાય છે. ૫૧ વર્ષની વયે એ મૃત્યુ પામ્યો.

પ્રસંગવિશેષ : સંત ફ્રાન્સિસ ઝેવિયરે ભારતમાં પગ મૂકયો. તા. ૬ઠ્ઠી મે ૧૫૪૨

ભારતમાં ખ્રિસ્તી ધર્મને દઢમૂલ કરી એ ક્ષેત્રે નિરામય પદ્ધતિએ અગ્રણી ને અગ્રયાયી સેવા બજાવનાર સંત ફ્રાન્સિસ ઝેવિયર 'ભારત અને જાપાનના ખ્રિસ્તી પયગંબર' ગણાય છે. સંત ઈગ્નેશિયસના 'ઈસુ સેવક સમાજ' (સર્વન્ટ્સ ઑવ જીસસ)ના પહેલા સાત સ્થાપક સભ્યોમાંના એક ઝેવિયર પૉર્ટુગાલના રાજા જ્હૉન ત્રીજાની તથા ઇગ્નેશિયસની ઇચ્છાથી ધર્મપ્રચારાર્થે ઈ. ૧૫૪૨ની ૬ઠ્ઠી મે એ ભારતમાં ગોવા મુકામે આવ્યા. અને ત્યારથી જ ઓછામાં ઓછો પરિગ્રહ રાખી, દીનદુખિયાંની સેવા અને ધર્મપ્રચાર અર્થે એમણે દક્ષિણ અને પશ્ચિમ હિન્દ જ નહિ, છેક જાપાન સુધીની મંજલ કરી. આવી એક સફરમાં સેન્ટ જ્હૉન ટાપુ પર ઈ. ૧૫૫૨માં એમનું અવસાન થયું. ત્યાં જ એમની દફનક્રિયા થઈ. પાછળથી એમના શબને એક બે સ્થળે ફેરવ્યા બાદ ગોવામાં લાવવામાં આવ્યું. આશ્ચર્ય છે કે વારંવારની ફેરવણી અને તે બાદ દર દસ વર્ષે દર્શનાર્થે બહાર કઢાતા આવેલા એ શબમાં હજી સુધી કોઈ સડો પેઠો નથી. ચમત્કારોની બીજી પણ અનેક વાતો એમના જીવન સાથે સંકળાએલી છે. આ દેશની પછાત જાતિઓનો ઉદ્ધાર કરનાર આ ખ્રિસ્તી સંતનું કાર્ય ભલે એકપક્ષી અને પ્રચારલક્ષી ગણાય, પણ અહીંના લોકોની જીવનસેવા ને જ્ઞાનવિજ્ઞાન-સંસ્કાર સેવા કરવામાં તેમનો આંશિક તથા નક્કર અને અગ્રગણ્ય ફાળો છે, તે નકારી શકાય તેવો તો નથી જ.

સહજ મિલા સો દૂધ બરાબર, માંગ લીઆ સો પાની;
ખીંચ લિયા સો લોહી બરાબર, કહત કબીરા વાણી.

કવિ માઘ પાસે એકદા એક દરિદ્ર બ્રાહ્મણે આવીને પોતાની પુત્રીના લગ્ન માટે અર્થસહાય માંગી. માઘ પણ એ વખતે તંગ દશામાં હતા, છતાં બ્રાહ્મણની જરૂરિયાતથી દ્રવિત થઈ ઘરમાંથી કાંઇક આપવા માટે ચોતરફ નજર ફેરવી તો ઊંઘતી પત્નીના હાથ પરનું કંકણ દૃષ્ટિએ પડયું. હીંચકા પરથી લટકતા એ હાથમાંથી હળવેથી કંકણ સેરવી લઈ કવિએ તે બ્રાહ્મણને આપી દીધું. ત્યાં તો કવિપત્ની જાગી ઊઠી અને તેણે બીજા હાથમાંનું કંકણ ઉતારી આપતાં કહ્યું: 'સ્વામી, એ એક કંકણથી એની જરૂરત પૂરી નહિ પડે; આ બીજું પણ એને સહર્ષ આપી દો.'

અનેકાર્થી શબ્દ: **માંડવી**=ઊઠવા-બેસવાની બેઠક; રવેશ કે ઝરૂખો; મગફળી (નો છોડ); ગામના મપારાનો લાગો; જકાત, દાણ; (તે પરથી) દાણ કે લાગો લેવાનું સ્થાન–ટોલનાકું; ધર્મગુરુ કે મોટા માણસની નનામી; નવરાત્રીમાં મૂકાતી ગરબી; ફૂરજો કે બંદર (વહાણવટાની ભાષામાં); યોગની પચીસ માંહેની એક મુદ્રા; એ નામની એક દેવી; વિરતિ; શહેર કે મહોલ્લા વચ્ચેનું ચકલું–બજાર; કુશધ્વજ રાજાની એકપુત્રી જે દશરથના પુત્ર ભરતને પરણેલી.

બાળવાના કોલસા હવાઉજાસવાળા અને ભેજરહિત જગ્યાએ રાખવા, કારણ હવાની ગેરહાજરીમાં એમાંનો ગૅસ નીકળતો જતો હોઈ તે ઓછા તાપે જલદી બળી જાય છે.



કલાકણિકા: સફેદ અને આસમાની ભાતમાં ઈસ્લામી અસરવાળી પંદરમી સદીની સ્પેનની કારીગરીની ૧૭ ઈંચ વ્યાસની તશતરી


ખોટી માન્યતા: ગરોળી ઝેરી હોવાની માન્યતા ખોટી છે. ખોરાકનું ઝેર ચડે છે તે ગરોળી કે સાપનું થૂંક પડવાના કારણે નહિ, પણ વાસણનો કાટ લાગવાથી કે વાસી ખોરાક ખાવા જેવાં કારણોથી ચડે છે.

કહેવતોના અર્થ: 'શૅાકયનું રોવું ને નેસ્તીનું સોવું.' બંને દંભી અથવા ફંદી–ફંદવાળાં. શૅાકયનું રુદન સાચી લાગણીના ઊભરાનું ન હોય! કાં તો દુનિયાને દેખાડવાનું હોય યા તો તેની પાછળ કાંઇ ફંદ હોય; એ જ રીતે નેસ્તી–મોદી કોઇ અનાજ કે ખાદ્ય વસ્તુ ઝાટકીને આપે ત્યારે તેમાં પેચ રહેલો જ હોય એવો આ કહેવતનો વ્યવહારબોધ છે.

આપણે
હાથમાં હાથ મેળવીને
આગળ વધીએ
'એકની પાછળ બીજો'
એ રીતે નહિ

કમરથી માથા સુધી પ્લાસ્ટર ને પાટાપિંડીથી વીંટળાએલા એક ઘાયલ સૈનિકને બીજા વિશ્વયુદ્ધના મોરચા પરથી વિમાનમાં તેને વતન લઈ જતા હતા. વિમાન ઊપડતી વખતે અફસરે સૌ જખમી સૈનિકોને સમજાવ્યું કે રસ્તામાં દુશ્મનો જો એ વિમાનને તોડી પાડે તો પાણીમાં તરવાનાં બોયાં પહેરીને વિમાનમાંથી કેવી રીતે કૂદી પડવું. અને છેવટે પૂછયું હવે કોઇને કાંઈ પૂછવું છે? પેલા પ્લાસ્ટરમાં જકડાએલા સૈનિકનો અવાજ સંભળાયો: 'સાહેબ, તમે બધા કૂદી પડો તે પછી મારે વિમાનને શું કરવું તેની કાંઈ સૂચના છે?


આરસપહાણ પર પડેલા ડાઘ લીંબુના રસમાં મીઠું મિલાવી તે પર અરધો કલાક લગાડી રાખીને પછી ધોવાથી જશે.



હથોડીના હાથામાં બતાવ્યા પ્રમાણે છેડે નાનું લોહચુંબક બેસાડી રાખવું. ઘણી વાર બહુ ઉપયોગી સાબિત થશે



જ્યોર્જ ઈન: ડિકન્સના 'પિકવિક પેપર્સ'માં ઉલ્લેખાએલું સાઉથવાર્કમાં આવેલું આ મકાન ટપાથી થતી સફરો વખતનું લંડનનું છેલ્લું મુસાફરખાનું છે. ઈ.સ.૧૬૭૬માં એ બંધાએલું.



ધોંસથી બચવા માટે નાસતા ગુનેગારો જ્યારે દેવળનો આશ્રય (સૅન્ક્ચુઅરી) લેતા એ કાળની યાદ આપતું આ 'સૅન્ક્ચુઅરી નૉકર' (દરવાજો ખટખટાવવાનું કડું) આજે યે ડરહામ કૅથિડ્રલના મુખ્ય દ્વાર પર જોવા મળે છે.

પ્રેસ્ટન નામનાં ૪૯ જેટલાં સ્થળો બ્રિટનમાં છે. પ્રીસ્ટ (પાદરી) માટેના ઍન્ગ્લો સેક્સન શબ્દ 'પ્રેએસ્ટ' પરથી એ શબ્દ આવેલો છે.



ગ્રેઈટ યાર્મથ મુકામે 'સાઉથ કી' લત્તામાં નં. ૪ના (ઈ.સ. ૧૫૯૬માં બંધાએલા) આ મકાનનો મોરો આજે તો બદલાઈ ગયો છે. ક્રૉમવેલ અહીં ઘણીવાર આવતો, અને અહીં જ ચાર્લ્સ પહેલાના વધનો નિર્ણય લેવાએલો.



ઉત્તર આયર્લૅન્ડના ઍન્ટ્રિમ પરગણાના ડનલ્યૂસ કૅસલ (કિલ્લા)ના અવશેષો ભૂતિયા કહેવાય છે.

અજાણ્યું બ્રિટન (સંપાદક આર્કિબાલ્ડ: જૉન હડસન)